ISSN 2250 – 0391
CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

स्वाध्याय

पाण्डुलिपि विशेषाङ्क

पुस्तक ५६, वर्ष २०१९

संपादक
श्वेता प्रजापति



सत्यं शिवं सुन्दरम्
Estd. 1949
Accredited 'A' Grade by NAAC

प्राच्यविद्यामन्दिर
महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh
ISSN 2250 - 0391

स्वाध्याय

SVĀDHYĀYA

पाण्डुलिपि विशेषाङ्क

Issue No. 56, Year 2019

Editor
Dr. Sweta Prajapati

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्
Estd. 1949

Accredited 'A' Grade by NAAC

प्राच्यविद्यामन्दिर

Oriental Institute
The Maharaja Sayajirao University of Baroda
Vadodara - 390 001

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ISSN 2250 - 0391

Svadhyaya

Referred and Blind 'Peer-reviewed' Annual Multilingual Research Journal

Issue No. 56, Year 2019

Editor

Dr. Sweta Prajapati

Advisory Board

Prof. Ramakant Pandey
Dept. of Sahitya, Central Sanskrit University, Jaipur - Campus, Jaipur

Prof. Rabindrakumar Panda
Dept. of Sanskrit, Pali & Prakrit, The Maharaja Sayajirao University of Baroda, Vadodara

Prof. Mansukh Moliya
Head, Dept. of Sanskrit, Saurashtra University, Rajkot

Dr. Bharat Pandya
Dept. of Gujarati, The Maharaja Sayajirao University of Baroda, Vadodara

Editorial Board

Dr. J. K. Umrethiya
Dr. Ramanath Pandey
Dr. Sharmila Bagchi
Dr. Vipul Patel
Dr. Nandkishor Mishra

Address

Director
Oriental Institute
Opp. Palace Gate, Palace Road
The Maharaja Sayajirao University of Baroda, Vadodara - 390 001
Phone: (+91-265) 2425121, **(M)**: 9898472669
E-mail : director-oriental@msubaroda.ac.in
Website : www.msubaroda.ac.in

Subscription : ₹ 150/- Annual (For India) / $ 50 Annual (For Foreign Countries)

Note: The statements and views expressed by the authors of articles in this journal are their own and not necessarily of the Editorial Board.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

पुरोवचन

प्राच्यविद्यामन्दिर, महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा द्वारा प्रकाशित संशोधन पत्रिका ''स्वाध्याय'' का यह ५६वाँ अंक **''पाण्डुलिपि विशेषांक''** के रूप में आप सभी विद्वानों के समक्ष प्रस्तुत करते हुए अतीव आनंद एवं संतोष का अनुभव कर रही हूँ । प्राच्यविद्यामन्दिर के तत्कालीन निदेशक प्रो. भोगीलाल सांडेसरा द्वारा ई. स. १९६१ से प्रारंभ हुआ स्वाध्याय (त्रैमासिक) गुजरात के अध्येताओं एवं विद्वानों के समक्ष एक गुणवत्तायुक्त संशोधन पत्रिका के रूप में स्वीकार हुआ । भारत की स्वतंत्रता के पश्चात् इतिहास, पुरातत्त्व, गुजराती, संस्कृत, प्राकृत आदि भाषाओं एवं इनके साहित्य से सम्बन्धित संशोधनों को एक नई दृष्टि प्रदान हुई । निर्भीकतापूर्वक अपने विचारों को प्रस्तुत करने की स्वतंत्रता एवं योग्य परिवेश संशोधकों को प्राप्त हुआ । अपने क्षेत्र में विशिष्ट कार्य करने वाले विद्वानों के मौलिक संशोधन एवं विचारों को अपनी मातृभाषा गुजराती में अभिव्यक्त करने के लिये स्वाध्याय पत्रिका सदैव तत्पर रही है ।

इसके पूर्व स्वाध्याय में **''शताब्दी विशेषांक''** **''गुजरातनुं रूपक क्षेत्रे प्रदान''** **''श्रीमद्भागवत विशेषांक''** प्रकाशित हुए हैं । प्रस्तुत अंक को **''पाण्डुलिपि विशेषांक''** बनाने के पीछे एक उद्देश्य रहा है । अनेक वर्षों से संरक्षित पाण्डुलिपियों में सन्निहित ज्ञान से परिपूर्ण प्राचीन ग्रंथों का अध्ययन, संपादन एवं प्रकाशन हो तभी प्राच्यविद्यामन्दिर जैसी संस्था की स्थापना का उद्देश्य एवं महाराजा सयाजीराव गायकवाड द्वारा देखा गया स्वप्न साकार होगा । आज की नई पीढ़ी के उभरते हुए अध्येताओं को भी पाण्डुलिपि के क्षेत्र में रुचि उत्पन्न कराना एवं प्रोत्साहित करना अत्यधिक आवश्यक है । इस हेतु से इस विशेषांक को प्रकाशित करने का निश्चय किया गया । इस अंक में प्रो. वसन्त भट्ट, प्रो. मनसुख मोलिया, प्रो. रवीन्द्र पण्डा, प्रो. कीर्तिदा व्यास, डॉ. रसीलाबेन कडिआ जैसे प्रौढ-विद्वानों के लेख हमें प्राप्त हुए हैं तथा इस क्षेत्र में कार्य करने के लिए उत्सुक जिज्ञासुओं के पास से भी छोटे-छोटे ग्रंथों को संपादित कराया गया है । सामान्यतः कुछ ग्रंथ लघु होने के कारण उपेक्षित अवस्था को प्राप्त हो जाते हैं इसलिये उनका संपादन करवा कर नई पीढ़ी को संपादन कार्य में संलग्न करके उनको प्रशिक्षण प्रदान करने का सत्प्रयास इस अंक द्वारा किया गया है ।

पाठालोचन की विविध परंपरा विषयक विस्तृत जानकारी प्रदान करता हुआ विद्वत्तापूर्ण लेख पाण्डुलिपि के क्षेत्र में हमारा मार्गदर्शन करता है । वृत्ताभिराम एवं मेघाभ्युदयकाव्य जैसे ग्रंथों के एक से अधिक पाण्डुलिपियों के आधार पर ग्रंथ संपादित हुए हैं जबकि तरणिवाक्कुसुमांजलि, लक्षणावाद, शिष्टलक्षणावाद, राजयोगामृतसार, पूर्वपक्षमंजूषा जैसे ग्रंथ मात्र एक पाण्डुलिपि के आधार पर संपादित हुए हैं । सूर्याष्टकम् ग्रंथ का संपादन पूर्वप्रकाशित आवृत्ति के साथ तुलना कर अध्ययन किया गया है । 'पाण्डुलिपिलेखन : एक तकनीकाश्रित कला' लेख भारत में प्राचीन काल में प्रचलित लेखनपद्धति में कला और उससे जुड़ी तकनीक पर प्रकाश डालता है । संस्कृत ग्रंथों के बाद गुजराती साहित्य के ग्रंथों का सम्पादन भी इस अंक में अनोखी

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

चमत्कृति प्रदान करता है । हीरविजयसूरि नो सलोकों, सुभाषित सवैया, नर्मदास्तोत्र गुजराती भाषा में लिखे हुए ग्रंथ हैं । इन ग्रंथों का संपादन, इनकी पद्धति संस्कृत ग्रंथों से भिन्न है जो हम उन लेखों में देख सकते हैं । कुछ ग्रंथों में अनेक प्रयत्नों के पश्चात् भी संपादन में कहीं कहीं कुछ पाठ अस्पष्ट रह गये हैं, परंतु ग्रंथ को यथामति, यथाशक्ति संपादित कर प्रकाशित करने का उद्देश्य परिपूर्ण किया है । 'अकलंक शोध संस्थान' का परिचयात्मक लेख भी रसप्रद है । प्राच्यविद्यामन्दिर संस्था के उदय से वर्तमान काल तक लेख प्रवर्तमान स्थिति की तरफ निर्देश करके हमारी चेतना को भीतर से झंकझोर देते हैं । पाण्डुलिपिविज्ञान के सभी पहलुओं को समन्वित करता हुआ काव्य/शास्त्रकाव्य भी इस अंक की विशेषता है । इन लेखों को लिखने वाले सभी विद्वानों का सहयोग ही इस संस्था की वास्तविक पूँजी हैं ।

यह अंक एक अन्य कारण से भी विशेष है । इस अंक से ''स्वाध्याय'' को त्रिभाषी बनाया गया है । नूतन राष्ट्रीय शिक्षा नीति में भी त्रिभाषायुक्त शिक्षा पर जोर दिया गया है । गुजरात में ख्याति प्राप्त ''स्वाध्याय'' की क्षितिज का विस्तार करने एवं भारत के अन्य प्रांतो के विद्वानों का भी सहयोग प्राप्त हो इस उद्देश्य से ''स्वाध्याय'' को गुजराती के साथ-साथ हिन्दी और संस्कृत में भी प्रकाशित करने का विचार बहुत समय से मन में था । इसी विचार को प्रो. वसन्त भट्ट जी का एवं अन्य विद्वानों का समर्थन भी प्राप्त हुआ । विगत अनेक वर्षों से त्रैमासिक रूप में प्रारंभ हुआ यह ''स्वाध्याय'' कुछ वर्षों के बाद वर्ष में दो बार फिर वर्ष में एक बार प्रकाशित होने लगा । गुणवत्तायुक्त लेखों के अभाव के साथ-साथ अनेक तकनीकी समस्याएँ भी इसका मुख्य कारण रही हैं । इन समस्याओं के निवारण हेतु स्वाध्याय को त्रिभाषी बनाने का निर्णय लिया गया । हम ''स्वाध्याय'' को मुद्रित एवं डिजिटल दोनों रूपों में प्रकाशित कर पाठकों एवं अध्येताओं तक निर्धारित समय में पहुँचाने का प्रयास कर रहे हैं । आशा रखते हैं कि वैश्विक महामारी से आक्रन्त सुधीजनों के हृदय को प्रस्तुत 'स्वाध्याय' हर्षान्वित करेगा ।

''स्वाध्याय'' के प्रस्तुत ५६ वें अंक के प्रकाशन में डॉ. जयन्त उमरेठिया एवं समस्त संपादन-समिति के उत्साह एवं सूक्ष्मदृष्टि के कारण कार्य अनायास ही सिद्ध एवं फलीभूत हो गया । परामर्शक-समिति का मार्गदर्शन एवं महत्त्वपूर्ण निर्देशन हमारा मार्ग प्रशस्त कर देता है । महाराजा सयाजीराव विश्वविद्यालय की साधना प्रेस के प्रबन्धक श्री जतीन सोमाणी और उनके सहयोगियों का योगदान भी उल्लेखनीय है । मैं तो केवल निमित्तमात्र बनकर कार्य को अग्रेसर करती हूँ ।

आशा है कि त्रिभाषा समन्वित स्वाध्याय के प्रस्तुत ''**पाण्डुलिपि विशेषांक**'' का आप सभी सुधीजन, विद्वज्जन उत्साहपूर्वक स्वागत करेंगे । आप सभी विद्वद्जनों से यह अनुरोध है कि इस शोधपत्रिका का प्रचार-प्रसार कर इसकी सदस्यता बढाने में हमारा सहयोग करें । आपके मंतव्य एवं सहयोग की अपेक्षा सह -

संवत् २०७६, रक्षाबंधन
३ अगस्त २०२०

श्वेता प्रजापति
संपादिका

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

स्वाध्याय

पुस्तक ५६, वर्ष २०१९

अनुक्रमणिका

ગુજરાતી

०१. હીરવિજયસૂરીનો સલોકો : સંશોધિત રચના - કીર્તિદા શ્રેણિક શાહ ૧-૧૪

०२. સવૈયા સુભાષિત - રસીલા કડીઆ ૧૫-૨૧

०३. હિરાનન્દ ભટ્ટકૃત "નર્મદાસ્તોત્ર" - પરિચય અને પાઠ - જે. કે. ઉમરેઠિયા ૨૩-૨૮

०४. રઘુદેવ ભટ્ટાચાર્યકૃત લક્ષણાવાદઃ- અપ્રકાશિત નવ્યન્યાયવાદગ્રંથ - શ્વેતા પ્રજાપતિ ૨૯-૩૨

०५. તાનભટ્ટકૃત શિષ્ટલક્ષણવાદાર્થઃ અપ્રકાશિત નવ્યન્યાયવાદગ્રંથ - શ્વેતા પ્રજાપતિ ૩૩-૩૫

०६. આનંદાનંદનાથ વિરચિત રાજયોગામૃતસાર- અપ્રકાશિત ગ્રંથ - વિપુલ પટેલ ૩૭-૪૫

०७. પૂર્વપક્ષમઞ્જૂષા - આશાધર ભટ્ટની એક અપ્રકાશિત કૃતિ - હર્ષલ ભટ્ટ ૪૭-૫૫

०८. કવિ મયૂરકૃત રસાષ્ટકમ્ - વંદના લેલે ૫૭-૬૬

०९. ગુજરાતનાં પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરો- શિખરથી અસ્તાચલ ભણી - મણિભાઈ પ્રજાપતિ ૬૭-૭૩

हिन्दी

१०. समीक्षित पाठ-सम्पादन के प्रचलित सिद्धान्तों का पुनरावलोकन - वसन्तकुमार म. भट्ट ७५-८४

११. रामचन्द्रपण्डित कृत वृत्ताभिराम : छन्दशास्त्रीयग्रन्थ - मनसुख के. मोलिया ८५-११५

१२. कवि इच्छाराम शास्त्री विरचित 'तरणिवाक्कुसुमाञ्जलिः' - एक अप्रकाशित संस्कृत लघुकाव्य - रवीन्द्रकुमार पण्डा ११७-१२२

१३. कवि मानाङ्क विरचित मेघाभ्युदयकाव्यम् : अप्रकाशित संस्कृत लघुकाव्य - नन्दकिशोर मिश्र १२३-१३६

१४. पाण्डुलिपि/हस्तलिखितग्रन्थ लेखन-एक तकनीकाश्रित-कला - शर्मिला बागची १३७-१५१

१५. अकलंक शोध संस्थान : एक परिचय - संस्कृति जैन १५३-१५५

संस्कृत

१६. कारिकामयं हस्तलेखशास्त्रम् - बनमाली बिश्वालः १५७-१७३

१७. ગ્રંથાવલોકન १७५-१८७

१८. प्राच्यविद्यामन्दिर की वार्षिक गतिविधियाँ (२०१९-२०२०) १८९-१९२

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હીરવિજયસૂરીનો સલોકો : સંશોધિત રચના

કીર્તિદા શ્રેણિક શાહ*

સલોકા મધ્યકાલીન સાહિત્યનું સ્વરૂપ છે. આ શબ્દ સંસ્કૃત શ્લોક પરથી સલોક, શલોક, સલોકો-શલોકો એ રીતે ગુજરાતીમાં ઉતરી આવ્યો છે. મધ્યકાલીન સાહિત્યમાં પદ્યબદ્ધ શૌર્યસ્તુતિના સ્વરૂપની રચના માટે આ શબ્દ પ્રયોજાયો છે. આપણું પ્રબંધ અને પવાડા સાહિત્ય 'સલોકા'નું વારસ છે. ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક પ્રસંગ સાથે સંબદ્ધ વ્યક્તિની પદ્યબદ્ધ શૌર્યસ્તુતિવાળા સલોકા પણ રચાયા છે.

આપણે ત્યાં ઘણી જ્ઞાતિઓમાં લગ્ન વગેરે ઉત્સવ પ્રસંગે 'શલોકા' બોલવાનો રિવાજ છે, એ પ્રસંગે પ્રાસબંધ પંક્તિઓમાં જાહેરમાં પ્રશસ્તિગાન થાય છે. એક વ્યક્તિ લયબદ્ધ રીતે એક પંક્તિ બોલે અને સામેથી હોંકારાનો લલકાર થાય એવી પદ્ધતિ એમાં હોય છે.

એક સમયે માહ્યરામાં વર તેમજ કન્યા તરફથી આવા સલોકા બોલાતા. વિદ્યા અને ચાતુરીની કસોટી માટે બોલાતા આવા શ્લોક ક્રમે ક્રમે પ્રાસબદ્ધ લયરચના તરીકે વિકસીને ફટાણાંની જેમ મહેણાં-ટોણાંવાળા બન્યા હોય એ સંભવિત છે. ગુજરાતી સાહિત્યમાં કવિ શામળનો રૂસ્તમનો સલોકો અને રણછોડદાસનો રણછોડજીનો સલોકો વધુ જાણીતા છે. અહીં હીરવિજયસૂરીનો સલોકોનું સંશોધન-સંપાદન કરવામાં આવ્યું છે.

વ્રત અને ગુરુનો મહિમા ગાતી મધ્યકાલીન સાહિત્યની ૮૦ કડીની આ રચનામાં આરંભની ૮ કડીમાં હીરવિજયસૂરીના જન્મોત્સવ અને દીક્ષા વિશેનું સંક્ષિપ્ત વર્ણન છે. પછી ચાંપાબાઈનું ચાતુર્માસતપ, એ તપથી અકબર બાદશાહનું પ્રભાવિત થવું અને ચાંપાબાઈના ગુરુ હીરવિજયસૂરી સાથે અકબર બાદશાહની મુલાકાત જેવી ઘટનાઓ કૃતિમાં આલેખાઈ છે. આગ્રામાં ચાંપાબાઈ નામની એક સ્ત્રીએ ચાતુર્માસ તપ કર્યું હતું. તેના આ તપની વાત સમગ્ર શહેરમાં ફેલાઈ જાય છે. અકબર બાદશાહને ચાંપાબાઈના વ્રતની જાણ થાય છે. ચાંપાબાઈના વ્રતથી પ્રભાવિત થઈને તે ચાંપાબાઈને દરબારમાં બોલાવે છે. બાદશાહ ચાંપાબાઈને ચાર માસ સુધી તે અનાજ વિના કઈ રીતે રહી શકી એનું રહસ્ય પૂછે છે. ચાંપાબાઈ કહે છે 'રોજે કરું મેં દેવગુરુ ધ્યાને'. અકબર તેના તપની પ્રશંસા કરે છે અને તેના બન્ને દીકરા થાનસંઘ, માનસંઘને ઘોડા વગેરે આપી તેમનું પણ બહુમાન કરે છે. ચાંપાબાઈને તેમના ગુરુ વિશે પૂછે છે. ચાંપાબાઈ બાદશાહને પોતાના ગુરુ હીરવિજયસૂરીની ઓળખ આપે છે અને તેઓ ક્યાં મળે તે વિશે જણાવે છે. અકબર બાદશાહ તરત જ હીરવિજયસૂરી ગુજરાતમાં હતા ત્યાં સૂબાને મોકલી તેમને આગ્રા તેડાવે છે.

'સ્વાધ્યાય' - પુ. ૫૬, વર્ષ ૨૦૧૯, પૃ. ૧-૧૪. ISSN 2250-0391

* સ્વાશ્રય ૧/એ, એ.ડી.સી. બેંક સોસાયટી, સહજાનંદ કોલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૧૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હીરવિજયસૂરીને અકબર તરફથી આગ્રા આવવાનું ફરમાન મળ્યું છે એ જાણી સંઘમાં શંકાનું વાદળ ફરી વળે છે. સૌ વિચારે છે બાદશાહ હીરવિજયસૂરી સાથે કપટ કરી રહ્યા છે. બધા ગુરુને બાદશાહ પાસે ન જવા વિનંતી કરે છે. વહાણમાં બેસી દીવ ચાલ્યા જવાનું કહે છે. પરંતુ, હીરવિજયસૂરી સંઘને જવાબ આપે છે, 'ધર્મ પ્રભાવે મંગલીક થાસે' અને અકબર પાસે જવા તૈયાર થાય છે. વિહાર કરતા કરતા ગુરુ સારોતરી ગામ પહોંચે છે. ત્યાંના શ્રાવકોને પણ ગુરુને આગ્રા જવા માટેના અકબરના આમંત્રણથી શંકા થાય છે. ગુરુને વંદન કરી તેઓ કહે છે 'કહો તો મ્લેચ્છને મારિય કાઢું'. પરંતુ ગુરુ 'અઘટતું એ કિમ કરઇ' એમ કહી તેમને રોકે છે. સારોતરીમા પર્યુષણ કરીને ક્રમશઃ જાલોર, મેડતા, જોધપુર થઈને આગ્રા અકબર પાસે પહોંચે છે.

હવે પછી કૃતિમાં બાદશાહ અને હીરગુરુ વચ્ચે થયેલી બે મુલાકાત ક્રમશઃ આવે છે. પહેલી મુલાકાતમાં મહેલમાં પધારેલા ગુરુને વંદન કરી અકબર બાદશાહ એમને ગાલીચા પર બેસવા કહે છે. પરંતુ ગુરુ કાંબળી પાથરીને નીચે બેસે છે. બાદશાહ ગુરુને ગાલીચા પર બેસવા આગ્રહ કરે છે ત્યારે ગુરુ ગાલીચાની નીચે જીવ છે એમ કહે છે. બાદશાહ ગાલીચો ઊંચો કરીને જુવે છે ત્યારે ખરેખર ત્યાં બે-ચાર કીડી હોય છે. બાદશાહ આનંદમિશ્રિત આશ્ચર્યથી ગુરુને ચમત્કાર વિશે પૂછે છે ત્યારે ગુરુ બહુ સરળતાથી જવાબ આપે છે. જીવહત્યા ન કરવી. જૂઠું ન બોલવું, રાત્રી ભોજન ન કરવું આ કર્મોનું પાલન કરવું એ જ ઇલમ છે.

ત્યાર પછી બાદશાહ અને ગુરુની બીજી મુલાકાત આવે છે. એમાં એક સૂફી સંત અને હિન્દુ સંન્યાસીના ચમત્કારની વાત આવે છે. મુકુંદ નામનો એક સંન્યાસી એક ગોદડી મૂકે છે. હીરગુરુને આ ગોદડી આકાશમાં ઉડાડવાનું કહે છે. બાદશાહની હઠને કારણે માલદેવ ગોદડી આકાશમાં ઉડાડી દે છે. આ પછી એક સૂફી સંત પોતાના માથાની ટોપી આકાશમાં ઉડાડે છે. બાદશાહ પેલી ગોદડી અને ટોપી બન્ને આકાશમાંથી નીચે ઉતારી લાવવા કહે છે. માલદેવ એ ગોદડી અને ટોપી નીચે ઉતારે છે પછી આ પ્રમાણે પંક્તિ આવે છે : 'સોફી સંન્યાસી દો થયા વિતા, પાદશાહ દરબાર હીરગુરુ જીત્યા' (૬૪) અહીં પ્રશ્ન એ થાય છે કે ગોદડી ઉડાડનાર કે ગોદડી અને ટોપીને નીચે લાવનાર માલદેવ છે તો 'હીરવિજય જીત્યા' એમ કેમ કરવામાં આવ્યું છે? માલદેવે હીરવિજય વતી આ ચમત્કાર કર્યો છે ? પણ પાછળ આ પ્રમાણે પંક્તિ આવે છે, 'માલદેવ મુનિ અભિગ્રહ લીધો, આજથી હીરગુરુ માથે તે કીધો' (૬૬) એટલે કે માલદેવ હીરવિજયની ચમત્કારિક શક્તિથી જાણે પ્રભાવિત થાય છે. આ પ્રસંગ વર્ણનમાં કવિની કચાશ રહી ગઈ જણાય છે. વળી આ ચમત્કારનો પ્રસંગ હીરવિજયસૂરીવિષયક અન્ય રચનાઓમાં પણ ક્યાંય હોય એવું જણાયું નથી. એ રીતે આ કૃતિ ધ્યાનપાત્ર બને છે. આ પછી અકબર બાદશાહ હીરગુરુ પર અત્યંત પ્રસન્ન થઈને એમને હાથી, ઘોડા, ગામ જે કંઈ જોઈએ તે માંગવા કહે છે. પરંતુ ગુરુ કંઈ પણ ભૌતિક વસ્તુ માંગવાને બદલે પર્યુષણમાં જીવહત્યા બંધ કરાવવા, શત્રુંજય તીર્થને મુક્ત કરવા બંદીવાનોને છોડી મૂકવા, ડાબર સરોવરમાં જીવહત્યાનો નિરોધ કરવા તથા જીજીયાવેરો બંધ કરવા કહે છે. અકબર ગુરુને પિસ્તાળીસ લાખ પુસ્તકો ભેટ આપે છે. ગુરુ તેનો ભંડાર કરાવે છે. ત્યાર પછી કૃતિમાં હીરગુરુના પ્રભાવથી લોંકાગચ્છના મેઘજી હીરગુરુના શિષ્ય બને છે એ વાત આવે

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

છે. કૃતિમાં આવતા બે ચમત્કારો કૃતિનું આકર્ષણ છે જ સાથે કૃતિની ભાષા પણ ધ્યાન ખેંચે એવી છે. કૃતિની ભાષા હિન્દી, ફારસી મિશ્ર ગુજરાતી છે. કેટલીક વિશેષ ઉક્તિઓ તેની લાક્ષણિક ભાષાલઢણોને કારણે જોવા જેવી છે. જેમ કે, ચાંપાબાઈના વ્રતથી શંકિત થયેલો બાદશાહ ચાંપાને તેના વ્રત વિશે સવાલ પૂછે એવું આવે એને બદલે 'પૂછે જાબાપ તે ચાંપા આપે' એમ અહીં જવાબ પૂછાય છે. કૃતિમાં કવિ દ્વારા જિનશાસન અને હીરગુરુનો મહિમા કરવામાં આવ્યો છે.

વીરવિમલ-2/વિદ્યાધર કવિની રચના 'હીરવિજયસૂરીનો સલોકો' ની લેખનસાલ ઈ.સ. ૧૮૧૯ મળે છે. આ કૃતિની કડી સંખ્યા ૮૦ છે. આ કૃતિની ત્રણ હસ્તપ્રત લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરના હસ્તપ્રતભંડારમાંથી મળી છે. જેના ક્રમાંક નીચે મુજબ છે.

1. લા. દ. ૨૪૯૨૮
2. લા. દ. ૩૦૫૦૦-૩
3. લા. દ. ૩૧૫૩૭

હસ્તપ્રત નંબર ૩૦૫૦૦-૩ क પ્રત છે.

હસ્તપ્રત નંબર ૩૧૫૩૭ ख પ્રત છે.

હસ્તપ્રત નંબર ૨૪૯૨૮ ग પ્રત છે.

આ ત્રણે પ્રતને આધારે કૃતિનું સંશોધિત સંપાદન કર્યું છે. હસ્તપ્રતની ઝેરોક્ષ મળી છે માટે તેના માપ વગેરે વિશે માહિતી આપી નથી. આ ત્રણ પ્રતમાંની પ્રત ૬૮ કડીએ અધૂરી મળી છે. એનો ઉપયોગ પાઠાંતર સંદર્ભે કર્યો છે.

હીરવિજયસૂરિ સલોકો

શાસનદેવી તુમ પાય લાગું, ગુરુગુણ ગાવા[1] બુદ્ધિ જ માગું,
[2]હીરવિજયસૂરિ તણો સલોકો, વરણવી કહું સાંભલજ્યો એક મના થઈ લોકો ૧

પાલણપુર નગર કેહવું વખાણું, અમરપુરથી અધકેરું જાણું,
કુંરો સાહ વસે જિહાં વિવહારી, સતીય-સિરોમણ નાથિય નારી. ૨

સિહસુપન દેખી સુત જાયો, મોચ્છવ મોટો તાતે કરાયો,
લક્ષણ બત્રીસે રંગરંગીલો, કુંવર વાધે છયલ છબીલો. ૩

---

૧. સિદ્ધિ બુદ્ધિ માગું ગ
૨. હીરવિજયસૂરી તણો સલોકો, વરણવી સાંભલજ્યો લોકો ક ખ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વયરાગ પામી ચારિત્ર લીધો, કુમરે કામ[૩] અવધ કીધો,
હીરહરખ મુનિ-સિરદાર, ભણ્યો સિદ્ધાંત અંગ અગ્યાર. ૪

શ્રી આમંદવિમલ સૂરિ-શિરોમણ, જેણે દીપ્યો શ્રી જિનશાસણ,
આગરા લાહોર દલ્લી મુલતાન, મરુધર માલવ મેવાડ માન. ૫

સોરઠ કછ ગુજ્જર હલાર, દખ્ખણ કુંકણ મરહઠ સાર,
એહવે દેશે કરે વિહાર,[૪] પ્રતિબોધિ શ્રાવક કીધા સુવિચાર. ૬

સિથલ પંથ દૂરૈ જ ટાલી, શ્રી જિનશાસન સુધુ અજુઆલી,
[૫]શ્રી આનંદવિમલસૂરિ-પાટ દીપાયો, શ્રી વિજયદાનસૂરિ સવાયો. ૭

સૂરિમંત્ર જપે સૂરિશ્વર ધ્યાને, શાસનાદેવી [૬]આવ્યા બહુ માને,
[૭]ગુરુજી પૂછિ દેવી કહિ આપ, હીરગુરુ કરયો અધિક પ્રતાપ. ૮

શ્રી હીરવિજય સૂરીશ્વર કીધા, ખટદર્શનમાં હૂઆ પ્રસિદ્ધા,
[૮]દેશવિદેશે કીધા વિહાર, ચોમાસું પોહતા નયરી ગંધાર. ૯

[૯]પૂરે પકવાને સામીજન પોખ્યા, યાચક જનને દાને સંતોખ્યા,
પૂજા સ્નાત્ર ઉચ્છવ રંગરોલ, દેવરાયે રાતિજગાને તંબોલ. ૧૦

હવે આગરામાં [૧૦]હુઈ છૈ વાત, થાનસંગ માનસંગ કેરડી માત,
નામે તે બાઈ ચાંપા પ્રસિદ્ધ, મોટો તે તપ ચોમાસી કીધ. ૧૧

[૧૧]સેહેર આગરામાં હુઈ છે ક્યાત, પાતશાહિ સાંભલો તે તપ વાત,
[૧૨]જુઠુઅ બોલે હીંદુઅ કાફર, પાતશાહને પેટે ચઢી છે આફર. ૧૨

---

૩. અબલ ખ અચલ ગ
૪. પ્રતિબોધિ શ્રાવક કિધા સમકિતધાર ગ
૫. શ્રી આનંદ વિમલસૂરિપદ પાયો ક ગ
૬. આવિ દૈ માન ખ
૭. હીરગુરુ કરયો બહુલ પ્રતાપિ, શાસનદેવે એહવી મત્ય આપી ગ
૮. દેશપ્રદેશે ગ
૯. ઘૃતપૂર પકવાને સ્વામી સંતોખ્યા, દાન દેઇ વલી યાચક પોખ્યા ગ
૧૦. હોઈ તે ખ્યાત ક
૧૧. તપ મહોચ્છવ કરઈ આમાને યાત, પાતસાહ સાંભલી તેહની વાત ગ
૧૨. પાતસ્યાહ કહે જૂઠા હીંદુ કાફર, ઇમ કહી સેવક મૂક્યો છે ઘર ગ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હુકમ કરીને ચાંપા બોલાવ્યાં, સુખપાલ બેસી દરબાર આયાં,
તપને તેજે પાતસાજી કંપે, પૂછે જબાપ તે ચાંપા [૧૩]આપે. ૧૩

અનાજ વિગર કયું કરિ રહેવાઈ, ચ્યારે મહિને કે રોજે કયું થાઈ,
ચોકી છોડી મહૂલમેં રહણા, તબહી જાણું સાચા તુમ કહણા. ૧૪

મહોલામાં બેઠા તપ આરાધે, [૧૪]તપની મહમઈ બહુ જસ વાધે,
કહો રે યારો કિનકું કયા સૂઝે, ઈસકી કરામત [૧૫]કહો કુણ બૂઝે. ૧૫

કયા હૈ કરામત ચાંપા તુમ પાસિ, પાતસજી પૂછે મનને ઉલ્લાસે,
રોજે કરું મૈં દેવગુરુ-ધ્યાને, પાતસા બોલાવે દેઇ બહુમાને. ૧૬

[૧૬]તેરે રોજેકું બહુત સાબાસ, તેરે જોઈએ સો માગો ઉલ્લાસ,
[૧૭]દલિપતિ પાતસાઈ બહુત નિબાજી, પાતસાઈ નોબત આગલ વાજી. ૧૭

[૧૮]બારહજારી મોટા દિવાન, પાતશાહીમાંહી હૂઆ પ્રધાન,
[૧૯]થાનસંગ રહિ છઇ પાતશાહ હજૂર, પાપ તણી મત્ય તેહથી દૂર. ૧૮

પાતશાહ મનમેં એહવો સંદેહ, [૨૦]ગુરુકી કરામત્ય રોજા કરે એહ,
[૨૧]ઉનકે ગુરુકું ઇહાં બોલાઉં, ઉસકી કરામત મૈં ભી પાઉં[૨૨]. ૧૯

[૨૩]તુમ્હારા ગુરુકા કહો ચાંપા નામ, કિહાં વસે ને કહો કુણ નામ,
હીરવિજયસૂરિ ગુરુજી હમારા, સકલ દુનિયામાં કરે ઉપગારા. ૨૦

---

૧૩. જંપે ક
૧૪. તપને તેજે ક ગ
૧૫. કુણે કાંઇ સૂઝે ક
૧૬. દલ્લીપતિ તસ્યા ઇમ પ્રસંસી, તેરે રોજેકું બહુત સાબાસી ગ
૧૭. બહિન કરી ચાંપા ઘર તેડી દલ્લીપતિસાહે ઘર સંપ્રેડિ ગ
૧૮. તાનસંઘ માનસંઘને દીઇ બહુમાન, બારહજારી ઘોડા દિવાન ગ
૧૯. પાતસાહમાંહિ હુઆ વજીર થાનસિંઘ માનસિંઘ પાતસાહ હજૂર ગ
૨૦. કેસી કરામતસે રોજે કર સકે એહ ગ
૨૧. ઇનકે ગુરુકું ઇહાં બોલાવે, એસી કરામત હમકુ દેખાયે ગ
૨૨. આ પછી વધારાની પંક્તિ : રીઝો પાતસાહ આપે જો મોજ, ષટદરસનના જૂજવા છે ચોજ ગ
૨૩. તમારે ગુરુકા કહો ગુણનામ, ઇણકા વતન કેસે રહેગા ગ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

[૨૪]ગુજર દેશે કરી વિહાર, સુણીયા ચોમાસું નયરી ગંધાર,
ચાંપા ગુનહો કરયો જે મહેલમાં તેડ્યા બહિન માનીને ઘરે સંપેડ્યા. ૨૧

[૨૫]હુકમ ફરમાને હડરત બોલાએ, હાથ જોડીને આગલ આએ,
બડે ફરમાન લખો એક ત્યાંઈ, હીરગુરુકું પાતસા બોલાઈ. ૨૨

તરત ગુજરાતે [૨૬]મેવડા ચલાવ્યા, દિન સાતે પાંચે ગુજરાત આવ્યા,
ગુજરાતી સુબે ફરમાન દીધા, તસલીન કરી હાથમાં લીધા. ૨૩

[૨૭]પાતસાહ ફરમાના સબહી વાંચિ, હીરગુરુ તેડણ પ્રપંચિ,
પાતસાજી લિખી ઈસિય કેણી, [૨૮]હલકી ચલણા ઉણકું કહણા. ૨૪

રોજા મહીના પાતસાહી [૨૯]દેણા, [૩૦]હુલઇં ને હુલુઇં આરામ લેણા,
સુબે એદી તુરત ચલાએ, અસવાર દોય ગંધાર આએ. ૨૫

પાતસાહ ફરમાન આગલ છોડે, હીરગુરુ વાંચે મનને કોડે,
સંઘ સહૂકો [૩૧]મલિ ઇમ વિમાસે, હીરગુરુ તેડા પાતસાહ પાસે. ૨૬

અકબર પાતસાહ જે મહાખુનિ, વીનતી ન માને ઉબરાવ કેની,
પૂજ્યજી પાતશા પાપિષ્ટ દુષ્ટ, મહા મુગલ ને રખે ઘે કષ્ટ. ૨૭

એદીસ્યુ કુડ કપટ રચીઇ વાહણે બેસારી દીવ પોચવીઇ,
વલતું હીરગુરુ ઇમ પ્રકાસે, ધર્મપ્રભાવે મંગલિક થાસે. ૨૮

શ્રી જિનશાસન સબલી જ સર્મ, નાસી જાતાં નવિ રહે ધર્મ,
વારુ મહુર્ત કીધા પ્રસ્તાન, [૩૨]પૂજ્યજી થાસિ કુશલકલ્યાણ. ૨૯

---

૨૪. દેશ વિદેશે ક
૨૫. હુકમ કરીને ક
૨૬. સેવડા ગ
૨૭. ક પ્રતમાં નથી
૨૮. સતાબીચ જમા અજર દેણી ક ખ
૨૯. ખિણ્યા ખ
૩૦. હલુઇ હલુઇ આગરૈ મિલણ્યા ખ
૩૧. મનમેં વિમાસે ગ
૩૨. જપપતાકા કલ્યાણ ક ખ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુકન [૩૩]સબલા મારગ થાઇ, કન્યા ઊભી મોતીડે વધાઈ,
[૩૪]ડાવીય દેવી તોરણિ અવાસ, જિમણી ભૈરવ પૂરે છે આસ. ૩૦

ખર ડાવું ને [૩૫]ડાવા જલાલી, દ્મિણું તોરણ બાંધ્યું [૩૬]મલાલી,
સકુન સબલા હુઆ ઉછાંહિ, હીરગુરુ ચાલ્યા ચોમાસા માંહિ. ૩૧

[૩૭]પાતસાહી મેવડા ઇંદી સંઘાતે, હીરગુરુ ચાલ્યા પરિવાર સાથે,
અમદાવાદ સંઘ અતિ બહુ ભાવે, આવી આડંબર સામહિયાં લાવે. ૩૨

[૩૮]રાજનગરમાં પૂજ્ય પધરાવે, કાનખાના સાહિબ વાંદવા આવે,
નીકી નીકી ગુરુજીય ચલણા, પાતસાહજી ચાહતે હૈ તુમ મિલણા. ૩૩

ઇમ કહી નબાપ વલિઆ, રાજનગરના શ્રાવક મલિયા,
સાહ સૂરો ને કુંવરજી જવેરી, પનિઆ સા પ્રમુખ મોટા વ્યવહારી. ૩૪

પૂજ્યજી કહો તો નબાપ ફેરવીઇ, પર્વ પજુસણ ઇહાં કિણ કરીઈ,
પૂજ્યજી બોલ્યા મનને ઉછાંહે, છ છિંડી બોલિ છે સિદ્ધાંત માંહે. ૩૫

પરભાતે તેણે કારણ પાંગરવો, પાતશાહિ હુકમ [૩૯]પાછો ન કરવો,
અનુંચાન વાચક અને પંન્યાસ, [૪૦]સાથિ પાંત્રીસ ઠાણું ઉલ્લાસ.[૪૧] ૩૬

[૪૨]મીણીઆ માપાને સેજવાલિ, વિહુલ્યુ સાથે દોસી ચાલિ,
મહિસાણ સિદ્ધપુર પાલણપુરમાંહિ, સરોતરિનગર પહોતા ઉછાંહિ.[૪૩] ૩૭

---

૩૩. રૂડેરા ગ
૩૪. ડાવિ ભેરવ બોલી આવાસ ગ
૩૫. પૂઠે વલી ઝાલી, ડાવાથી જિમણી આવી દેવ કાલી ગ
૩૬. મલ્હાલી ખ
૩૭. પાતસાહિ મેવડા સાથઇ ઇયદી, હલૂઇ ચલણા ગુરુજી પ્યાદા ખ
૩૮. રાજનગરના લોક વાંદવા ગ
૩૯. પાછો ન ફરવું ક
૪૦. સાથિ તેડ્યા ઠાણું પચાસ ગ
૪૧. પછી ગ પ્રતમાં વધારાની પંક્તિ : ઊંચી નિશાણ નોબત વાજે, અતિ આડંબર ચાલ્યા ગુરુરાય
૪૨. સાથે ચાલેં સીનસે ઝમાલા ગ
૪૩. વધારાનું ચરણ ક પ્રતમાં : આડંબર ચાલ્યા શ્રી ગુરુરાજ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સરોતરિ સબલા શ્રાવક વાસી, સહહસાઅરજન મોટો મેવાસી[44],
[45]બીજા પણ મેવાસી બલિયા, ગુરુ પાયે લાગિ આવિને મલિયા. ૩૮

ગુરુજી ચોમાસુ ઈહાંકિણ કરીઈ, પૂજ્ય પરમેસરથી ઈહાં ડરીઈ,
કહો તો મ્લેચ્છને મારિય કાઢું, કુશલે ખિમે સહેર પહોચાડું. ૩૯

ગુરુ કહે અઘટતું એ કિમ કરીઈ, પાતશા કને જાતાં ઘણો જસ [46]વરીઈ,
[47]પરવ પજુસણ ઈહાંકિણ કરીઈ, પારણા કરીને આગલ સંચરીઈ. ૪૦

પજૂસણ કરવા પૂજ્યજી રહિયા, નવે વખાણે કલ્પસૂત્ર સાંભલિયા,
સંવત્સરી-દાન સોનઇઆ આપ્યા, જાચક જનના દાલિદ્ર કાપ્યા. ૪૧

પારણા પૂજા ને સબલી સજાઈ, ધન ધન હીરગુરુની કમાઈ,
સેસો અરજનને પ્રતિબોધી, [48]જીવ નવિ મારું [49]આખડી એ લીધી. ૪૨

[50]પજૂસણ કરી પૂજ્ય પાંગરીઆ, નગરી સીરોહી આવી ઉતરીયા,
[51]રાય સુલતાન આવીને મલિયા, ગુરુજી દેખીને વંછિત ફલિયા. ૪૩

જાલોર જોધપુર મેડતામાંહિ, શ્રીપૂજ્ય પહોતા મન-ઉચ્છાંહિ,
સાહ સદારંગ ઉછવ કીધ, લૂંછણે જાચકને હીથીયા દીધ. ૪૪

પાતસાહી મેવડા આગલ ચલિયા, હીરગુરુ આવ્યા અકબર સાંભલિયા,
થાનસંઘ માનસંઘ સબલી સજાઈ, દલિસા આગલે દીધી વધાઈ. ૪૫

મેડતાથી પૂજે કર્યા પરિયાણ, નગરે ફત્તેપુર હૂઈ છે જાણ,
સેખુજી પાતસા સામા મોકલીયા, આગરાઇ સંઘ મનોરથ ફલીયા. ૪૬

---

૪૪. ઘરે બેઠા નિત્ય આવે છે ગ્રાસ ક પ્રતમાં આટલું ચરણ વધારાનું છે.
૪૫. સહસા અરજન મેવાસિ ક ગ
૪૬. લહીઇ ક ચ
૪૭. સંઘક હિયડે ધરીઇ ધરીઇ, તો પરવ પજૂષણ કરી ઇ ગ, અમારિ પલાવી જીવ ઉધરીઇ ક
૪૮. નાસતા ન મારું ખ
૪૯. બાધા ક ખ
૫૦. સુરતાણરાય આયા સાહમીઇ, તેહના વર્ણન કેતા કહીઇ ખ
૫૧. ઇહાંથી આગલઇ હીરગુરુ સંચરીયા (બીજું ચરણ) ક

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પાતસાહી નેજા વડા નીસાણ, નોબત વાજે મોટે મંડાણ,
પાચસાહી ઘોડા હાથી પાખરીયા, કોતલ દોરીને આગલ કરીયા. ૪૭

પંચશબ્દ ને [૫૨]નીશાણ વાજે, ઢોલ ધ્રુસૂકે અંબર ગાજે,
માદલ તાલ અને સરણાઈ, [૫૩]ઠોરેય ઠોરે દેતા વધાઈ. ૪૮

આગરાઈ સંઘે કર્યો સામહિઉ, વર્ણવી કાંઈ ન જાઈ કહિઊ,
મોછવ મોટે પૂજ્ય પધરાવે, હીરવિજયસૂરિ આગરામાં આથે. ૪૯

પ્રભાવના સબલી હુઈ રૂપઇએ, શ્રાવકે જાયકને સંતોખ્યા સહુએ,
આગરાઈ સંઘ ચતુર-સુજાણ, [૫૪]થાનસિંઘ માનસિંઘ માનુ કલ્યાણ. ૫૦

ગુરુજીય ઉત્તર્યા દરબાર તેડ્યા, પ્રભાતે પાતસા મોલામાં તેડ્યા,
હીરગુરુ સાથે [૫૫]ઠાણું જ સાત, પાતસાજી પૂછે સી સીય વાત. ૫૧

આશીસ દેઈ આગલેં રહીયા, દરસણ કેખી પાતસા ગહગહીયા,
દલીસા દેખી દરીસણ આણંદે, હાથ જોડીને ઉંબરાવ વંદે. ૫૨

પાતસાહી જલેયા સોનેરી દીઠા, કાંબલી બિછાહિ આગલ બેઠા,
પાતસાહ કહે ગુરુ બેસો જલીયે, સાધુ એક બોલ્યો જીવ હુવે નીચે. ૫૩

મોહલામાં [૫૬]જીવ કિહાંસે હોવે, [૫૭]પાતસાહ [૫૮]મોજે ખોલીય જોવે,
[૫૯]જોતાં નાની કીડી બિચ્ચાર, દેખીય ચમક્યો હૃદય મઝાર. ૫૪

---

૫૨. કરણાલ વાજૈ ખ
૫૩. ઠામ ઠામ હુઇ વધાઇ ગ
૫૪. માનસિંઘ મહિતો પ્રધાન ગ
૫૫. ઠાણું સેં સાથ ગ
૫૬. જનાવર ગ
૫૭. પાતસ્યા જલિયો ઉઠાવી જોવી ક
૫૮. ખોજીઇ જોવઇ ગ
૫૯. જોતા કીડી નગરો નિહાલો, પાતસ્યાને મન સંદેહ ટાલ્યો ગ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

એ નહી માનવ આદમ રૂપ, [૬૦]અલ્લા ખુદા કા એહ સરૂપ,
અબદલફજલ સેખ દીવાન, માનસંઘ કઊ સૂરસેન જાણ. ૫૫

વીરબલ રાજા ટોડરમલ્લ, રતનસંઘ હાડો ઉબરો અવલ,
સહુ સભામાં પાતસાજી આપે હીરગુરુ નામ જગતગુરુ થાપે. ૫૬

પાતશાહિ બોલ્યા બોલ વીચારા, કેણ ઇલમ ગુરુજી તુમારા,
જીવ ઉગારું જૂઠ ન બોલું, ચોરી નવિ લું ને નાડા ન ખોલું. ૫૭

[૬૧]દુનિયા ન નજાડું (ઉજાડું), રાતિ ન ખાઉં, ઇશા ઇલમ સદા નિરવાહૂં,
વાત સુણીને પાસશા દિલ બેઠો, હૂકમ હુઓ [૬૨]ને ગુરુજીય ઊઠી. ૫૮

મજલસ બીજી પૂજ્ય પધારે, ષટ્‌દર્શનમાં લાજ વધારે,
મુકંદ સંન્યાસી ગોદડી મૂકો, [૬૩]હાથી હલકા સ્યા ન થાઈ ઊંચી. ૫૯

જગગુરુ કહે ગુદડી ઉડાડે, પાતશાહ [૬૪]રિઝ્વો એ હઠ માંડિ,
ગુરુજી બિરુદ આપણું રાખો, ગોદડી ઉડાડી અલગીય નાખી. ૬૦

માલદેવ ચિંતે હવે ઈહાં આજ, કિમ કરી ખોઈઇ દરિસણલાજ,
હુકારી વીર ગોદડી ઉડાડી, સોફીઇ એક કરામત માંડી. ૬૧

નિજ માથાથી ટોપી ઉડાડી, ઉડી આકાસે પાતસ્યા નિહાલી,
દલીસા બોલે તન ઇક તારી, ગોદડી ટોપી લાઓ ઉતારી. ૬૨

ગોદડી ટોપી માલદે ખીલ્યો, સોફી સંન્યાસી અંગ થયાં ઢીલાં,
પાતસા હુકમ કરે છે ફેરી, [૬૫]ગોદડી મંગાઉ તુમિ ઇન કેરી. ૬૩

---

૬૦. સાંઇ ખુદાકા ગ
૬૧. દુનિયા ન જોડું ખ
૬૨. તે તેજવર ગુરુ ઊઠી ગ
૬૩. હાથીહ કરી ન થાઇ ઊચી ખ
૬૪. રીઝ્યો ક ખ, રીઝો એહ રમાડો ગ
૬૫. ગોદડી મંગાવો અબકીય વેગી ક ખ ચ, ગોદડી માગા તુમે ન કેરી ગ ખ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આપણો ઓઘો માલદેવ ચલાવે, ગોદડી ટોપી મારીને લાવે,
સોફી સંન્યાસી દો થયા વીતા, પાતસાહ દરબારે હીરગુરુ જીત્યા. ૬૪

જગગુરુ બીરદ રાખ્યું છે જાતું, અઇ અઇ હીરગુરુ પુન્ય જ માતુ,
[૬૬]બ્રાહ્મણ સંન્યાસી અતિ ઉનમાદ, ખટ્ દર્શન સુ જીત્યો છે વાદ. ૬૫

માલદેવમુનિ અભિગ્રહ લીધો, આજથી હીરગુરુ માથે તે કીધો,
દલ્લીસા અકબર હીરગુરુ ગાય, પાતસા કહે માગો બહોત પસાય. ૬૬

હાથી ઘોડા ને પરગણે ગામ, જે જોઈઇ તેકા લ્યો નામ,
માગ્યા સો ઘો તો અમાર પલાવો, નવ મોહરે તુમે છાપ ચલાવો. ૬૭

પરવ પજૂસણ અમાર પલાવો, શેત્રુંજો તીરથ મુગતો કરાવો,
હુકમ ફરમાને ગાય છોડાવો, [૬૭]બંદીવાન લાખ પૂરા મૂકાવો. ૬૮

પંખી મૃગલાને ઘણું ઉધરીયા, ડાબર સરોવર જીવ છોડવીયાં,
[૬૮]જીજીઆ બાધૂં દાણ મેલાવી, [૬૯]શ્રી જિનશાસન થીર થપાવી. ૬૯

શ્રી જિનશાસન સબલો જ ધર્મ, હીરસૂરિનું મોટું જ કર્મ,
પહેલું ચોમાસું આગરે રહીને, બીજું ચોમાસું ફત્તેપુર જઈને. ૭૦

પાતસા બહોત ફરમાને ભેજે, ત્રીજું ચોમાસું આગરે રહીજે,
અકબરસાનો આગ્રહ જાણી, ધન ધન હીરગુરુની કમાણી. ૭૧

ત્રીજું ચોમાસું આગરે આવે, સબલ સામઈએ પૂજ્ય પધરાવે,
અકબરસાહ સબલો તે રીઝ્યો, શ્રી ગુરુવચને ઘણું પ્રતિબૂઝ્યો. ૭૨

પામરી પુસ્તક ભેટણું કીધું, [૭૦]હીરગુરે તે કંઈ ન લીધું,
[૭૧]અકબર-આગ્રહ કીધ ભંડાર, જગતગુરુ કીધો મનોહર. ૭૩

---

૬૬. બ્રાહ્મણ મિથ્યા તિમારા ઉન્માદ ખ
૬૭. જીજીયો બંદિવાન સર્વ મેલાવો ગ
૬૮. પુંછી ધૂંબા દાણ મેલાવી ગ
૬૯. જિનશાસન ઘાટ રોપાવી ગ
૭૦. અકબર આગ્રહ કાંઈ ન લીધું ક
૭૧. અકબર આગરે કિધો ભંડાર ક

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

લાખ પિસ્તાલિસ પુસ્તક સંચે, ષટ્ દરસનના સાસ્ત્ર પ્રપંચે,
પારણે પૂજ્ય તિહાંથી પાંગરીઆ, હજરત સલામ કરી ઊભા રહીઆ. ૭૪

પાતસાહ બહુત કરિ સનમાન, [૭૨]હીરગુરુ તમારા બહુત ગ્યાન,
શ્રેણિક વાલો શ્રી મહાવીર, અકબર વાલો શ્રી ગુરુ હીર. ૭૫

કેશી કીધો પ્રદેશી [૭૩]સીધો, શ્રી ગુરુ અકબર તેમ પ્રતિબોધ્યો,
શાંતિચંદ વાચક પાસે હજૂર, તીહાંથી પાંગરીયા હીરવિજયસૂર. ૭૬

મરુધર ગુજર પાવન કરતા, શ્રી જિનશાસન માંહે ગહગહતા,
મેઘજી રીખ્ય આચારજ લૂંકે, ઠાણું સત્યાવીસ નિજ મત મૂકે. ૭૭

પ્રતિમા જૂહારી સંસાર તરીઆ, હીરગુરુ-દરિસણ [૭૪]પામી તે ઉધરીઆ,
પંચ મહાવ્રત ઉચરીયાં ફેરી, લંકા-મત પાપ કાઢ્યો ઢુંઢેરી. ૭૮

હીરવિજયસૂરિ ગુણ જગાઇ, [૭૫]દિનદિન પ્રતિપો કોડિ સવાઇ,
વિવાહ મંગલિક ઉછવ કાજ, એ સલોકો ભણવો વરરાજ. ૭૯

આણંદવિમલસૂરિશિષ્યના શિષ્ય, દેવવિમલગુરુ પંડિત પ્રતિખ્ય,
તસ સીસ મંગલિક સલોકો ગાયો, વીર વિદ્યાધર આણંદ પાયો. ૮૦

શબ્દકોશ

(**નોંધ** :- પહેલો ક્રમાંક કડી સંખ્યા અને બીજો ક્રમાંક જે તે કડીની પહેલી બીજી પંક્તિ સૂચવે છે)

અમાર	67.2	અમારિ - અહિંસા
અવદ્ય	4.1	નિર્મળ
આદમ	55.1	ઈશ્વર

---

૭૨. જે તુમ ચાહે સો ઉનકા લ્યો નામ (બીજું ચરણ) ક

૭૩. પ્રસિધો ગ

૭૪. પાંમી ગહગહીયા ક

૭૫. દિન દિન પ્રતિયે તેં જસ વાય ગ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઈલમ	57.1	કળા, વિદ્યા
ઉછાંહી	31.2	ઉત્સાહથી
ઓઘો	64.1	જૈન મુનિનું રજોહરણ
ગહગહીયા	52.1, 77.1	આનંદિત થયા
છિંદ્રી	35.1	છિદ્ર
જલાલી	31.1	ઉજ્જવળતા, ભવ્યતા
જલેચા	53.1	ગાલીચો
જૂહારી	78.1	વંદન કરી
તસલીમ	23.2	નમસ્કાર
દેવી	30.2	દેવચકલી
દોસી	37.1	કાપડિયો
ધ્રુસકે	48.1	વાગે
નીકી નીકી	33.2	આરામથી, સુખપૂર્વક
નેજા	33.2	ધજા
પાખરીયા	47.2	પલાણ્યા
પામરી	73.1	ઉપકરણો, રેશમ કે ઊનનો દુપટ્ટો
પાંગરવો	36.1, 43.1	વિહાર કરવો
પ્રતિપો	79.1	પ્રકાશો, તપો
પ્રપંચિ	24.1	ગોઠવણ કરે છે
પ્રભાવના	50.1	લહાણી
ભૈરવ	30.2	ભૈરવી, ચીબરી
મજલસ	59.1	મિજલસ
મરહઠ	6.1	મહારાષ્ટ્ર
મરુધર	5.2	મારવાડ
માફા	37.1	વાહન પરનું કપડાનું ઢાંકણ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

મેવડા	23.1, 45.1	સંદેશાવાહક
લૂંછણે	44.2	ઓવારણે
વિવહારી	2.2	વેપારી, વ્યવહારી
વિહલ્યુ	37.1	વહેલ, વેલડું
સર્મ	29.1	શર્મ, આનંદ
સુખપાલ	13.1	પાલખી
સેજવાલી	37.1	પાલખી
સોનઇઆ	41.1	સોનાના સિક્કા
હલુંઇ	25.1	હળવે

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સવૈયા સુભાષિત

રસીલા કડીઆ*

પ્રસ્તુત કૃતિમાં સવૈયા છંદમાં લખાયેલાં ૧૬ સુભાષિતોનો સંચય છે. કેટલાંક સુભાષિતોમાં કવિએ પોતાના નામનો નિર્દેશ કર્યો છે જેના પરથી આ બધાં સુભાષિતો જુદા જુદા કવિઓની રચના હોવાનું સમજાય છે. સંચયકારે પોતાની રુચિ અનુસાર, પોતાના અંગત હેતુ માટે જુદા જુદા કવિઓનાં સુભાષિતોનો સંચય કર્યો છે, એમ જણાય છે.

સવૈયા છંદ ૩૧ માત્રાઓનું હોવાને કારણે તેને સવૈયા એકત્રીસાથી પણ ઓળખવામાં આવે છે. તેને જ ચરણ અને પ્રત્યેક ચરણમાં ૩૧ માત્રા હોય છે. યતિ ૧૬ તથા પછી ૧૫મી માત્રાએ આવે છે. તાલ ૮ છે. આ બંધારણની દષ્ટિએ તપાસતાં, દરેક સુભાષિત આ કસોટીએ ખરું ઉતરતું નથી. કેટલાંક સુભાષિતો સવૈયાનાં નથી એમ પણ જણાય છે. ૧૪મું અને ૧૬મું સુભાષિત જોતાં, પ્રથમ નજરે જ તે સવૈયાનું નથી તેમ પ્રતીત થાય છે. જો કે, બહુધા અહીં સંચિત સવૈયામાં લિખિત સુભાષિતો છે અને એટલે 'સવૈયા-સુભાષિત' એવું નામ આપ્યું જણાય છે.

પ્રસ્તુત પ્રત મને ''ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ બરોડા'' તરફથી ઉપલબ્ધ થયેલ છે. તેનો નંબર ૨૨૭૪૫ છે. દેવનાગરી લિપિમાં લખાયેલ જૂની ગુજરાતી ભાષાની આ પ્રત તપાસતાં તેમાં કેટલાંક સુભાષિતમાં તળપદા, અશ્લીલ અને સ્લેન્ગ શબ્દો કે બોલચાલની ભાષાનો વિનિયોગ થયેલ જણાય છે.[1] ૧૩ તથા ૧૫મું સુભાષિત તેનું ઉદાહરણ છે. ક્યાંક મારવાડી કે હિન્દી શબ્દોની છાંટ જણાય. એમાંના અક્ષરો મધ્યમ કદથી થોડા મોટા છે. અક્ષરો વચ્ચે જગ્યા છૂટતી રહી છે. સામાન્ય રીતે પ્રતોમાં વચ્ચે જરા ય જગ્યા ન રહે તેમ ચુસ્ત રીતે લખાતું હોય છે. અહીં શબ્દોના અન્વય પ્રમાણે આજની પેઠે જગ્યા છોડી નથી. છૂટા અક્ષરો છે. ભલે મીંડું કરી (॥ર્દ૦॥) એની બાજુમાં 'સવૈયોઃ' શબ્દ લખીને સુભાષિતોનું લખાણ શરૂ થાય છે. પ્રત્યેક પંક્તિમાં ૩૧ થી ૩૫ અક્ષરો છે. પૃષ્ઠ ૨.૫ છે. (પ્રતમાં આગળ પાછળનું થઈને એક પૃષ્ઠ ગણાય છે. અહીં ત્રીજું પૃષ્ઠ એક છે. પાછળ લખાયું નથી.) પ્રત્યેક પૃષ્ઠ પર કુલ ૧૧ પંક્તિઓ લખાઈ છે. પ્રારંભની પ્રથમ લીટીમાં ખોટું લખાયું છે ત્યાં છેકો માર્યો છે. પ્રસ્તુત સવૈયામાં ત્રણ ચરણો જોતાં જણાય છે કે અહીં, ખોટી પંક્તિને છેકો લગાવ્યા બાદ સાચી પંક્તિ લખવાનું ભુલાઈ ગયું છે. પ્રતમાં વિસર્ગચિહ્નો વધુ જોવા મળે છે ત્યાં ચરણ છૂટું પાડવા લિપિકારે મૂક્યા હોય તેમ જણાય છે. બાકીના વિરામચિહ્નો લિપ્યંતર કરતાં મેં મૂકેલા છે અને જરૂરી છે ત્યાં 'ષ' નો 'ખ' કર્યો છે.

'સ્વાધ્યાય' - પુ. ૫૬, વર્ષ ૨૦૧૯, પૃ. ૧૫-૨૧. ISSN 2250-0391

* ૮, જયમા સોસાયટી, સેટેલાઈટ માનસી ક્રોસ રોડ, પાણીની ટાંકીની બાજુમાં, સેટેલાઈટ કોમ્પ્લેક્ષની બાજુમાં, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, M: 07926765442

૧. આવા શબ્દોને મૂળ પાઠમાંથી ભાષાની મર્યાદાને ધ્યાનમાં લઈ રદ કર્યા છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

જ્યાં કવિનામ આપ્યાં છે તેવાં સુભાષિતો અને નામ જણાવું તો ૩જા સુભાષિતમાં કવિ ગ્યાંન (જ્ઞાન), બીજું અને ત્રીજું સુભાષિત સુખાનંદવાલો રચિત છે. ૪થું કવિ જીહ, ૫મું કવિ કેશવદાસ, ૯મું કવિ ઋષભ રચિત, ૧૧, ૧૨મું કવિ જિત રચિત હોવાનું જણાય છે. ૧૧માં કવિએ નામ જણાવ્યું નથી પણ તેના વિષય અને લેખન શૈલી જોતાં બન્ને એક જ કવિના જણાયા છે. ૧૪મા સુભાષિતમાં કવિ ઉહાનું નામ છે. સુભાષિતોમાં જુદી જુદી રીતે કાં તો જ્ઞાન વાર્તા આપવામાં આવી છે કે કશોક સંદેશ પાઠવવામાં આવ્યો છે અથવા તો સુંદર શબ્દ ચિત્ર ગૂંથવામાં આવેલ છે, ઔષધવિજ્ઞાન રજૂ કરવામાં આવ્યું છે, કે થવાકાળ થયા વિના રહેતું નથી તેવી હિંદના માનસમાં દૃઢ અંકિત થયેલ માન્યતા ને વિવિધ પાત્રોનાં ઉદાહરણોથી સ્પષ્ટ કર્યું છે.

સુભાષિત ૧૩ અને ૧૫માં પ્રયોજાયેલ સ્લેન્ગ શબ્દો અને અશ્લીલ ભાષા જોઈને, બાકીનાં સુભાષિતોના વિષયો જોઈ, આ બેના સંચય માટે આશ્ચર્ય થયું. જો કે, રતિ-ક્રીડાના વર્ણન જેવાં અપશબ્દોયુક્ત આ સુભાષિતોના કોઈ ગહન અર્થો હોઈ શકે પણ હું સમજી શકી નથી. ભવિષ્યમાં કોઈ જાણકાર આ સંસ્થાને જણાવી શકે તેનો અર્થ.

૧૪મા શ્લોકમાં અધ્યાત્મની સાધનાના માર્ગની વાત જણાય છે પણ મને તેની જાણકારી નથી. કોઈ સાધનામાર્ગનો પ્રવાસી તે વાત સમજાવી શકે.

અહીં પ્રાયઃ પ્રાસ, આંતરપ્રાસ કે ઝડઝમકના પ્રયોગથી સુભાષિત રોચક અને ગણગણવા ગમે તેવાં છે. ૧૧મા અને ૧૨મા સુભાષિતમાં વાજિંત્રના અવાજો, નાટ્યનર્તન વખતે દેવાતા તાલસૂચક શબ્દો અને શંભુના નર્તનનું અતિ રોચક વર્ણન આપવામાં આવ્યું છે. દા.ત. ડિમંડિમ ડમરુ, ઠિમંઠિમ તાલ અને છિમંછિન થતા પાય, ધુપપ્પ ધુપપ-ધુપપપ ઘેઈ જેવો મૃદંગનો અવાજ, તત તત ત થઈ કરી નાચતા શંભુ કે મૃદંગના પટાક પટાકસ્યુના નાદે પડતી તાળીઓનું વર્ણન તમને સરસ મઝાની નૃત્યની મહેફિલમાં હોવાનો અનુભવ અને એની રસમસ્તીનો આનંદ કરાવે તેવું છે. આમાં ઉમા કહે અને ઊભા થઈ નર્તન કરતા શંભુનું કેવું સુંદર શબ્દચિત્ર છે ?!

પ્રથમ સુભાષિતમાં એક ભક્ત નારીનું સુંદર ચિત્ર આપવામાં આવ્યું છે. હરી રંગની ચોળી અને હરી રંગની ચૂંદડી પહેરી હરી (નીલા રંગના શ્યામ)ની છબી જોતી અને એને પૂજતી નારી, ભાવવિભોર બની હરી હરી કરતાં ખુદ નીલી-હરી અર્થાત્ ખુદ શ્યામ પોતે બની જાય છે મતલબ કે ભક્ત અને ઈશ્વર વચ્ચે એવું ઐક્ય સધાયું છે કે અલગતા જણાય નહિ. કબીરજી કહે છે ને લાલી શોધવા જનાર ખુદ જ લાલ બની જાય છે ! શોધક અને શોધપાત્ર બન્ને એક જ બની જાય, તેવી અહીં વાત છે.

બીજા સુભાષિતમાં સંસારમાંની અસમાનતાની વાત કરી છે. ઈશ્વરસ્મરણ અને સૌમાં ઈશ્વર દર્શન થયા વિના અસમાનતા જશે નહિ.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

નાગરી નીચું જુએ અને બ્રાહ્મણી ઊંચે જુએ ? કેવી અસમાનતા ? આસમાન જ ફાટે ને ? ઈંદ્રલોકમાં પણ ઉપદ્રવ મચી જાય અને ત્યારે રામની યાદ આવે. તું છે તો યે આવી અસમાનતા, આવો ભેદભાવ ? આસમાન ફાટે તેવું કંઈ થાય ? આવું થાય ત્યારે મને તો ડર લાગે છે.

ત્રીજા સુભાષિતમાં દીદાર અભિલાષી વ્યક્તિની વાત સુંદર રીતે કરી છે. આ દીદાર એ સ્ત્રી દર્શનનાં હોય કે હરિદર્શનના હોય-ગમે તે હોય. પણ ઘૂંઘટમાં અર્થાત્ આવરણમાં છુપાયેલ મુખનાં દર્શન માટે કવિ ચોખટમાં સાલોથી પોતાનાં પાય-પગને ત્યાં ખોડીને ઇંતેજાર કરી રહ્યા છે ! શા માટે પછી મુખદર્શનનું દાન નથી આપતા ? મુખને ઘૂંઘટમાં સાને છુપાવ્યું છે ? હવે આ કમલદલ જેવી-આંખો કટારી પેઠે દિલને ઘાયલ કરે છે.

ચોથા સુભાષિતમાં ખૂબ સુંદર આંખોનું વર્ણન છે. કમલદલ જેવી આંખોમાં ટસર બેસાડેલ છે જેથી અણિયારી અને તેજસ્વી લાગે છે. કીકીઓ કોમળ પણ છે. પ્રેમમાં રિસાઈ જાય ત્યારે થાય કે કટારી જેવી તેજસ્વી અને અણિયારી આંખોને કાટ નહિ લાગે ?

પાંચમા સુભાષિતમાં પ્રેમિકા કે (હરિ?)નાં દર્શન અને એની સાથે વાત કરવાનાં અરમાન રાખનારની વાત છે. વર્ષો તો એળે ગયાં. હવે દિવસો થોડા છે. કાળજું બળી રહ્યું છે તો હવે કૃપા કરો. પગે લાગું છું ત્યારે આમ તેમ કેમ જોયા કરો છો ? મન માને તો વાત કરવા દેજો પણ બોલવામાંથી ય કેમ જાવ છો ? એવી વિમાસણ અનુભવનારની વાત છે.

કવિ જીહ અને કવિ કેશવદાસ ૬ અને ૭મા સુભાષિતમાં રૂપિયાની-ધનની બોલબાલા છે, પ્રભાવકતા છે તેની વાત કરે છે. તમે રૂપવાન હોય, વેદ ભણ્યા હોવ, ઊંચી જાતનો હોય, ગુણવાન હોય તો યે પૈસો ન હોય તો તે મોટો ન કહેવાય. મા માટે કે બહેન માટે પણ ગાંઠે રૂપિયા હોય તો જ માનપાન.

પૈસા હોય તો લોકો આવીને પગે પડે, માતા-પિતાને વહાલો લાગે, ભૂતલે ભીમ જેવો બળવાન ગણે, એની જૂઠી વાત સાવ સાચી મનાય, લોકો માટે તે ગુણવાન હોય, ખરેખર તો તેઓ બધા માટે ગાંઠે રૂપિયા છે તે જ મોટો છે.

૮મા સુભાષિતમાં કઈ વસ્તુ કઈ વસ્તુનો દોષ હરે તે દર્શાવતા વિજ્ઞાન અને ઔષધશાસ્ત્ર વગેરેના દૃષ્ટાંત આપે છે. અગ્નિને ઠંડુ પાણી હોલવે, છત્રી સૂરજના તાપને ઓછો કરે. વ્યાધિ હોય તો વૈદ જોઈએ, ઘોડાને ચાબખા અને હાથીને અંકુશ જોઈએ. ભૂત માટે વિષજ્વર મંત્રની જરૂર, આમ આ સૌ વસ્તુના ઉપાયો છે પણ મૂરખ માટે કોઈ ઔષધ નથી. કોઈ ઉપાય નથી. અડધો પરાક્રમ કર્યા વિના રહે નહિ !

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૯મા સુભાષિતમાં ઘીની મહત્તા દર્શાવી છે. ઘી થી વાન વધે, કાન સરવા બને એટલે કે શ્રવણશક્તિ વધે. ખરજવાથી પડેલ ખાડા જાય, ઘડપણ ન વ્યાપે. રકતધાતુ ધ્રૂજે નહિ. કમર સરખી નહિ એટલે કે પાછળ ખૂંધ ન નીકળે કે વાંકી ન થાય. બુદ્ધિ એવી તેજસ્વી બને કે અર્થ તરત સૂઝે, ઘી આમ, મુખની શોભા છે. અન્ય સુભાષિતમાં કહેવાયું છે કે વિદ્યા વિનાનો નર પુચ્છ અને શિંગડા વિનાના પશુ સમાન છે. અહીં કવિ ઋષભ ઘી માટે કહે છે કે ઘીનો ઉપયોગ ન કરે તે સૂકી લાકડી જેવો છે.

૧૦મા સુભાષિતમાં સાનુકૂળ કે વિપરિત પરપરિસ્થિતિનો પ્રભાવ ઘટના પર પડે છે અને એકના માટે ન સારું તે અન્ય માટે શુભ નીવડે. કહે છે : આંબા પલ્લવિત બની, મીઠી કેરીઓ ક્યારે આપે ? તેની વાત કરે છે. ગરમીને તમામ લોકો વખોડે, ગરમીથી ત્રાહિ ત્રાહિ પોકારે. પણ વાવ કૂવા સુકાઈ જશે એમ લાગે, પ્રચંડ લુ લાગે, પૃથ્વી આખી ધગધગી જાય, તેવે વખતે કૂવાનું પાણી આપવામાં આવે તો આંબા પર પત્ર, ફૂલ, ફળ, મંજરી ખૂબ પ્રમાણમાં જોવા મળશે અને કેરીમાં શાખ પડશે અને સાકર સમી મીઠી કેરી આપતો આંબો કલ્પવૃક્ષ જેવો બનશે.

૧૪મા સુભાષિતમાં દેખીતું તો પૃથ્વીનું ઉદાહરણ છે. શ્યામલી છે પણ પોતાનામાં બધું જ છે. ઉપરથી ભલે તે ઉબડ-ખાબડ, નૂરવાળી ન હોય તેવી જણાતી હોય પણ એને ખેડો અને પાક લેવો હોય ત્યારે ચાર આંગળ પહોળી, આઠ-દસ આંગળ ઊંડી, બે તરુઓ વચ્ચે જગ્યા હોય એ તરુનો વિકાસ થતો હોય છે. સાધનામાં પણ સાધક એ સ્થિતિ પામે (ધ્યાનાવસ્થામાં) ત્યારે લખેસરી જેવી સોય પામે. કરવા જેવું કામ આ છે. (સાધનાની આ અવસ્થા સમજાવવી એ મારા ક્ષેત્ર બહારની વાત છે પણ હું અહીં સમજું છું તેમ વાત જણાવી છે.)

૧૬મા સુભાષિતમાં શંખ જલ ભરે, દશરથના શરસંધાનની વાત, રાવણ સીતાનું હરણ કરે, રામ સેતુ બાંધો જેવાં દૃષ્ટાંતોની સાથે દ્રુપદ, કીચક, ધુત ખેલનાર પાંડવો અને યુદ્ધના મંડાણ વગેરેનાં દૃષ્ટાંતો આપી કવિ કહે છે કે એકવાર વિધિલેખ લખાય પછી તેને ભોગવ્યે જ છૂટકો. ભાવિનું નિર્માણ અફર છે. તેને બદલી શકાતું નથી.

આમ આ સુભાષિત સવૈયાનો સંચય જ્ઞાન, ડહાપણની અનેક વાતો કહી જાય છે. કેટલીક અગમ્ય વાતો તે તે ક્ષેત્રના લોકો માટે ખપની છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

।। સુભાષિત સવૈયો ।।

।।ર્દ૦।। સવૈયો

સારી હરી ચુનકે પેહરી, અરૂ ચોલ હરી સબ સુધે ભરી હે ।
પોત હરી, મુખ જોત હરી, ત્રીય જોવન જરાય જરી હે ।
કુંજ હરી, સુખ પુંજ હરી, ચલો, દેખ હરી મેં, હરીસુ ધરી હે ।।૧।।

નીચુ નિહાર તુ નાગરી, બ્રાહ્મણી ઉચ દેખે અસમાંન ફટેગે ।
ઈ(ઈં)દ્રકે લોકમેં હોત ઉપદ્રઈ, સબકો સબને જ ઘટેગો ।।
થકે જ્યુ પવન થથે રવી બાઝી નરાં મહી રાંમ જગત્ર જપેગો ।
મોહેકુ તાર અસો ડર આવત તેરે દેખ્યાં અસમાંન ફટેગો ।।૨।।

તુમ રચ્યાલ ખુસાલમે ચાલત હો, ટુક પાઉ ખડે રહો ચોહરમે ટુક યાર ।
દીદારકું દાન કરો, કાહ માંન ધરો ઈતનો મનમેં ચિત્ત ચાતુરી નાર ।।
વિચારીયો જ્યુ ફલ સિધ નહી કછુકા પટમે।
કવિ ગ્યાંન કહે કછુ લેત નહીં, કાહા ચાંકત હો મુખ ઘુંઘટમે ।।૩।।

ઠારી આંખિ કમલના દલ જેહવી માંહે ટસર બેસારીયો રે ।
અણિઆલિયો ને અજુઆલિયો છૈ, માહી કીકીઓકા મલ-ગારીયો રે ।।
રીસાયનેં રુડીય પ્રેમની ઉડીય, જાનું એ હતી બલિહારીયો રે ।
સુખાનંદવાલો રહે જ્યું કાટવા કીધિ છે, કીમ કટારી યો ।।૪।।

બહુ દિન્ન અસ્યા માંહે એલે ગયા, હવે ફાસુ દિન ગાલો છો કાં ?
એકવાર કૃપા કરો, જન્મ માહેહ લ્યાઈ મત્તે, કાલજ્યું બાલો છો કાં ?
સુખનંદવાલો પગ પાય લાગે ત્યારે મુખ અરુપરુ ભાલો [છો] કાં ?
મંન માંને તો, વાત કરવા દીજો પેલિપણ, બોલવા માંહથી ટાબો છો કાં ?।।૫।।

નાહિ વડો અતિ રુપ વિલક્ષણ, નાહિ વા(વ)ડો વિધિ વેદ પઢીયા ।
નાહી વડો જસુ જાત સુ, નાહિ વડો ગુણ ગીત ગવિયા ।।
માય કહે મેરે એક જ પુત્તકે, બહેન કહે મેરે એક જ ભઈયા ।
કવિ જીહ કહે સુણ હો નર સજન, સોઈ વડો જાકિ ગાંઠ રુપિયા ।।૬।।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વાહ કરે જન કિ જગમેં અબ આય કે પાય નમે ભલે ભઈયા ।
માતકુ તાતકુ લાગે વલ્લભ, ભીમની ઝેમ ભુતલે તબ લિયા ।।
વાત જુઠી સબ સાવ સહિ, માનત લોક ગુણી જસવાસ કહિયા ।
કેસવદાસ કહે, સુન હો નર સજઝન, સોઈ વડો જાકિ ગાઠ રુપિયા ।।૭।।

પાવકકું જલષિત નીવારત, સુરજ તાપકું છત્ર દિયો હે ।
વ્યાડ્યાદધિ વૈઈદે, તુરંગકુ ચાબખા, ચોપદકું બર્ષ(?) ડંડ હો ।।
હાથી માહા મદકુ હરી અ (અં)કુશ, ભુત વિષજ્વર મંત્ર કહો હે ।
ઉષદ (ઔષધ) હે સબકે સખિ ઉખધ મુરખ ઉખદ નહિ કહો હે ।।૮।।

ધીઈ વાધે વાંન, કાંન પિણ સર્યા થાયે,
આંખે વાધે તે જ, ખરજ ને ખાડો જાયે ।
જરા ન વ્યાપે અંગ, રગતઉધાત્ત ન ધુજે ।।
મુખનું મંડણ ઘૃત, કાં કોઈને દેતો હડિ ?
કવિ ઋષભ ઈણ પરે ઉચરે, ઘૃત વિહુણા નર જેહ જે જાણે સુકિ લાકડિ ।।૯।।

જિણ દિન પ્રઠન પ્રચંડ લુય ઝડ તાપ તડકા ।
જિણ દિણ નહિ અનીવાણ, વાવ કુયા સવિ સુકા ।।
જિણ દિન આકત દુધ ગી મહચિ સબ થકિ ।
તિણ દિન કૂપ સરંત, અંબત્તહ લુબ લહકિ ।।
ફલ ફુલ પત્ર પરીમલ બહુલ સતરવર દીસે સમા ।
તિણ દિવસ સાખ્ય, સાકર સૂહ પકહ અંબ હુતુ કલ્પદ્રુમા ।।૧૦।।

સંગીત કર, ડેરુ ડિમંડિમ, પાય ઠિમંઠિમ, તાલ છિમંછિનં ભારતભેઈ ।
ગિરકંદ સજે શિરસિ સરવ લંકતિ શેષ ખલકત્તિ સારદસેઈ ।।
ઉહા વાજે મદંગ ધુપપ્પ ધુપપ ધુપપપ ઘેઈ ।
નાચત શંભુ ગિડ તત્તઃ તતઃ તત થેઈ ।।૧૧।।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉમયાકે કહે તબ શંભુ ઉઠે ઉહા નાચત ખેલ કિયા મનહારી ।
કર એક સીરે કર પીછે ધર ખેલન લાગે વાઘંબરધારી ।।
સબ તેત્રીસ કોડસ્યુ દેવ મલે કવિ જીત કહે રહે કીત્તિકહારી ।
ઉહા વાજે મૃદંગ પટાક વટાક સ્યુ એસે વજે કરે એકસે તાલિ ।।૧૨।।

ઉચા ઢોર રહે જેસો દ્વારકો થંભ ન આડો રહે, જેસે ડોલિકો ડાંડો ।
દૂતિસ્યું દેખ તમે ખસ્યૂં પેખત ..... દેખત ચોગ તો ચોડો ।।
આ તો મુશલહે કેદ તુસલહે કિસકા કુતકા ગજવેલકા ખાડો ।
નાહિ તો ..... રંજન, ગામકો ગંજન, ... ભંજન સ્યામકો લાડો ।।૧૩।।

ધરા ભોમ સ્યામલિ, માહે પિણ સઘલા વાનાં ।
ઉપર નુર સનુર ભલા હો વજ દિસે કાંના ।।
ચાર આંગુલ ચોડિ, આઠ દસ આંગુલ ઉ(ઉં)ડી ।
હોય પગા વિચ વલવલે, એ તરુ લહલહતિ કુંડિ ।।
સ કો નર ભમે સોજતા, પામે સોચ લાવે સરી ।
કર જોડિ કવિત ઉહો કહે જવ જવ જગત કુડે સરી ।।૧૪।।

સુહાલિસ દલિ, કનક સરિખાં કાંના ।
હરણ ખુરી સીહે ગલો, વિચવિચ સહરાતા વાંના ।।
અણીયા આગલિ, ત્રિકુટ ગઢ જેમ ત્રિખુણિ ।
રૂપાલી રૂપાલી દલિ, દિઠે દીપે અતિ ઘની ।।
અતો સારા જગતરી સોસડિ ।
ભેટતા ભવના દુખ ભાજ છે ?
ભારી તીરથ તે ..... ।।૧૫।।

કાહી સંખઉ જલ ભરે, કિહા દશરથ સર સંધે ।
કાહા રાવન સીય હરે, કાહા રઘુપતિ દધિ બંધે ।।
કિહા પાંડવ જુવ રંમે, કાહા વીગ્રહ ભુવ મંડે ।
ભવતવ્ય ભોગ ભુગતે બને, કોટિ જતન સુરનર રહે ।
કિરતાર કલમ કર ફિર ગહી તો લખો અબ કબહુ ન મટે ।।૧૬।।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.



સવૈયા સુભાષિત, પ્રાચ્યવિદ્યામંદિર, હસ્તપ્રત - ક્રમાંક : ૨૨૭૪૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હિરાનન્દ ભટ્ટકૃત "નર્મદાસ્તોત્ર" – પરિચય અને પાઠ

જે. કે. ઉમરેઠિયા*

જ્યાં જ્યાં નદીઓ વહે છે ત્યાં ત્યાં નદીકાઠાં ઉપર ભિન્ન ભિન્ન પ્રકારના લોક વધુ પ્રમાણમાં સ્થાયી થયા છે. નદીકાંઠા પર નિવાસ કરતી પ્રજાએ પોતાના સંસ્કાર દેશભરમાં ફેલાવ્યા છે. 'નદી માતૃક દેશ' એવો શબ્દપ્રયોગ પણ નદીને લોકમાતારૂપે યાદ કરાવે છે. વિવિધ નદીઓને ધ્યાનમાં રાખીને કવિઓએ એનાં ગુણગાન ગાયાં છે. મા નર્મદા અને રેવાજીને ઉદ્દેશીને પણ સંખ્યાબંધ કાવ્યો, સ્તોત્રો, રાસ, પ્રબંધ વગેરે રચાયાં છે. 'રેવા' ચલચિત્ર આવ્યા પછી સાંપ્રત સમયમાં ફરી નર્મદામૈયા પ્રત્યે ભક્તિનો જુવાળ ઉમટેલો જોવા મળે છે. આ નદીનું દર્શન કરવા માત્રથી મનુષ્યનાં તમામ પાપ ધોવાઈ જાય છે એમ કહેવાયું છે. 'જેટલા કંકર એટલા શંકર' એવી કહેવતમાં પણ નર્મદાનો અપાર મહિમા વ્યક્ત થયો છે.

નર્મદા વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે.[૧] છેક પુરાણોમાં પણ આ નદી વિષયક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જેમ કે સ્કંદપુરાણમાં 'રેવાખંડ', વલ્લભ ભટ્ટકૃત 'રુદ્રદેહા સ્તોત્ર' વગેરે. ૧૦૮ ભુજંગી છંદમાં સં.૧૭૫૭માં રચેલું 'રુદ્રદેહા' સ્તોત્ર અમદાવાદ વિદ્યાસભાના સંગ્રહમાં મળી આવે છે. આ ઉપરાંત ઉમિયાદાસે સં.૧૭૭૮માં આવેલી ભયંકર રેલનું વર્ણન ગરબારૂપે કર્યું છે. આ અતિ પ્રસિદ્ધ ગરબાની પંકિતઓ નર્મદાકાંઠાના, ખાસ કરીને જૂની પેઢીનાં સ્ત્રીપુરુષોના મુખે આજેય ગવાય છે. આ ગરબાની એક પ્રતિકૃતિ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં છે એમ નોંધાયું છે.[૨] આ ઉપરાંત નર્મદાસંબંધી માહિતીપૂર્ણ હિન્દી પુસ્તક 'નર્મદારહસ્ય' (૧૯૩૪) પણ નોંધવાલાયક છે.[૩] આ પુસ્તકમાં સ્તોત્રો, નર્મદાલહરી, કબીરવડ ઇત્યાદિ રચનાઓ ઉપલબ્ધ થાય છે જે તુલનાત્મક અભ્યાસ કરનાર સંશોધક માટે ઉપયોગી બની રહે તેમ છે.

'સ્વાધ્યાય' – પુ. ૫૬, વર્ષ ૨૦૧૯, પૃ. ૨૩-૨૮. ISSN 2250-0391

* પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા - ૩૯૦૦૦૧

M: 9427849843, Email: jkumrethiya70@gmail.com

૧. મજમુદાર (ડૉ.) મંજુલાલ, રેવાને તીરે તીરે, અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર, બીજી આવૃત્તિ સં. ૨૦૭૨

૨. એજન, પૃ. ૭

૩. એજન, પૃ. ૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

મધ્યકાલીન ગુજરાતી કવિ દયારામે નર્મદાનું વર્ણન કરતાં કહ્યું છે :

શ્રી નર્મદાજી તટ ઉપર ચારુ ચંડીગ્રામ :
મહિમા વખાણું શું સ્થળ તણો, સમોવડ વૈકુંઠધામ.

કવિશ્રી ડૉ. બળવંતરાય ઠાકોરે પોતાના એક સોનેટમાં નર્મદાનું માહાત્મ્ય ગાયું છે.[૪] કવિ સુંદરમ્, રા. વિ. પાઠક, કવિ પૂજાલાલ જેવા કવિઓએ પણ પોતાનાં કાવ્યોમાં અનેકવિધ દષ્ટિકોણથી નર્મદાનાં ગુણગાન ગાયાં છે. નદીકિનારાના પ્રદેશોમાં પ્રચલિત વ્યક્તિનામો જેવાં કે, નર્મદા, રેવા, યમુના, ગંગા, કાવેરી, ગોદાવરી વગેરેમાં વિવિધ નદીનો જ પ્રભાવ જોવા મળે છે.

નર્મદા વિષયક અનેક કાવ્યો તથા પુસ્તકો સુપ્રસિદ્ધ છે. જયંત કોઠારીએ જૈન ગૂર્જર કવિઓમાં જુદા જુદા ભંડારોમાં સચવાયેલી કૃતિઓ-કવિઓને સમાવિષ્ટ કરતી સંશોધિત સંવર્ધિત આવૃત્તિનું સંપાદન કર્યું છે જેમાં નર્મદાવિષયક કૃતિઓ જુદાં જુદાં નામે મળે છે. જેમ કે નર્મદાસુંદરી પ્રબંધ (ર.સં. ૧૬૪૩)[૫], લગભગ સં. ૧૬૫૦માં લખાયેલો ૩૨૯ કડીનો નર્મદાસુંદરી રાસ[૬], સં. ૧૬૭૮માં રચાયેલ નર્મદાસુંદરી ચોપાઈ[૭], સં. ૧૬૯૫માં રચાયેલ નર્મદાસુંદરી રાસ[૮], નવાનગરમાં સં. ૧૭૦૧માં રચાયેલ નર્મદાસુંદરી ચોપાઈ[૯], નર્મદાસુંદરી રાસ[૧૦], ૬૩ ઢાળમાં સં. ૧૮૫૪માં સમીનગરે રચાયેલો નર્મદાસુંદરી રાસ[૧૧], ૨૮ ઢાળમાં સં. ૧૮૪૧માં જોધપુરમાં રચાયેલ નર્મદાસતીની ચોપાઈ[૧૨] વગેરે નોંધપાત્ર છે. N.C.C.માં નર્મદાસ્તોત્ર શીર્ષકથી બે હસ્તપ્રતોમાં નોંધાયેલી છે. આ ઉપરાંત એમાં નર્મદાકવચ, નર્મદાખણ્ડ, નર્મદાગંગાષ્ટક, નર્મદાગિરિ, નર્મદાપુરાણ, નર્મદામહિમ્ન, નર્મદામહાત્મ્ય, નર્મદાલહરી, નર્મદાષ્ટક, નર્મદાસહસ્રનામ, નર્મદાસુંદરીકથા જેવાં વિવિધ શીર્ષકોથી નર્મદા વિષયક હસ્તપ્રતો નોંધાયેલી છે.[૧૩]

---

૪. મજમુદાર (ડૉ.) મંજુલાલ, રેવાને તીરે તીરે, પૃ. ૧૪
૫. જૈન ગૂર્જર કવિઓ, ભાગ-૨, સંપા. જયંત કોઠારી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, બીજી આવૃતિ, ૧૯૮૭, પૃ. ૧૮૬
૬. એજન, પૃ. ૨૬૬
૭. એજન, ભાગ-૩, પૃ. ૨૨૪
૮. એજન, પૃ. ૩૦૬
૯. એજન, ભાગ-૪, ૧૯૮૮, પૃ. ૩૫
૧૦. એજન, પૃ. ૩૧૦
૧૧. એજન, ભાગ ૫, ૧૯૮૮, પૃ. ૧૩૭
૧૨. એજન, ભાગ-૬, ૧૯૮૯, પૃ. ૯૭
૧૩. New Catalogus Catalogorum, Vol.1, Edited: Dr. K. Kunjunni Raja, University of Madras, 1977, pp. 373-374

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રાચ્યવિદ્યામંદિરના કેટલોગમાં ક્રમાંક ૨૪૩૪૨થી નોંધાયેલ કૃતિ હિરાનન્દ ભટ્ટકૃત 'નર્મદાસ્તોત્ર' મળે છે.[૧૪] આ કૃતિની ભાષા ગુજરાતી છે. લિપિ દેવનાગરી છે. બે પત્રો અને ૨૦ સ્તોત્રોમાં લખાયેલ આ કૃતિનું પરિમાણ ૨૪ X ૧૪.૫ સે.મિ. જેટલું છે. કૃતિ પ્રાચ્યવિદ્યામંદિરને ભેટસ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. કૃતિમાં વ્યાકરણગત અશુદ્ધિઓ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. દા.ત. નિર-નીર, ખાખિ-ખાખી, કરિ-કરી, શ્રેણિ-શ્રેણી, જિતિ-જીતી વગેરે. આ પ્રકારની હ્રસ્વ-દીર્ઘ પ્રકારની જોડણી વિષયક અશુદ્ધિઓ મૂળ પ્રમાણે જ રાખી છે. કેટલીક જગ્યાએ શાહીનાં ડબકાં પડ્યાં હોવાથી સ્પષ્ટ ઉકેલાતું નથી. કૃતિમાં હ્રસ્વનો બહુલ પ્રયોગ થયો છે. જે મૂળ પ્રમાણે જ પાઠમાં જાળવી રાખ્યો છે. ક્યાંક હાંસિયામાં લખેલ લખાણ પણ ડબકાંથી ભુંસાયું છે. એવું લખાણ અનુમાનથી ઉકેલ્યું છે. ઘણા શબ્દોમાં અનુસ્વારનો વધુ પડતો પ્રયોગ પણ લેખન ખાસીયત બતાવે છે. દા.ત. હોયેં, ક્ષોભેં, ભણેં વગેરે. રાંણી, કાંમ, પાંમી વગેરેમાં પ્રયોજેલા પ્રચલિત અનુનાસિકો પણ ધ્યાન ખેંચે છે. વ્યવસ્થા ખાતર દરેક પંકિતને અંતે દંડ મૂકયા છે જે મૂળમાં નથી. કૃતિનો આરંભ "શ્રી ગણેશાય નમઃ" જેવા મંગલાચરણથી થાય છે. શરૂઆતના પ્રથમ ચરણમાં નોધ્યું છે કે "શ્રી અચલનાથજીની કૃપા છે" સ્તોત્રની પ્રથમ કડીમાં મિત્રબંધુને ઉદ્દેશીને નર્મદાની સ્તુતિ કરાઈ છે. ત્યારબાદ નર્મદાનાં નિર્મલ નીર, એનું પુણ્ય, રેવાજન્મ, એમાં સ્નાન કરવાથી પાપ મટે, એનું દર્શન કરવા સ્વર્ગેથી દેવો પણ વિમાનમાં બેસી પધારે છે એમ કહેવાયું છે. નર્મદાની ભક્તિ, સંસારમાં નર્મદા વગર પાપને કોણ ટાળશે એમ કહીને કેવાં કેવાં પાપ ટળે છે એ પુનઃ દર્શાવ્યું છે. નર્મદાનાં નીર, વાતાવરણની કવિ છોટાલાલ નરભેરામ ભટ્ટે પણ પોતાના 'રસશાસ્ત્ર' પુસ્તકમાં 'શાન્ત રસ'ના ઉદાહરણ તરીકે નોંધ લીધી છે.[૧૫]

નર્મદાનું જળ પીવાથી મૂર્ખબુદ્ધિના મુખે પણ વિદ્યા જળહળે છે. નર્મદા, રેવા અશક્ત લોકોને પણ સહાય કરે છે. ટૂંકમાં દરેક સ્તોત્રમાં નર્મદાની પ્રશસ્તિ કરવામાં આવી છેઃ

મહિમા તણો નૈવ જ પાર જ આવે નદિ નર્મદાને ભજો શુધ ભાવે.

નર્મદાની કથા જે સાંભળે, સંભળાવે તેને મહાદ્દુઃખમાંથી મુક્તિ મળે છે અને વૈકુંઠમાં વાસ થાય એવી ફલશ્રુતિ દર્શાવી અંતે આ સ્તોત્ર ચૈત્ર સુદ સાતમે લખેલ છે એમ પુષ્પિકામાં કવિએ લખ્યું છે કે-

હિરાનન્દ ભટ્ટે રચા શ્લોક યુક્તે ભવાંનિ તણા ચરણની ।
સાર ભક્તે નિવાસે વસે વંસ રે તેય માટે શુદિ ચૈત્રની સપ્તમી રખસાવે ।।૨૦।।

ઇતિ નર્મદાસ્તોત્રં સમાપ્તં ।।શ્રી

---

૧૪. *An Alphabetical list of Manuscript in the Oriental Institute,* Vadodara, Vol. 4, Ed. Usha Brahmachari, Sweta Prajapati, Pub. Oriental Insitute, Vadodara, First Edition, 2008, pp. 258-259

૧૫. મજમુદાર (ડૉ.) મંજુલાલ, રેવાને તીરે તીરે, પૃ. ૧૩

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અહીં લેખકે કૃતિ રચાયાનું કે લખાયાનું વર્ષ આપ્યું નથી. નર્મદાને જોઈને કવિ એનું બાહ્ય અને આંતરિક સૌંદર્ય, એના પ્રત્યેનો ભક્તિભાવ, સંસ્કૃતિ, ધર્મ વગેરેનું દર્શન કરાવે છે. આ પ્રકારનાં સ્તોત્રો, કાવ્યો દ્વારા ખ્યાલ આવે છે કે કવિ નર્મદાને તીર્થસ્થાનરૂપ ગણાવી એના પ્રત્યે અનેરો ભક્તિભાવ પ્રદર્શિત કરે છે.

કવિએ 'નર્મદાસ્તોત્ર'માં નર્મદાના માહાત્મ્યને ઉદાત્ત ભાવે ભાવસભર વર્ણવ્યું છે.

આ સ્તોત્રનો વિશેષ પરિચય પ્રાપ્ત થાય તે હેતુથી એનો હસ્તપ્રતના આધારે સંપાદિત કરેલો પાઠ નીચે મુજબ છે.

॥ નર્મદાસ્તોત્ર ॥

શ્રી ગણેશાય નમઃ॥

શ્રી અચલનાથજિની ક્રપા(કૃપા) છે.

ભલા મિત્ર બંધુ નહિ સુ વિચારો, કલિકાલ તે વ્યાલ વ્યાધ્યો ન જાંણો ॥
ઉપાયે જાંણો દુષ્ટને ચિત રાષિ(ખી) નહિ ભાગસે નરબદા નીર પાષિ(ખિ) ॥૧॥

વહે નિર્મલિ નરમદા નિરશ્રેણિ પ્રભાવે કરિ રમ્ય જિતિ ત્રિવેણિ ॥
ઘણા દેવ ગંગાનદિ વીષા(ખા)ણેં વિશેશ થકિ નરમદા પુણ્ય જાણોં ॥૨॥

હિમાલે માહો કન્યકા-દાન દિધુ શિવેપારવતિ હસ્ત ઝાલિને લુ(લી)ધુ ॥
ઘશું(?) હસ્તમાં હિ(હ)સ્ત કિનિર જારે, નદિ નરબદા પ્રગટિ સદ્ય તારે ॥૩॥

થયો જન્મ રેવા તણો મે કુલેથિ કરી નંદની પર તેજ તેથિ ॥
ઘણા દેશ શોધિ ગિરિને વિદારિ પછે તીર્થ પાંમો નદિનો વિહારિ ॥૪॥

अत्र समाधीयते । तदाननश्रीः प्रसिद्धैरलकैः लीनद्विरेफं पद्मं परिभूयसादृश्यकथाप्रसङ्गं चिच्छेदेत्यत्र लीनद्विरेफ यस्मिन्निति लीनशब्देन अदृश्यत्वं जातम् । उपमेये तु प्रसिद्धैरिति विशेषणं [प्सि?] द्धाऽदृश्ययोः कथं तुल्यत्वमतोऽवगणनास्थानम् । **समेघलेखं शशिनश्चबिम्बमि**त्यत्र मेघलेखायाः शशिबिम्बस्य च कदाचित्कं सहावस्थानं भवति । भवति चेत् क्षणं तिष्ठति तेन मेघलेखाशशिबिम्बयोः क्षणिकसम्बन्धो भवति । उपमेये तु प्रसिद्धकेशानां मुखस्य नित्यमेव सहावस्थानं भवति । अनयोः समवायसम्बन्धोऽस्ति नित्योऽयं सम्बन्धः समवायः क्षणिकनित्ययोः कथं तुल्यत्वमतोऽवगणना घटत एव इति समाधानं सम्यक् जातम् ।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कथं **शरीरमात्रं विकृतिं प्रपेदे तथैव तस्थु फणरत्नशोभा** (कुमारसम्भवम् 7.34)इत्यत्र शरीरमेव शरीरमात्रमिति मात्र [प्रत्ययेन?] शरीरादन्यत् किमपि न विकृतम् । **मात्रं कात्स्न्येऽवधारणे** इत्यभिधानात् । फणरत्नशोभाः तथैव तस्थुरित्यत्र शोभापदं व्यर्थम् । फणरत्नानां विकृतत्वापत्ते फणरत्नानि तथैव तस्थुरेवं वक्तव्यम् । यदा रत्नानि तथैव स्थितानि तदा शोभापि स्थिता एव । तस्माच्छोभापदं न घटते इत्यर्थ इति प्रश्नः । अत्र समाधीयते । सविशेषणे हि विधिनिषेधो सति विशेष्यबाधे विशेषणमुपसङ्क्रामतः सति विशेषणे बाधे विशेष्यमुपसङ्क्रामतः । अत्र तु रत्नानां शोभा रत्नशोभा इत्यत्र भेद्यं विशेष्यमित्याहुर्भेदकं तु विशेषणमिति । भेद्यभेदकयोः श्लिष्टिः सम्बन्धोऽन्योन्यमिष्यते । श्लिष्टो यद्यपि सम्बन्धः...व्युत्पत्तिस्तु भेदकात् । यथा राजपुरुषः । राज इति विशेषणं भवति । पुरुष इति पदं विशेष्यं भवति । तद्ववदत्रापि रत्न इति पदं विशेषणं भवति । शोभा इति पदं विशेष्यं भवति । विशेष्ये तु यदा बाधः समायास्तदा(?) विशेषणमुपसङ्क्रामति तदा यद्विशेषणं तद्विशेष्यं भवति यद्विशेष्यं तद्विशेषणं भवति तदर्थः । कियान् सम्पन्नः शोभापदं रत्नपदस्य विशेषणं तदा शोभाविशिष्टरत्नानि तथैव तस्थुरित्यर्थः । इति समाधानम् ।

ननु निरास्पदं प्रश्नकुतूहलत्वं निरास्पदं यत् प्रश्नकुतूहलम् तदस्ति अस्येति प्रश्न कुतूहली तस्य भावः प्रश्नः कुतूहलित्वम् । मल्लिनाथेन तु आगमनप्रश्नो निरास्पदं इति भावः एवं लिखितम् । कुतूहलित्वस्य पर्यायस्तु न धृतः कुतूहलित्वपदं नोचेत्तदासम्यक् । तस्मात्कुतूहलित्वपदं न घटते इति प्रश्नः । एवं च समाधीयते । अत्रापि सविशेषणे विधिनिषेधाविति वामनसूत्रेणैव समाधानं प्रश्नपदं विशेषणं भवति कुतूहलित्वपदं विशेष्यं भवति । विशेष्ये बाधः समायातश्चेद्विशेष्ये विशेषणं सङ्क्रामति तदा यद्विशेषणं तद्विशेष्यं यद्विशेष्यं तद्विशेषणम् । एवमर्थः । एतेन मुनेर्महत्वं सूचितम् । अस्मात् प्रश्नस्य कुतूहलित्वं नाम कुतूहलशब्देनेच्छा न जायते तर्हि प्रश्नस्तु कुत एवेति अस्मासु निःस्पृहाणामधीनं किमिति हेतुत्वात् इति प्रश्नभङ्गः ।

अथ **जनेनमेने शरदः कृतार्थतेत्यत्र त्वतलोर्गुणवचनस्य पुंवद्भाव** इति सूत्रेण गुणवचनस्य पुंवद्भावः शुक्लाया भावः शुक्लत्वमिति जायते परन्तु कृतार्थाया भावः कृतार्थता इति न तु जायते इति महान् संशयः । अत्र समाधानं तु सामान्ये नपुंसकं विधाय समासः कर्तव्यः । अथ **तपनभं दलदीपितमेकतः सततनैषतमोवृतमन्यतः हसितभिन्नतमिस्रचयं पुरः शिभमिवानुगतं गजचर्मणोत्यत्र** ओजः [सहोंभस्तम?] सस्तृतीयाया अलुक् स्यादिति सूत्रेणाम्भः ? शब्दस्य तृतीया अलुक्स्यात् । तदा नैषतमसावृतं नैषतँमोवृतमिति न स्यात् एवं पूर्वपक्षः ।

अत्र समाधानं तु भारविप्रयोगस्तु इत्थं समाधेयः । वृत्तं वृत्तिः नैषतमसो वृत्तिरिति षष्ठीसमासः नपुंसकभावात्तस्य योगे शेषविवक्षायां षष्ठी । सततं नैषतमोवृतं यस्मिन्निति बहुव्रीहिः । यद्वा वृतु वर्तने

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

घञर्थेकविधानमिति भावे क्तः शेषं प्राग्वत् इति दिक् । अथ स्पृहणीयगुणैर्महात्मश्चरिते वर्त्नियच्छतां मनः विधि हेतुरहेतुरागसंविनिपातोपि समः समुन्नतेरित्यत्र विधिहेतुरित्यनेन यस्य विनिपातस्य दैवं कारणम् आगमसा..हेतुरित्नेन अपराधानाम् अकारणमत्र विरुद्धं यस्य विनिपातस्य अपराधः कारणं न एवमर्थः ।

कथ्यते समीचीनम् अत्र हेतुमाह । अपराधानन्तरं विनिपातस्य...सन्नत्वात् इति प्रश्नः । अत्र समाधानं तु आगः शब्दस्य आगः ख्यातौ लक्षणाविनिपातनन्तरभागः ख्यातिर्भवति येन विनिपातेन आगः ख्यातर्भवति इति । सानन्दतनुजाविवाहे तु मतेभीमः(?) सभूमीपति वैदर्भीनिषधेश्वरौ नृपजना निष्ठोक्ति संमृषये स्वानिधराधिपाश्च....दृश्ययान्तः क्रमादेको द्वौ बहवश्चकारसृजतः स्मातेनिरे मङ्गलमित्र(?) सभूमिपतीत्यनेन वैदर्भी निषधेश्वरादीत्यनेन धराधिपा इत्यनेन एक द्वि बहुवचनन्तु आगतमेव किमर्थमेक द्वौ बहव इति प्रश्नः ।

स्वर्गं सङ्गच्छति यदि नाधिपम् इत्यत्र **समोगमादिभ्यश्च** इत्यनेन सूत्रेण सङ्गच्छति इत्यत्र आत्मनेपदं कथं न स्यात् इति प्रश्नः । अत्रोच्यते **समोगमादिभ्यश्च** इति सूत्रे अकर्मकत्वं विवक्षाविषयम् इति दिक् । अथ **वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये । जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ** (रघुवंशम् 1) इत्यत्र पार्वतीपरमेश्वरयोः वागर्थयोरुपमानत्वं न सम्भवति । कुतः पार्वतीपरमेश्वरयोः सम्पृक्तत्वं वरीवर्त्ति वागर्थयोः सम्पृक्तत्वं नास्ति । वागुच्चरितः शब्दस्तु सुखे तिष्ठति । अर्थस्तु अन्यस्थले वर्तते । घट इत्युच्यते चेत् घटशब्दस्तु मुखे घटशब्दस्यार्थस्तु कालगेहे इति प्रश्नः । किञ्च अस्तु नाम । वागर्थप्रतिपत्तये इत्यत्र अर्थशब्दग्रहणं किमर्थं वाक्शब्देनैवासिद्धे सति । अथ तमब्ग्रहणं किमिति अतिशयार्थद्योतनार्थं तत् ।

ननु प्रकारान्तरेणाप्यतिशयार्थ...मः स्यात् । किं तेनेति चेन्न तथाहि कारकेत्यधिकारादस्मिन् सूत्रेण कारके इति तस्य तमनुवर्तते च **तच्चार्थवशाद्विभक्ति विपरिणामम्** इति परिभाषया प्रथमान्त सह साधकपदस्य विशेषणं भवति तेन साधकं कारकं करणमित्यर्थं सम्पद्यते । तत्र च साधककारकयोः समानर्थकत्वादेकेनैव निर्वाहे द्वितीयं पदमिति शपार्थद्योतनेनैव सार्थकं भवति । एवं सत्यपि तमब्ग्रहणं कुर्वताचार्येणास्मिन्नधिकारे सामर्थ्यगम्यः प्रकर्णेनाश्रियते इति सूचितम् इति ज्ञापनफलमुदाहरति ।

गङ्गायां घोष इति यदिदं ज्ञापनं न स्यात्तर्हि **आधारोऽधिकरणम्** (अष्टाध्यायी 1.4.45) इति सूत्रे कारकपदानुवृत्या अतिशयार्थनात् यत्र अव्ययेनाधारत्वं तत्रैव सप्तमी स्यात् तण्डुलेषु पाक इत्यादौ न तु कर्तृकर्मव्यवहिताधरि कटे आस्ते देवदत्तः स्थाल्यामन्नं पचतीत्यादौ गङ्गायां घोषः तटे गावः सुशेरते इत्यादौ सामीपिके आधारे तु कर्त्रलक्षार्थयोरुभयोर्व्यवधानेन क्रियाया विद्यमानत्वात्सप्तमी शङ्कापि निरवकाशेति न च तण्डुलेषु पाक इत्पापि कृदभिहितो भावो द्रव्यवत् प्रकाशते इति न्यायात् क्रियायाः कर्तृव्यवहितत्वं शक्यं द्रव्यवत् प्रकाशते इत्यत्रातिदेशात् द्रव्यकार्याणि लिङ्गसङ्ख्यादीति लभते ।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ननु क्रियात्वं जहतीति तात्पर्यात् न च गङ्गायां घोष इत्यत्र गङ्गापदस्य लक्षणया तीरपरत्वात् कर्तृमात्रव्यवधानमस्तीति वाच्यम् । लक्षणया तीरपरत्वेऽपि प्रवाहप्रतीतेरसम्भवादुभयव्यवधानं तुल्यमिव वस्तुतस्तु तण्डुलेषु पाक इत्युदाहरणं कटे आस्ते स्थाल्यामोदनं पचतीत्यादीनि प्रत्युदाहरणानि इत्येव सुवचनं यन्नामा(?) यत्र चैत्यादिविषयेऽपि तादृशः । येन लिङ्गेन यो देशो युक्तः समभिलक्षते तेनैव नाम्ना......षिणः । इति लक्षणया विनापि सामीपिकाधारस्य वाच्यत्वेन स्वीकारात् ।

अत एवोक्तं वाक्यपदीये । **कर्तृकर्मव्यवहितां साक्षाद्धारये क्रियाम् । उपकुर्वत्क्रियासिद्धौ शास्त्रेऽधिकरणं स्मृतमिति** । अस्मिन् श्लोके साक्षादाधारये क्रियामिति पाठस्तु प्रामादिकः पुनरुक्तिदोषायतेरिति दिक् ।

॥ इति श्रीरामजीभट्टात्मजाशाधरभट्टविरचिता पूर्वपक्षप्रश्नोत्तरा सम्पूर्णा ॥ ॥श्रीरस्तु॥ ॥कल्याणमस्तु॥ ॥ शुभं भवतु ॥ संवत् १८२५ना शाके १७६१ प्रवर्तमाने वैशाखमासे शुक्लपक्षे तिथौ १२ रविवासरे ॥ अहिछत्रज्ञातीरेवासि वारणाना भटपीताम्बरात्मज चक्ररामेण लिखितमिदं पुस्तकं स्वार्थाय ॥ ॥यावत् दृष्टं तल्लिखितं न मे दोषः॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.



पूर्वपक्षमञ्जूषा, प्राच्यविद्यामंदिर, हस्तप्रत - क्रमांक : १०३००

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કવિ મયૂરકૃત रसाष्टकम्

વંદના લેલે*

'સૂર્યશતક'ના રચયિતા કવિ મયૂરથી ભાગ્યે જ કોઈ સંસ્કૃતના અભ્યાસુ અજાણ હશે કારણ કે આ કૃતિ દ્વારા સૂર્યની ઉપાસના કરવાથી કુષ્ઠરોગના શાપથી પીડિત કવિ મયૂર રોગમુક્ત થયાની આખ્યાયિકા સંસ્કૃત સાહિત્યમાં પ્રચલિત છે. કવિ મયૂરનો સમય ઈ.સ. ૭મી સદી ગણાય છે અને તેઓ કાશીના પૂર્વભાગના નિવાસી હતા.[૧] જૈન દંતકથાઓ, ઉત્તરવર્તી ભાષ્યકારોનાં નિવેદનો અને કાવ્યસંગ્રાહકોની પરંપરાના આધારે કવિ મયૂર, બાણભટ્ટ સાથે હર્ષની સભામાં તેમના સાહિત્યિક પ્રતિસ્પર્ધી અને વૈવાહિક સંબંધોના આધારે બાણના જમાઈ અથવા સસરા હતા.[૨] કવિ મયૂરે સૂર્યશતક, મયૂરાષ્ટક અને સુભાષિતસંગ્રહોમાં સંકલિત થયેલાં થોડાં પદ્ય સિવાય બીજા કોઈ ગ્રંથ લખ્યા નથી.[૩] સૂર્યશતક અને મયૂરાષ્ટકની રચનામાંથી મયૂરાષ્ટક એ તેમની પ્રથમ રચના માનવામાં આવે છે. મયૂરાષ્ટકની રચનામાં કવિએ આઠ શ્લોકોમાં પોતાની પુત્રી, જે કવિ બાણની પત્ની હતી તેના સૌંદર્યનું અશ્લીલ વર્ણન કર્યું છે. જેનાથી કુપિત થઈ પુત્રીએ પિતાને કુષ્ઠરોગનો શાપ આપ્યાની કિંવદંતી પ્રચલિત છે જેની નોંધ મધુસૂદનની સૂર્યશતક પર લખેલી ભાવબોધિની ટીકામાં ઉદ્ધૃત થયેલી છે[૪] અને એક જૈન સંસ્કરણ પણ આ જ કિંવદંતીનો ઉલ્લેખ કરે છે.[૫] ત્યારબાદ ઘણા સંપાદકો દ્વારા તેનું પુનરાવર્તન થયેલું જોવા મળે છે. બીજી પ્રચલિત કિંવદંતી જણાવે છે કે એક વખત રાત્રિ લગભગ સમાપ્ત થવા આવી હતી ત્યારે મયૂર કોઈ કારણવશાત્ પોતાના જમાઈ બાણના ઘરે ગયા. બહારથી જ તેમણે બાણ અને તેની પત્ની, એટલે કે પોતાની પુત્રી કે જે બાણ પર અપ્રસન્ન થઈ હતી, તેમની વચ્ચેનો પ્રણયકલહ સાંભળ્યો. બાણ તેને સંસ્કૃતમાં શ્લોક રચીને મનાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ત્રણ પંક્તિ બાણે કહી સંભળાવી અને ચોથી પંક્તિ બાણથી રચાતી ન હતી તે દરમ્યાન મયૂરે તે તૈયાર કરી કહી સંભળાવી જે અશ્લીલ હતી.

'સ્વાધ્યાય' - પુ. ૫૬, વર્ષ ૨૦૧૯, પૃ. ૫૭-૬૬. ISSN 2250-0391

* ૨૦૧, કેશવ, ગુરુપ્રસાદ સોસાયટી, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૦૭, Email : vandana.lele1@gmail.com

૧. वर्णेकर, श्रीधर भास्कर, संस्कृत वाङ्मयकोश, प्रथम खण्ड (ग्रंथकार), भारतीय भाषा परिषद, कलकत्ता, १९८८, पृ. ४०९-४१०

૨. Dasgupta, S. N., *A History of Sanskrit Literature and Classical Period*, Vol. I, University of Calcutta, 1947, pp. 188-189.

૩. त्रिपाठी रमाकान्त, श्रीमयूरभट्टविरचितं सूर्यशतकम् 'कला' - हिन्दीव्याख्योपेतम्, चौखम्बा विद्याभवन, वाराणसी, १९६४, पृ. १२

૪. એજન, પૃ. ૧૪-૧૫

૫. Quackenbos, G. P., *The Sanskrit Poems of Mayūra*, Columbia University Press, New York, 1917, p. 69

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

તે સાંભળી કુપિત થયેલી પુત્રીએ પોતાના પિતા મયૂરને કુષ્ઠરોગનો શાપ આપ્યો.[૬] આ શાપના નિવારણ માટે મયૂરે સૂર્યશતકની રચના કરી. તે સંદર્ભના આધારે મયૂરાષ્ટકને કવિ મયૂરની પ્રથમ રચના ગણી શકાય. સૂર્યશતકના ટીકાકાર રમાકાન્ત ત્રિપાઠી કહે છે કે, મયૂરાષ્ટકની ભાષા તથા શૈલીના આધાર પરથી પણ તેને તેમની પ્રારંભિક રચના માની શકાય.[૭]

ઉપર જણાવ્યા પ્રમાણે મયૂરના નામે સૂર્યશતક, મયૂરાષ્ટક અને થોડાં સુભાષિત નોંધાયેલાં છે. આ સંશોધનાત્મક લેખમાં અષ્ટક રચનાના આધારે ઉલ્લેખિત કવિ મયૂરકૃત રસાષ્ટકમ્ અને મયૂરાષ્ટકમ્ વચ્ચેનો સંબંધ શું ? આ બંને એક જ કૃતિ છે કે ભિન્ન ? આ બે રચનાઓનો કવિ મયૂર એક જ છે કે ભિન્ન ? ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

હસ્તપ્રતનું વિવરણ :

વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરના હસ્તપ્રત વિભાગમાં રસાષ્ટકની પ્રત સંગ્રહિત છે અને તે અદ્યાવધિ અપ્રકાશિત છે.[૮] તેનું વિવરણ નીચે મુજબ છે.

ક્રમાંક	:	૧૭૪૨	ગ્રંથ સંખ્યા	:	૩૯
વિષય	:	કાવ્ય	પરિમાણ	:	૨૭.૫ × ૧૧.૫૦
શીર્ષક	:	રસાષ્ટક	ભાષા	:	સંસ્કૃત
લેખક	:	મયૂરકવિ	લિપિ	:	દેવનાગરી
પૃષ્ઠ સંખ્યા	:	૨			

આ હસ્તપ્રતની પુષ્પિકામાં સમય, સ્થળ તથા લહિયા વિષે કોઈ પણ પ્રકારની માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ, તેમાં સ્પષ્ટપણે આ કૃતિના કર્તા તરીકે કવિ મયૂરનો ઉલ્લેખ છે. હસ્તપ્રતનું લખાણ સ્પષ્ટ અને સુવાચ્ય છે. કોઈ કોઈ સ્થળે લહિયાથી જે અક્ષરો લખવાના રહી ગયા છે તેની નોંધ હાંસિયામાં અથવા તો પંક્તિની ઉપર યોગ્ય

---

૬. गतप्राया रात्रिः कृशतनु शशी शीर्यत इव
प्रदीपोऽयं निद्रावशमुपगतो घूर्णत इव ।
प्रणामान्ते मानं त्यजसि न यथा त्वं क्रुधमहो
कुचप्रत्यासत्त्या हृदयमपि ते चण्डि कठिनम् ॥ त्रिपाठी रमाकान्त, श्रीमयूरभट्टविरचितं सूर्यशतकम्, पृ. १२

૭. એજન, પૃ. ૧૪

૮. *An Alphabetical List of Sanskrit Manuscripts in the Oriental Institute of Baroda*, Vol. II, Compiled by Raghavan Nambiar, Oriental Institute, Baroda, 1999, pp. 290-291.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રકારનાં ચિહ્નો દ્વારા દર્શાવેલ છે. હસ્તપ્રત માટે વપરાયેલ કાગળની સ્થિતિ ઘણી જ સારી છે. આ બધાં નિરીક્ષણોના આધારે હસ્તપ્રતના લખાણના સમયગાળાનું અનુમાન આશરે ૧૮/૧૯મી સદી કરી શકાય.

વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરની આ હસ્તપ્રત *New Catalogus Catalagorum* (NCC) Vol. XXIIIમાં રસાષ્ટકના શીર્ષક હેઠળ નોંધાયેલી છે. અને તેની સાથે, આ જ શીર્ષક હેઠળ કવિ મયૂરના નામે વડોદરા સ્થિત છાણી જૈન ભંડારમાં તેની વધુ એક પ્રતની પણ નોંધ છે. આ બે પ્રત સિવાય રસાષ્ટકની ત્રીજી પ્રત 'R. A. Sastri, 1, p. 60' ના નામ હેઠળ સંગ્રહિત છે.[૯] આ પ્રમાણે રસાષ્ટકની કુલ ત્રણ હસ્તપ્રત છે. વડોદરા સ્થિત છાણી જૈન ભંડારમાંથી આ પ્રત મેળવવા પ્રયત્નો કરેલ પરંતુ હસ્તપ્રત મેળવી શકાઈ નથી. આ સંસ્થાના પ્રતિનિધિના નિવેદન મુજબ આ પ્રત ભંડારમાંથી ખોવાઈ ગઈ છે.[૧૦] આ દુર્ભાગ્યની બાબત છે.

આ ઉપરાંત NCC ના બીજા ખંડો પણ રસાષ્ટકની જુદાં જુદાં શીર્ષક હેઠળ, કવિ મયૂરના જ નામે દેશના વિવિધ હસ્તપ્રત ભંડારોમાં ઉપલબ્ધિ દર્શાવે છે. જેની માહિતી નીચે મુજબ છે.

NCC, Vol. XVIII - મયૂરાષ્ટક, શૃઙ્ગારાષ્ટક અને રસાષ્ટક[૧૧]

NCC, Vol. XXXV - શૃઙ્ગારરસાષ્ટક અને મયૂરાષ્ટક[૧૨]

મયૂરકવિનું બીજું નામ મયૂરશર્મન પણ છે અને મયૂરાષ્ટક એ શૃઙ્ગારરસાષ્ટક તરીકે પણ ઓળખાય છે તેવી નોંધ NCC, Vol. XVIII અને NCC, Vol. XXXVમાં છે.[૧૩]

ઉપર જણાવેલ વિવરણ સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે મયૂરાષ્ટક, શૃઙ્ગારાષ્ટક, રસાષ્ટક અને શૃઙ્ગારરસાષ્ટક મયૂરકવિની જુદાં જુદાં શીર્ષકો હેઠળની એક જ રચના છે.

મયૂરાષ્ટકની હસ્તપ્રતનો પ્રથમ સંદર્ભ :

સંસ્કૃત સાહિત્યમાં મયૂરાષ્ટકની હસ્તપ્રતનો સૌપ્રથમ ઉલ્લેખ George Payn Quackenbos દ્વારા કરવામાં આવ્યો છે તેમ વિવિધ સંદર્ભો અને એકમાત્ર પૂર્ણપણે ઉપલબ્ધ પ્રકાશિત આવૃત્તિ (પ્ર. આ.)ના આધાર પરથી

---

૯. *NCC,* Vol. XXIII, Ed. Siniruddha Dash, University of Madras, Chennai, 2011, pp. 290-291.

૧૦. ટેલીફોનિક સંવાદ તા. ૬-૭-૨૦૧૯ અને છાણી-દેરાસરની મુલાકાત ૬-૭-૨૦૧૯, ૨૦-૭-૨૦૧૯

૧૧. *NCC,* Vol. XVIII, 2007, pp. 274

૧૨. એજન, Vol. XXXV, 2014, p. 101

૧૩. એજન, Vol. XVIII, 2007, p. 270, Vol. XXXV, 2014, p. 101

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

તારવી શકાય છે. તેમણે સન ૧૯૧૧માં કવિ મયૂર વિષે અને મયૂરાષ્ટકનો અનુવાદ (Journal of American Oriental Society, Vol. 31, pp. 343-354માં 'The Mayūrāṣṭaka, an unedited Sanskrit poem by Mayūra' શીર્ષક હેઠળ) કર્યો છે. અને સન ૧૯૧૭માં થોડા સુધારાઓ સાથે તે Columbia Universityથી ફરી પ્રકાશિત કરવામાં આવ્યું છે[૧૪]. આ પુસ્તકમાં તેઓ જણાવે છે કે તેમણે શારદા લિપિમાં ભૂર્જપત્ર પર લખાયેલી Tübingen Universityમાં સંગ્રહિત હસ્તપ્રતના આધારે મયૂરાષ્ટકનું લિપ્યંતર, તેનો અનુવાદ અને આવશ્યક ટિપ્પણીઓ લખી છે. આ હસ્તપ્રતના લખાણના સમયનું અનુમાન તેઓ લગભગ ૧૭મી સદીનું કરે છે. તેઓ વધુમાં જણાવે છે કે આ હસ્તપ્રત Prof. Garbeના સન ૧૮૯૯ના 'સંસ્કૃત હસ્તપ્રતનું સૂચિપત્ર', જે Tübingen Universityમાં છે તેમાં નોંધાયેલી છે.[૧૫] આ જ હસ્તપ્રતની નોંધ Theodor Aufrecht દ્વારા ૧૯૦૩માં પ્રકાશિત થયેલા Catalogus Catalogorm (CC)માં પણ છે.[૧૬]

આ લેખમાં પ્રાચ્યવિદ્યામંદિરની હસ્તપ્રતના આધારે रसाष्टकम् કાવ્યને સંપાદિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. George Payn Quackenbosની ઉપર નિર્દિષ્ટ મયૂરાષ્ટકની પ્રથમ આવૃત્તિને જોતા સ્પષ્ટપણે જણાય છે કે બંને હસ્તપ્રતોના મૂળ સ્રોત ભિન્ન છે. તેથી માત્ર પ્રાચ્યવિદ્યામંદિરની એક જ હસ્તપ્રતના આધારે रसाष्टकम् નું સંપાદન કર્યું છે અને George Payn Quackenbosની સંપાદિત આવૃત્તિમાંથી અત્યંત આવશ્યક જણાતા પાઠભેદોને પાદટીપમાં નોંધ્યા છે. હસ્તપ્રતનાં લખાણમાં 'બ' ની જગ્યાએ 'વ' અને 'શ' ની જગ્યાએ 'સ' નો ઉપયોગ અને કોઈ કોઈ સ્થળે શબ્દોમાં દ્વિત્વ ભારતના પૂર્વ ભૌગોલિક પ્રદેશની લાક્ષણિકતાના દર્શન કરાવે છે.

રસાષ્ટક કાવ્ય વિષે :

રસાષ્ટકમ્ નું શીર્ષક ભ્રાંતિ ઉપજાવનારું છે કારણ કે તેના પરથી સંસ્કૃત સાહિત્યમાં વર્ણવેલા શૃઙ્ગાર ઇત્યાદિ આઠ રસોની પ્રતીતિ થઈ શકે છે. આ કાવ્યમાં નારીના સૌંદર્યનું શૃંગારિક વર્ણન છે. આ નારી તેના પ્રિયતમને મળીને પાછી ફરતી અભિસારિકા જણાય છે. અભિસારિકાની વ્યાખ્યા, તેના વિવિધ પ્રકાર અને પ્રેમીઓના મળવાનાં સ્થાનોની સાહિત્યદર્પણમાં (સા. દ.) વિશ્વનાથે વિસ્તારથી સોદાહરણ ચર્ચા કરી છે (સા. દ. ૩.૭૬-

---

૧૪. Quackenbos, G. P., એજન, p. 69

૧૫. એજન, પૃ. ૬૯

૧૬. *CC*, Part III, Theodor Aufrecht, Leipzig, Otto Harrassowitz, 1903, p. 93

૧૭. साहित्यदर्पणः, व्याख्याकार-सत्यव्रतसिंह, चौखम्बा विद्याभवन, वाराणसी, २०१५, पृ. १६९-१७१

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૨.૮૧).[૧૭] આ વ્યાખ્યાઓના આધારે શ્લોક-૧ ને અહીં ઉદ્ધૃત કર્યો છે જે વિશ્વનાથે વર્ણવેલી ત્રણ પ્રકારની અભિસારિકાઓ કુલજા, વેશ્યા અને પ્રેષ્યામાંથી બીજા પ્રકારની એટલે કે વેશ્યા-અભિસારિકા[૧૮]નાં વર્ણન બંધબેસતાં છે.

का एषा नूतनाङ्गी प्रचलितनयना हंसलीला व्रजन्ती ।
द्वौ हस्तौ कुङ्कुमार्द्रौ कनकविरचितौ नूपुरौ शब्दयन्ती ॥

इत्थं मार्गे(र्गं) गतां(ता) सा व(ब)हुकुसुमलसा व(ब)द्धवेणी लुठन्ती ।
ताम्वूलम्वामहस्ते(ताम्बूलं वामहस्ते) प्रहसितवदना गुह्यशालां प्रविष्टा ॥१॥

આ શ્લોક પ્રમાણે કાવ્યની નાયિકા કોઈ સુંદરી છે કે જે નૂતનાંગી છે. તેની નજર આમતેમ ફરે છે. હંસની લીલા પ્રમાણે ચાલતી, તેના બંને હાથ કુમકુમથી રંગાયેલા છે અને તે સુવર્ણ ઝાંઝરોનો ઝંકાર કરે છે. માર્ગમાંથી પસાર થતા તેની ફૂલોથી સુશોભિત વેણી આમતેમ હલાવતી, પાન ડાબા હાથમાં રાખી, મુખ પર હાસ્ય સાથે તે એકાંત સ્થાને પ્રવેશી.

તદુપરાંત સાહિત્યદર્પણમાં દર્શાવેલા અભિસરણનાં આઠ સ્થાન[૧૯]ના નિદર્શન પ્રમાણે કાવ્યની નાયિકા એકાંત સ્થળ પસંદ કરે છે. કાવ્યના શ્લોક નં ૬ અને ૭માં આ જ પ્રકારનું વર્ણન જોવા મળે છે. સંપાદક રમાકાન્ત ત્રિપાઠી અને એસ. એન. દાસગુપ્તાએ પણ મયૂરાષ્ટકના સંદર્ભમાં આ જ મત પ્રદર્શિત કર્યો છે.[૨૦] કાવ્યની રચનામાં પ્રયોજાયેલા અત્યંત સરળ લઘુ સમાસ આ કાવ્યની વિશેષતા છે. કાવ્યના શ્લોક નં ૧, ૫ અને ૬ સ્રગ્ધરા વૃત્તમાં નિબદ્ધ છે. જ્યારે શ્લોક નં. ૨, ૩,

---

૧૮. विचित्रोज्ज्वलवेषा तु रणन्नूपुरकङ्कणा । प्रमोदस्मेरवदना स्याद्वेश्याऽभिसरेद्यदि ॥ सा द. ३.७८

૧૯. क्षेत्रं वाटी भग्नदेवालयो दूतीगृहं वनम् । मालापञ्चः श्मशानं च नद्यादीनां तटी तथा ॥ सा द. ३.८०
एवं कृताभिसाराणां पुंश्चलीनां विनोदने । स्थानान्यष्टौ तथा ध्वान्तच्छन्ने कुत्रचिदाश्रये ॥ सा द. ३.८१

૨૦. त्रिपाठी रमाकान्त, श्रीमयूरभट्टविरचितं सूर्यशतकम्, पृ. १४-१५
Dasgupta, S. N., એજન, pp. 188-189.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૪, ૭ અને ૮ શાર્દૂલવિક્રીડિતમાં છે.

रसाष्टकम्

श्रीगणेशाय नमः ॥[१]

का[२] एषा[३] नूतनाङ्गी[४] प्रचलितनयना हंसलीला व्रजन्ती
द्वौ हस्तौ कुङ्कुमार्द्रौ कनकविरचि[५]तौ नूपुरौ शब्दयन्ती ।
[६]इत्थं मार्गे(र्गं) गतां(ता) सा बहुकुसुमलसा[७] बद्धवेणी[८] लुठन्ती[९]
ताम्बूलं वामहस्ते प्रहसितवदना[१०] गुह्यशालां प्रविष्टा ॥१॥

का एषा स्तनपीनभारकठिना मध्ये दरिद्रावती[११] ।
विभ्रान्ता हरिणी विलोलनयना सत्यक्तयूथावली (संत्रस्तयूथोद्गता) ॥
मतश्चैक(अन्तःस्वेद)[१२] गजेन्द्रगण्डगलिता जङ्गम्यते[१३] लीलया[१४] ।
दृष्ट्वा रूपमिदं जनङ्ग(प्रियाङ्ग)गहनं वृद्धोऽपि कामयते(कामायते) ॥२॥

[१५]का एषा ललिता सकान्तितिलका बन्धूकपुष्पाधरा ।
[१६]गात्रं चम्पकपुष्पवर्णसदृशं यस्यास्ति(?) पीनस्तनी (पीनस्तनौ) ॥
वक्त्रं वामृतपूरितं[१७] शशिमुखी[१८] क्षामोदरी सुन्दरि(री)
[१९]त्रैलोक्यस्त्रयकान्तियूथजघिनी(?) रूपं परं बिभ्रती ॥३॥

का एषा (परिपूर्ण)चन्द्रवदना [२०]गौरी मृगाक्षी [२१]शिवालीला(शिवा) ।

---

१. प्र. આ. ॐ नमः श्रीहरिहराभ्याम् ॥ २. प्र. આ શ્લોક નં. ૧, ૨, ૩, ૪, ૫, ૭ અને ૮ एषा ३. का ४. प्र. આ. प्रस्तुतांगी ५. प्र. આ. 'कनकविरचित् ....' त्रुटित. ६. प्र. આ. '... [गां] गेगता' त्रुटित. ७. प्र. આ. बहुकुसुमयुता ८. प्र. આ. बद्धवीणा ९. प्र. આ. हसन्ती १०. प्र. આ. मदनवशगता. ११. प्र. આ.માં સંપાદક જણાવે છે કે આ શબ્દ શબ્દકોશોમાં મળ્યો નથી. १२. प्र. આ. अम्तःस्वेद १३. प्र. આ. सलीलया १४. प्र. આ. गच्छति १५. प्र. આ. एषा का जघनस्थली सुललिता प्रोन्मत्तकामाधिका १६. प्र. આ. भूभङ्गं कुटिलं त्वनङ्गधनुषः प्र. આ. प्रख्यं प्रभाचन्द्रवत् १७. प्र. આ. राकाचन्द्रकपोलपङ्कजमुखी १८. प्र. આ. દર્શાવતું નથી. १९. प्र. આ. वीणीदण्डमिदं विभाति तुलितं वेलम्भुजं गच्छति २०. प्र. આ. गौरीमृगा २१. प्र. આ. क्षोभिनी २२. लीलामत्त-गजेन्द्रहंसगमना......त्रुटित.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

[૨૨](लीला)मत्तगजेन्द्रहंसगमना स्वर्गाङ्गना भूतले ॥

[૨૩]रूपैरङ्गसुगन्धशीतलमुखी वाचामृतभाषिणी
श(सा) श्लाघ्या पुर(रु)षस्य[૨૪] [૨૫]जीवितमिदं यस्या(स्य) प्रिया [૨૬]तादृशी ॥४॥

का एषा भुक्तयुक्ता[૨૭] प्रहसितवदना[૨૮] खे(स्वे)दलग्नाङ्गवस्त्रा
प्रत्यूषे याति बाला [૨૯]चलितमृगदृशी सर्वतः प्रेक्षयन्ती[૩૦] ॥
केनेदम्वक्त्रपद्मं (केनेदं वक्त्रपद्मं) स्म(स्फु)रदधरपुटं[૩૧] षट्पदेनैव पीतं
स्वर्गाः (र्गः) केनाद्य भुक्तो हरिहरनमितः(तो)[૩૨] मन्मथः कस्य तुष्टः ॥५॥

वामेनावेष्टयन्ती प्रचलितकुसुमा(मं)[૩૩] केरि(श)भारं क्रमेण(करेण)
प्रभ्रष्टश्(ष्टं) चोत्तरीयं रतिगृहशिथिली(लीं)[૩૪] मेखला(लां) दक्षिणेन ॥
ताम्वूलं चर्व्वयन्ती[૩૫] प्रहसिता(त)वदना मुक्तकेशा[૩૬]नुरागा ।
निष्क्रान्ता गुह्यदेशान्मदनवशगता मारुतं प्रार्थयन्ती ॥६॥

का एषा नवयौवना शशिमुखी [૩૭]कान्ता पथे निर्गता[૩૮] (पथान्निर्गता)
निद्राव्याकुल(लि)ता विघूर्णनयना संपक्वबिम्बाधरा ॥
केशैर्व्याकुलिता नखै[૩૯]र्व्विकचिता दन्त(न्तै)श्च खण्डीकृता

---

૨૩. प्र. આ. निःश्वासाधरगंधशीतलमुखी वाचा मृदूल्लासिनी ૨૪. प्र. આ. पुरुषस्स ૨૫. प्र. આ. जीवति वरो ૨૬. प्र. આ. हीदृशी ૨૭. प्र. આ. भुक्तमुक्ता ૨૮. प्र. આ. प्रचलितनयना ૨૯. प्र. આ. मृग इव चकिता ૩૦. प्र. આ. शंकयन्ती ૩૧. प्र. આ. स्फुरदधररसं ૩૨. प्र. આ. हरनयनहतो ૩૩. प्र. આ. प्रविरलकुसुमं ૩૪. प्र. આ. रतिपतितगुणां ૩૫. प्र. આ. ताम्बूलं चोदवहन्ती ૩૬. प्र. આ. मुक्तकेशा नरागा ૩૭. प्र. આ. कान्तापथी ૩૮. प्र. આ. गच्छति ૩૯. प्र. આ. विदलिता ૪૦. प्र. આ. रमिता

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

केनेदं रतिराक्षसेन रचिता४० शार्दूलविक्रीडिता ॥७॥

४१का एषा ४२कदलीसमानजघना प्रोन्मत्तकामाधिका
भूभङ्गैर्द्धनुषाररङ्गकुटिला(?) पुष्पैस्सका(पुष्पैश्च सा) मोदिनी ॥
श्रोणीकाञ्चनमेखलाकटितटे(?) मध्ये सपुष्टिग्रहाः(?)
तां दृष्ट्वा परिपूर्णचन्द्रवदना(नां) तुष्यंति के(चे)न्द्रादयः ॥८॥

॥ ४३इति श्रीमयूरकविरचितं रसाष्टकं समाप्तम् ॥

નિરીક્ષણો :

रसाष्टकम् ની પ્રતનો અભ્યાસ કરતાં જણાય છે કે,

1) NCCના વિવિધ ખંડો અને CC માં સંકલિત કરેલી માહિતીના આધારે મયૂરાષ્ટક, શૃઙ્ગારાષ્ટક, રસાષ્ટક અને શૃઙ્ગારરસાષ્ટક મયૂરકવિની જુદાં જુદાં શીર્ષકો હેઠળ એક જ રચના છે તેવું જણાય છે. આ હસ્તપ્રતોનું વિવિધ પ્રદેશોમાં સંક્રમણ થવાને લીધે તેનાં શીર્ષકોમાં અને પાઠમાં લહિયાઓ દ્વારા પરિવર્તનની શક્યતાઓને નકારી શકાય નહીં.

2) Theodor Aufrecht દ્વારા 1903માં પ્રકાશિત થયેલા CCમાં, મયૂરાષ્ટકના શીર્ષક હેઠળ, મયૂરના નામે Tübingen University માં જે પ્રત સંગ્રહિત છે તેની જ નોંધ છે નહિ કે રસાષ્ટકમ્ની. પરંતુ તે પછી પ્રકાશિત

---

૪૧. પ્ર. આ.માં આ શ્લોકની પંક્તિઓ ભિન્ન છે અને તેનો પાઠ આ પ્રમાણે છે
एषा का रतिहावभावविलसच्चन्द्राननं बिभ्रती
गात्रं चम्पकदामगौरसदृशं पीनस्तनालंबिता
पदभ्यां संचरती प्रगल्भाहरिणी संलीलया स्वेछया
किं चैषा गगनांगना भुवितले संपादिता ब्रह्मणा

૪૨. હાલની હસ્તપ્રતની શ્લોક ૮(અ) નો પાઠ, પ્ર. આ.ના શ્લોક નં. ૭ (અ)ની પંક્તિ एषा का जघनस्थली सुललिता प्रोन्मत्तकामाधिका સાથે આંશિકતયા સાદશ્ય ધરાવે છે. જેમાં कदलीसमानजघना ના સ્થાને जघनस्थली सुललिता એવા બે સામાસિક શબ્દો યોજવામાં આવેલ છે.

૪૩. પ્ર. આ. इति श्रीमयूराष्टकं समाप्तम् ।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

થયેલા NCCના વિવિધ ખંડો, મયૂરાષ્ટક ઉપરાંત વિવિધ નામોનો નિર્દેશ કરે છે. તે એવું માનવા માટે પ્રેરિત કરે છે કે આ બધાં પરિવર્તનો પરવર્તી હોઈ શકે છે.

3) રસાષ્ટકમ્ ની ફક્ત ત્રણ જ પ્રત નોંધાયેલી છે અને તેમાંથી બે પ્રત વડોદરામાં સંગ્રહાયેલી જોવા મળે છે. ત્રીજી પ્રત જે 'R. A. Sastri, 1, p. 60' ના સંગ્રહમાં નોંધાયેલી છે તે સ્થળનો નિર્દેશ નથી કરતી.

4) અભ્યાસ હેઠળની આ પ્રતમાં પાદટીપોમાં નોંધવામાં આવેલ અસંખ્ય પાઠભેદો, પાઠમાં ખામીઓ, નવા શબ્દોનાં ઉમેરા, ઘણી જગ્યાએ પ્ર. આ. ની પંક્તિની જગ્યાએ નવી પંક્તિની રચના, શબ્દોના સ્થાનની અદલાબદલી (एषा काના સ્થાન પર का एषा), અસંખ્ય વ્યાકરણદોષો, સમાસરચનામાં ખામી ઇત્યાદિ પરથી એવું તારવી શકાય કે આ પ્રત પ્ર. આ. થી ઘણી જ દૂર છે. ઉપરાંત, હસ્તપ્રત અને પ્ર.આ.ના શ્લોકક્રમાંકોમાં પણ પરિવર્તન જણાયાં છે. આ તારણો ઉપરથી એવું અનુમાન કરી શકાય કે આ કૃતિનો કવિ મયૂર અતિપ્રસિદ્ધ કવિ મયૂર નહીં પણ અન્ય જ કોઈ હોઈ શકે. તેણે મૂળ કવિની કૃતિનું અનુસરણ કરીને કદાચ પોતાની એક સ્વતંત્ર રચના કરી હશે ! કવિ, લગભગ તેની કારકિર્દીના પગથિયા પર હોઈ શકે. તદુપરાંત, આ હસ્તપ્રત નિ:સંદેહ એક અયોગ્ય લહિયાના હાથે લખાઈ છે. આ નિરીક્ષણો અને પ્રસ્તુત કરેલ અનુમાનના સમર્થન રૂપે, નીચે દર્શાવેલ કોષ્ટકમાં પરિવર્તિત શ્લોક ક્રમાંકની સાથે બંને કૃતિની ફક્ત પ્રથમ પંક્તિ દર્શાવવામાં આવી છે.

શ્લોક નં.	હસ્તપ્રતમાં ઉદ્ધૃત શ્લોકની પંક્તિ	શ્લોક નં.	પ્ર. આ.માં ઉદ્ધૃત શ્લોકની પંક્તિ
૧.	का एषा नूतनाङ्गी प्रचलितनयना हंसलीला व्रजन्ती	૧.	एषा का प्रस्तुताङ्गी प्रचलितनयना हंसलीला व्रजन्ती
૨.	का एषा स्तनपीनभारकठिना मध्ये दरिद्रावती	૨.	एषा का स्तनपीनभारकठिना मध्ये दरिद्रावती
૩.	का एषा ललिता सकान्तितिलका व(ब)न्धूकपुष्पाधरा	૩.	- -
૪.	का एषा (परिपूर्ण)चन्द्रवदना गौरी मृगाक्षी शिवालीला(शिवा)	૪.	एषा का परिपूर्णचन्द्रवदना गौरीमृगा क्षोभिनी
૫.	का एषा भुक्तयुक्ता प्रहसितवदना स्वे(स्वे)दलग्राङ्गवस्त्रा	૫.	एषा का भुक्तयुक्ता स्वेदलग्नांगवस्त्रा

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શ્લોક નં.	હસ્તપ્રતમાં ઉદ્ધૃત શ્લોકની પંક્તિ	શ્લોક નં.	પ્ર. આ.માં ઉદ્ધૃત શ્લોકની પંક્તિ
6.	वामेनावेष्टयन्ती प्रचलितकुसुमा(मं) केरि(श)भारं क्रमेण(करेण)	6.	वामेनावेष्टयन्ती प्रविरलकुसुमं केशभारं करेण
7.	का एषा नवयौवना शशिमुखी कान्ता पथे निर्गता (पथान्निर्गता)	7.	एषा का नवयौवना शशिमुखी कान्तापथी गच्छति
8.	का एषा कदलीसमानजघना प्रोन्मत्तकामाधिका	-	-

નિષ્કર્ષ :

સન ૧૯૧૭માં પ્રકાશિત મયૂરાષ્ટકની આવૃત્તિ પછી તેની બીજી કોઈ પણ પ્રકાશિત આવૃત્તિ ધ્યાનમાં આવી નથી સિવાય કે કોઇક પુસ્તકોમાં તેનાં છૂટાછવાયા સંદર્ભો. તેથી, રસાષ્ટકના હાલના સંશોધનને ધ્યાનમાં લેતા, વિવિધ શીર્ષકો ધરાવતી, અનેક હસ્તપ્રત ભંડારોમાં સંરક્ષિત આ લઘુ હસ્તપ્રતની સમીક્ષિત આવૃત્તિની જરૂર જણાય છે. જેનાથી હસ્તલેખનના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં તેનો યથાર્થ અભ્યાસ થઈ શકે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ગુજરાતનાં પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરો– શિખરથી અસ્તાચલ ભણી

મણિભાઈ પ્રજાપતિ*

આપણાં પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરો તો ભારતીયવિદ્યા - Indologyનાં અધ્યયન - અધ્યાપન - સંશોધન - પ્રકાશનનાં ઊર્જાશીલ કેન્દ્રો છે. આપણાં ફેફસાં પણ છે, આપણું મસ્તિક પણ છે, અને આપણું હૃદય પણ છે. એક જમાનો હતો કે સમગ્ર દેશમાં ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં પ્રાચ્યવિદ્યા મંદિરો - Oriental Research Institutes / Manuscript Librariesની સ્થાપના અને સંવર્ધનમાં રાષ્ટ્રનું ગૌરવ ગણીને તત્કાલીન દષ્ટિપૂત શાસકો અને પ્રજ્ઞાવાન શ્રેષ્ઠીઓ / જૈનમુનિ ભગવંતો દ્વારા ભારે મોટો રસ લેવામાં આવતો હતો. પરિણામસ્વરૂપે, આજે સમગ્ર દેશમાં અર્ધશતાધિક ક્રિયાશીલ - Vibrant સંસ્થાઓ અસ્તિત્વમાં છે, જેમકે એશિયાટિક સોસાયટી (કોલકતા), ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (પૂના), અડ્યાર લાઈબ્રેરી એન્ડ રિસર્ચ સેન્ટર (અડ્યાર, ચેન્નઈ), ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (મૈસૂર), ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ મેન્યુસ્ક્રિપ્ટસ લાઈબ્રેરી (ત્રિવેન્દ્રમ), વિશ્વેશ્વરાનંદ વૈદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (હોશિયારપુર, પંજાબ), ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાઈબ્રેરી એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પટણા વગેરે. આ બધી સંસ્થાઓ આજે પણ પ્રાચ્યવિદ્યા ક્ષેત્રે રાષ્ટ્રનાં ગૌરવશિખરો બની રહી ભારતીયવિદ્યાના દેશ-વિદેશના જિજ્ઞાસુઓને પોતાની સેવાઓ આપી રહી છે.

આ સાથે જ ગર્વપૂર્વક નોંધવું રહ્યું કે ગુજરાત પણ પ્રાચ્યવિદ્યાનાં સંસ્થાનો ક્ષેત્રે એક સમયે અગ્રણી રાજ્ય રહ્યું હતું. આ અંતર્ગત ૧. પ્રાચ્યવિદ્યા મંદિર = ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા (૧૯૨૭) અને ૨. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર = એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદ (૧૯૫૬) જેવી વિશ્વવિખ્યાત સંસ્થાઓએ પોતાની બહુઆયામી મૂઠી ઊંચેરી વિદ્યાકીય પ્રવૃત્તિઓ થકી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. આ બંને અનુદાનિત સંસ્થાઓ ઉપરાંત ૩. ગુજરાત વિદ્યાસભા હવે, ભો. જે. અધ્યયન - સંશોધન વિદ્યાભવન (અમદાવાદ), ૪. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (દ્વારકા) અને ૫. મહર્ષિ વેદ-વિજ્ઞાન અકાદેમી (અમદાવાદ - આ અકાદેમી સંભવતઃ તાજેતરમાં બંધ કરવામાં આવી છે) પણ અનુદાનિત સંસ્થાઓ તરીકે કાર્યરત છે. આ સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે આચાર્યશ્રી પદ્મસાગરસૂરિ મહારાજ

'સ્વાધ્યાય' - પુ. ૫૬, વર્ષ ૨૦૧૯, પૃ. ૬૭-૭૩. ISSN 2250-0391

* કડી સર્વ વિશ્વવિદ્યાલય, એઈ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨ ૦૧૫,
M: 9601273836

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સાહેબ અને આચાર્યશ્રી વિજય શીલચંદ્રસૂરિજી મહારાજ સાહેબની પ્રેરણાથી અનુક્રમે 'આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર' (કોબા-ગાંધીનગર) અને 'આચાર્ય વિજય નેમિસાગરસૂરિ ગ્રંથાલય' (હઠીસિંહ જિનાલય, અમદાવાદ) રાજ્યની સહાય વગર સમૃદ્ધ સંગ્રહ થકી ઉદાહરણસ્વરૂપ સેવાઓ પૂરી પાડી રહ્યાં છે, જે માત્ર ગુજરાતનું જ નહી પણ રાષ્ટ્રનું ગૌરવ છે. આ બધી સંસ્થાઓનું રાષ્ટ્રના - વિદ્યાજગતના વિકાસમાં મહિમાવંતુ પ્રદાન રહ્યું છે. આગળ ઉપર ઉલ્લેખિત ગુજરાતની પ્રથમ ત્રણ સંસ્થાઓ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી વગેરે ભાષાઓની આશરે સવા લાખથી અધિક અલભ્ય અને બહુમૂલ્ય હસ્તપ્રતો, જૈનચિત્રકળાના ઉત્તમોત્તમ નમૂનાઓ પૂરા પાડતી સચિત્ર હસ્તપ્રતો ઉપરાંત મોટી સંખ્યામાં અલભ્ય મુદ્રિત પુસ્તકો, દસ્તાવેજો, શિલ્પકૃતિઓ વગેરેનો સમૃદ્ધ ખજાનો ધરાવે છે. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનો ગ્રંથસંગ્રહ તો રાષ્ટ્રીય જૈનસાહિત્યના ગ્રંથાલયનું બિરૂદ પામે તેવો સમૃદ્ધ છે, જ્યારે ભો. જે.ના ગ્રંથાલયમાં ગુજરાતી ભાષા-સાહિત્યનાં અલભ્ય એવાં પુસ્તકો અને પત્ર-પત્રિકા ઉપરાંત ભારતીયવિદ્યાનાં અણમોલ પુસ્તકો સંગૃહીત છે.

પ્રકાશન પ્રવૃત્તિ : આ સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ વિદ્વત્પ્રકાશનોએ તો વિશ્વભરના વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું છે, જેના પરિણામે વિશ્વભરનાં ગ્રંથાલયોમાં સ્થાન પણ પામ્યાં છે. 'પ્રાચ્યવિદ્યા મંદિર' દ્વારા 'Gaekwad's Oriental Series' હેઠળ આજદિન સુધી ૧૯૦+ તથા અન્ય ગ્રંથમાળાઓ હેઠળ એક હજારથી વધુ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. આ ગ્રંથમાળાનાં બહુમૂલ્ય પ્રકાશનોને ધ્યાને લઈ Prof. Sylvain Levi એ ''Standing at the head of the many collections now published in India'', The Asiatic Review, London એ ''It is one of the best series issued in the East'' વગેરએ ભૂરિ ભૂરિ પ્રશંસા કરીને તેની નોંધ લીધી છે. આ અંતર્ગત 'રામાયણ'ની સમીક્ષિત આવૃત્તિ ઉપરાંત, શાંતરક્ષિત કૃત 'તત્ત્વસંગ્રહ : કમલશીલની ટીકા પંજિકા સહિત', 'સાધનમાલા', 'સાબરભાષ્ય', 'સમરાંગણસૂત્રધાર', 'અપરાજિતપૃચ્છા', 'નાટ્યશાસ્ત્ર : અભિનવ ગુપ્તની ટીકા સહિત', 'સંગીતચૂડામણિ', 'બૃહસ્પતિસ્મૃતિ', 'કૃત્યકલ્પતરુ', વિવિધ હસ્તપ્રત ભંડારોનાં સૂચિપત્રો વગેરે સમાવિષ્ટ છે. આ પૈકી ઘણી કૃતિઓ સૌ પ્રથમ વખત પ્રકાશિત છે. આવાં જ વિદ્વત્ત પુસ્તકો L . D. Series હેઠળ ૧૫૧+ તથા અન્ય ગ્રંથમાળાઓ હેઠળ કેટલાંક પ્રકાશિત છે. જેમાં 'તત્ત્વાર્થસૂત્ર ઉપર પંડિત સુખલાલજીની ટીકાનો અંગ્રેજી અનુવાદ', મુનિ પુણ્યવિજયજી સંપાદિત પુસ્તકો અને હસ્તપ્રત સૂચિપત્રો, ઉમાકાંત શાહ સંપાદિત 'Treasures of jain Bhandaras', 'નગીનભાઈ શાહ કૃત 'Akalank's Criticism of Dharmakirtis Philosophy : A Study' તથા સંપાદિત ગ્રંથ 'ન્યાયમંજરી', તપસ્વી નાન્દી કૃત 'સહૃદયાલોક', 'જૈન રામાયણ', વિખ્યાત કલાવિવેચક રતન પરિમૂ કૃત ગ્રંથો, 'Treasures from the Lalbhai Dalpatbhai Museum' વગેરે સમાવિષ્ટ છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે આ સંસ્થાની મુલાકાત લઈ રાજીપો વ્યક્ત કરતાં નોંધેલ શબ્દો : 'Delighted to visit L. D. Institute of Indology and Museum, inspires to see rich jaina history' ધ્યાનાર્હ બની રહે છે. ભો. જે. દ્વારા

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

'શ્રીમદ ભાગવતપુરાણ'ની ચિકિત્સક આવૃત્તિ, એસ્તર સોલોમન કૃત 'ઇન્ડિઅન ડાયલેક્ટિક્સ' (૨ ભાગ), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (૯ ભાગ), હસ્તપ્રતોનાં વિવરણાત્મક સૂચિપત્રો વગેરે શતાધિક પુસ્તકો પ્રકાશિત છે. ચુનિલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત દ્વારા પણ 'નવલ ગ્રંથાવલિ' સહિત ૩૮ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ બધી સંસ્થાઓ દ્વારા વિશુદ્ધ સંશોધનાત્મક અભિગમ સાથે અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત કરવામાં આવતાં જર્નલ્સ જેમકે 'Journal of Oriental Institute', 'સ્વાધ્યાય', 'સંબોધિ', 'સામીપ્ય' અને શારદાપીઠપ્રદીપ' પણ ભારતીયવિદ્યા જગતમાં ખ્યાતિપ્રાપ્ત રહ્યાં છે.

આ બધી સંસ્થાઓના ઘડતર અને વિકાસમાં તેના આર્ષદૃષ્ટા નિયામકોનો અસાધારણ ફાળો રહ્યો છે. જેમાં ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. અરુણોદય જાની, ડૉ. આર. ટી. વ્યાસ, ડૉ. રાજેન્દ્ર નાણાવટી (પ્રાચ્યવિદ્યા મંદિર); શ્રી દલસુખ માલવણિયા અને શ્રી નગીનભાઈ શાહ (એલ. ડી.); શ્રી રસિકલાલ પરીખ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ભારતી શેલત (ભો. જે.); ડૉ. પ્રતાપરાય મોદી, ડૉ. જેટલી, ડૉ. રમેશ બેટાઈ, ડૉ. મણિભાઈ આઈ. પ્રજાપતિ અને ડૉ. જયપ્રકાશ દ્વિવેદી (શ્રી દ્વારકાધીશ - આ એકેડેમીના બધા જ નિયામકો રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત વિદ્વાનો છે) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ બધી સંસ્થાઓના સ્થાપનાકાળથી પ્રાયઃ બે દશક પૂર્વે સુધી નિયામકો ઉપરાંત રીડર, વ્યાખ્યાતા, સંશોધન અધિકારી, ગ્રંથપાલ, સૂચિકાર વગેરે અને શ્રેણીબંધ સહાયક કર્મચારીઓની નિયમિત રીતે નિયુક્તિ કરવામાં આવતી હતી. પરિણામસ્વરૂપે આ બધી સંસ્થાઓએ પોતાનાં નિર્ધારિત લક્ષ્યોને વળોટી જઈને સવાઈ કાર્ય સિદ્ધિ હાંસલ કરતાં પોતાના અસ્તિત્વની આગવી ઓળખ રાષ્ટ્રીય અને વૈશ્વિકસ્તરે ઊભી કરી હતી. દુઃખ તો એ છે કે આજે, આ બધી સંસ્થાઓમાં ક્યાંક પટાવાળા, કારકૂન, ગ્રંથપાલ, સંશોધન અધિકારી જેવી એકલ-દોકલ જગ્યાઓ ઉપર કાયમી કર્મચારીઓ કાર્યરત છે. પરિણામે, અર્જિત કરેલ અધીતનાં ઓજસ દિનપ્રતિદિન ઓસરતાં જાય છે. વધુમાં, આઘાત લાગે એવી બાબત એ કે થોડાક માસ પૂર્વે 'ગુજરાત સમાચાર'ની વડોદરા આવૃત્તિમાં એવા મતલબના સમાચાર પ્રગટ થયા હતા કે પ્રાચ્યવિદ્યા મંદિરને સરકારે સંભવતઃ સંસ્કૃત મહાવિદ્યાલય સાથે મર્જ કરી દઈ તેમાં ક્યુરેટર મૂકવાનું સૂચન એમ. એસ. યુનિવર્સિટીને કર્યું છે. જો આ સૂચનનો અમલ થશે તો સંશોધન પ્રવૃત્તિ બંધ થઈ જશે, અને ક્રમશઃ આ વિશ્વવિખ્યાત સંસ્થાને નામશેષ થઈ જતાં ઝાઝી વાર લાગશે નહીં. અહીં યુનિવર્સિટીની સ્વાયત્તતા પણ ક્યાં રહી ? 'સબકો સન્મતિ દે ભગવાન'.

આ બધી સંસ્થાઓ પૈકી 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'નું વિશાળ પરિસર કેટલું ભવ્ય અને રળિયામણું દીસી રહ્યું છે. શતાધિક મયૂરોનાં નૃત્યગાન અને પક્ષીઓના કલરવથી સતત ગુંજતું રહેતું,

---

* આ લખનાર દ્વારા દશક પૂર્વે ભારતનાં પ્રાયઃ મોટા ભાગનાં પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરોની રૂબરૂ મુલાકાત લેતાં 'એલ.ડી.'નું પરિસર બહુવિધ રીતે શ્રેષ્ઠ જોવા મળ્યું હતું અને આજે પણ શ્રેષ્ઠ જ છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વિવિધ જાતનાં વૃક્ષો અને ફૂલછોડ – પુષ્પોથી સદાય આચ્છાદિત અને હર્યું ભર્યું રહેતું નંદનવન સમ, તેમજ શિલ્પ-સ્થાપત્યની દષ્ટિએ બેનમૂન એવા ભવનનો આ ત્રિવેણી સંગમ આ જ્ઞાનમંદિરને ગુજરાતના જ નહીં પણ દેશના ગૌરવશિખરે પ્રસ્થાપિત કરે છે. આ સંસ્થાના પ્રેરણાદાતા આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી, સંસ્થાપક આર્ષદષ્ટા શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઈ અને સંવર્ધક શ્રેષ્ઠી શ્રી શ્રેણિકભાઈનો આત્મા એક સમયે વિદ્યાકીય પ્રવૃત્તિઓથી સતત ધમધમતી આ સંસ્થાને આજે વિલાતી જતી જોઈને શું વિચારતો હશે ?

દુઃખ તો એ છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી માધ્યમિક શાળાઓમાં ત્રિભાષા ફોર્મ્યુલા અમલીકૃત કરવાથી શાળાઓમાં સંસ્કૃત ભણવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે. આ સ્થિતિના કારણે કોલેજો અને યુનિવર્સિટીઓનાં અનુસ્નાતક ભવનોમાં પણ હવે જૂજ વિદ્યાર્થીઓ સંસ્કૃત પસંદ કરે છે. સંસ્કૃતના વિદ્યાર્થીઓના અભાવે સંસ્કૃત શિક્ષકો/અધ્યાપકોની ભરતીમાં પણ ઓટ આવતી જાય છે અર્થાત્ વ્યવસાયિક તકો પણ ઘટતી ગઈ. હવે, સંસ્કૃત ભણનાર વર્ગ નથી રહ્યો – કોલેજો/યુનિવર્સિટીઓમાં સંસ્કૃતના વિદ્યાર્થીઓની નહિવત સંખ્યા રહે છે ત્યારે પ્રાચ્યવિદ્યા મંદિરોનો નિભાવ શા માટે કરવો ? આ સંસ્થાઓ કેટલી પ્રસ્તુત ? તેની શી ઉપયોગિતા ? આવા મનઘડંત ખ્યાલો સાથે પ્રાચ્યવિદ્યા મંદિરોને આવશ્યક કર્મચારીઓની ભરતીની અનુમતિ પ્રદાન ન કરવી, સંશોધન/પ્રકાશન માટે પર્યાપ્ત અનુદાન ન આપવું કે અન્ય જરૂરી સહાય ન કરવાનું વલણ કેટલા અંશે ઔચિત્યપૂર્ણ ગણાય ? ધ્યાને રહે કે આ વિદ્વત સંસ્થાઓ માત્ર સંસ્કૃત ભાષા-સાહિત્ય તથા ધર્મ-દર્શનના અધ્યયન – અધ્યાપન – સંશોધન માટેની નથી જ. આ વિદ્વત્સંસ્થાઓ દ્વારા હસ્તપ્રતવિદ્યા (manuscriptology), લિપિવિદ્યા (palaeography), અભિલેખવિદ્યા (epigraphy), સિક્કાશાસ્ત્ર (numismatics), પ્રાચીન ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજી વગેરે જેવાં વિષયક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરવામાં આવ્યું છે. ભો. જે. વિદ્યાભવન દ્વારા અભિલેખો, સિક્કાઓ અને અન્ય ઐતિહાસિક સંસાધનોના આધારે ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસને ઉજાગર કરવામાં ઘણું મૂલ્યવાન પ્રદાન કરવામાં આવ્યું છે. સંસ્કૃત તો એક માધ્યમ છે. આપણી પ્રાચીન સાંસ્કૃતિક ધરોહર હસ્તપ્રતોમાં ધરબાયેલી છે કે જેમાં આપણાં ધર્મ, દર્શન, સાહિત્ય, વિજ્ઞાન, ટેકનોલોજી, રસાયણશાસ્ત્ર, ગણિત, જ્યોતિષ, વૈદક, શિલ્પસ્થાપત્ય વગેરે અનેકાનેક વિષયોનો સમાવેશ થાય છે. આ બધા વિષયોની હસ્તપ્રતો સંસ્કૃત, પાલિ, પ્રાકૃત અને આધુનિક ભારતીય ભાષાઓમાં અને વિવિધ લિપિઓમાં લખાયેલી છે અને આ પૈકીની અસંખ્ય મૂલ્યવાન કૃતિઓ આજે એકવીસમી સદીના બીજા દશકમાં પણ અપ્રકાશિત છે. બહુવિધ વિષયોની અનેક સંસ્કૃત કૃતિઓ ગુજરાતીમાં અનુવાદિત પણ થઈ નથી. આપણો આ જ્ઞાનવારસો ક્યાં સુધી ધરબાયેલો રાખીશું ? જો આપણે આપણી પ્રાચીન ભાષાઓ અને લિપિઓનો અભ્યાસ ચાલુ નહીં રાખીએ તો એક દિવસ એવો આવશે કે આપણી લિપિઓ વાંચવા માટે વિદેશોમાંથી ભારતીય લિપિવેત્તાઓને આમંત્રિત કરવા પડશે. હાલ પૂરતી દેશની વાત બાજુએ રાખીને ગુજરાતની જ વાત કરીએ તો લક્ષ્મણભાઈ ભોજક અને ભારતીબેન શેલતના અવસાન બાદ ગુજરાતમાં આજે માત્ર ડૉ. પ્રીતિબેન પંચોલી (કાર્યકારી નિયામક, ભો. જે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વિદ્યાભવન) છે કે જેઓ નાગરી વગેરે લિપિઓનું આધિકારિક રીતે અધ્યાપન કરવાની ક્ષમતા ધરાવે છે. આ સાથે એક અન્ય હકીકત છે કે નવી પેઢીના સંસ્કૃત અને ગુજરાતીના અધ્યાપકો પૈકી સંભવતઃ ૧૦-૧૫ જેટલા અધ્યાપકો પણ દેવનાગરી અને ગુજરાતીલિપિની હસ્તપ્રતો સરળતાથી ઉકેલી શકવાની ક્ષમતા ધરાવતા હશે કે કેમ ? જો આ પ્રચલિત લિપિઓ ઉકેલવાનું સામર્થ્ય ધરાવતા ન હોય તો શારદા, ગ્રંથ વગેરે લિપિઓના ઉકેલની અપેક્ષા જ અસ્થાને બની રહે છે. આ સ્થિતિ આપણા માટે કેટલી ભયાવહ બની રહેશે તે વિશે આપણે સૌએ ગંભીરતાથી ચિંતા અને ચિંતન કરવાની ઘડી આવી ગઈ છે.

સંસ્કૃત હસ્તપ્રતોની લિપિઓ વાંચી/સમજી શકવાની દિનપ્રતિદિન ઘટતી જતી ક્ષમતા સંદર્ભે અત્રે સ્મૃતિ અપાવવી રહી કે દિલ્હીના સુલ્તાન ફિરોજશાહ તુઘલક (૧૩૫૬) દ્વારા ટોપરા અને મેરઠ સ્થિત અશોકના અભિલેખોનું લખાણ જાણવાની જિજ્ઞાસાથી આ અભિલેખોને મહામુસીબતે દિલ્હીમાં તાણી લાવવામાં આવ્યા હતા. પરંતુ ત્યારે કોઈ વાંચી શક્યું ન હતું. આ જ અભિલેખોનું લખાણ જાણવાની ઇચ્છા મહાન મોગલ સમ્રાટ અકબર પણ ધરાવતો હતો, છતાં તેના સમયના પંડિતોએ પણ આ વાંચવાની લાચારી દર્શાવી હતી. – આ બંને ઘટનાઓની નોંધ પંડિત ગૌરીશંકર ઓઝાએ પોતાના ગ્રંથ 'પ્રાચીન ભારતીય લિપિમાલા' (૧૯૧૮)માં કરી છે. આ બંને ઘટનાઓ સ્પષ્ટ ઈશારો કરે છે કે મધ્યકાળમાં આપણે આપણી પ્રાચીન લિપિઓના વાંચનની ક્ષમતા ગુમાવી દીધી હતી. આશ્ચર્ય તો એ છે કે અશોકના અભિલેખો(ઈ.સ. પૂર્વ ૨૭૩-૨૩૭)નું સૌ પ્રથમ વખત આધુનિકકાળમાં વાંચન કોઈ ભારતીય લિપિવેત્તા દ્વારા નહીં, પરંતુ પાશ્ચાત્ય વિદ્વાન જેમ્સ પ્રિન્સેપ (૧૭૯૯-૧૮૪૦) દ્વારા ઈ.સ. ૧૮૩૬માં કરવામાં આવ્યું હતું. ધ્યાને રહે કે આજે પણ આપણે સિંધુલિપિ ઉકેલવામાં ઝાઝી સફળતા હાંસલ કરી શક્યા નથી.

પ્રવર્તમાન સમયમાં પ્રાયઃ સંસ્કૃતના વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યાને ધ્યાને લઈને આપણે પૌર્વાત્ય વિદ્યામંદિરો પ્રતિ ઉપેક્ષા સેવી રહ્યા છીએ, જ્યારે આજે પણ પશ્ચિમના દેશોની ઘણી યુનિવર્સિટીઓમાં સંસ્કૃત ઉપરાંત આધુનિક ભારતીય ભાષાઓ, ધર્મ-દર્શન, ઇતિહાસ વગેરેનાં અનુસ્નાતક ભવનો કાર્યરત છે. ઉદા. તરીકે ઈંગ્લેંડની ૪ અને જર્મનીની ૧૪ યુનિવર્સિટીઓમાં સંસ્કૃત અને ભારતીયવિદ્યાના વિષયોનું અધ્યાપન કરાવવામાં આવે છે. આ વિષયો ભણનારાઓની સંખ્યા નહિવત હોવા છતાં આ બધી યુનિવર્સિટીઓએ/વિવિધ દેશોએ આ વિભાગો ચાલુ રાખવાનું મુનાસિબ ગણ્યું છે. ધ્યાને રહે કે વિશ્વવિખ્યાત ફિલસૂફ ડૉ. રાધાકૃષ્ણનને ઑક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા Visiting Professor તરીકે ખાસ આમંત્રિત કરવામાં આવતા હતા ત્યારે ભારતીયવિદ્યા ભણનારાઓની કેટલી સંખ્યા હશે ? સભાખંડો ઊભરાતા હશે, પરંતુ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ગણતરીની જ હશે. અત્રે આત્મશ્લાઘાનો દોષ વહોરીને પણ નોંધું છું કે આ લખનારે ભારતીય હસ્તપ્રતોનાં સૂચિપત્રો - Catalogues ના સર્વેક્ષણ અર્થે ઈંગ્લેંડનાં ઑક્સફર્ડ યુનિવર્સિટીના ઇન્ડિઅન ઇન્સ્ટિટ્યૂટ, કેમ્બ્રિજ યુનિવર્સિટી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

લાઈબ્રેરી, ઇન્ડીઆ ઑફિસ લાઈબ્રેરી, બ્રિટિશ મ્યુઝિયમ લાઈબ્રેરી વગેરેમાં વર્ષ ૧૯૮૯-૯૦ માં સતત કેટલાક દિવસો સુધી કાર્ય કરતાં તત્કાલીન સમયે આ સંસ્થાઓમાં ભારતીયવિદ્યાના ગણતરીના સંશોધકો/વિદ્યાર્થીઓને જોયા હતા. આમ છતાં, આ બધી સંસ્થાઓ ભારતીયવિદ્યાનો સમૃદ્ધ ગ્રંથસંગ્રહ ધરાવે છે અને તેને સતત સંવર્ધિત રાખવામાં ભારે નિસબત ધરાવે છે. માત્ર અને માત્ર વિદ્યાપ્રીતિના કારણે આ પાછળ ભારે ખર્ચ વહન કરવામાં આવે છે. એક બાજુ આપણી સરકારો દ્વારા સંસ્કૃત અને સંસ્કૃતિના સંવર્ધન માટે દુહાઈ દેવામાં આવે છે અને બીજી બાજુ 'દ્વિતીય રાષ્ટ્રીય સંસ્કૃત આયોગ'ને સમેટી લઈ તેના અહેવાલને અભરાઈએ ચઢાવી દેવાના વલણને શું સમજવું ? સંસ્કૃત તો આપણી પોતાની ભાષા છે, કે જેમાં આપણો જ્ઞાનવારસો સચવાયેલો છે. સંસ્કૃત વાઙ્મય તો ભારતનો આત્મા છે - ભારતની અને ભારતીય અસ્મિતાની આગવી ઓળખ છે. ભારતને પામવા - જાણવા માટેનો એક પ્રમુખ આધારસ્રોત છે. જો તેની બાદબાકી કરી નાંખીશું તો આપણી પાસે બચશે શું ? સંસ્કૃતની જ્યોત પ્રજ્વલિત રાખવા માટે પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરોનું ક્રિયાશીલ અસ્તિત્વ અનિવાર્ય બની રહે છે. તેનો કોઈ વિકલ્પ નથી. આજે પ્રાચીન ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજીની જાણકારી હેતુ વૈજ્ઞાનિકો સંસ્કૃતનો અભ્યાસ કરી રહ્યા છે ત્યારે આપણી પ્રત્યેક વિદ્યાશાખાની સ્નાતક સુધીની કોલેજોમાં સંસ્કૃત ફરજિયાત વિષય તરીકે દાખલ કરવો જરૂરી બની રહે છે.

આ સંદર્ભે અત્રે નોંધવું રહ્યું કે લોર્ડ મેકોલેની શિક્ષણનીતિને ધ્યાને લઈ કોલકતાની વિખ્યાત સંસ્કૃત કોલેજ બંધ કરવાનાં ચક્રો ગતિમાન થયાં હતાં ત્યારે કોલકતાના પં. પ્રેમચન્દ્ર તર્કવાગિશે આ કોલેજને બચાવવા માટે ઈંગ્લેંડ સ્થિત પ્રાચ્યવિદ્યાવિદ એચ. એચ. વિલ્સનને અપીલ કરતાં વિલ્સને (૧૮૩૫) આપેલ ધ્વન્યાત્મક પ્રતિભાવ દૃષ્ટવ્ય બની રહે છે : ''નિષ્પિષ્ટાપિ પરં પદાહતિશતૈઃ શશ્વદ્ બહુપ્રાણિનાં સંતપ્તાપિ કરૈઃ સહસ્રકિરણેનાગ્નિસ્ફુલિંગોપમૈઃ। છાગાદ્યૈશ્ચ વિચરવિતાપિ સતતં મૃષ્ટાપિ કુદ્દાલકૈર્દૂર્વા ન મ્રિયતે કૃશાપિ નિતરાં ધાતુર્દયા દુર્બલે ।'' (અનેક પ્રાણીઓ દ્વારા ઘાસને સતત ખૂંદવામાં આવતું હોય, સહસ્ર સૂર્યકિરણો દ્વારા અગનજ્વાળાઓ ફેંકવામાં આવતી હોય, ઘેટાં - બકરાં દ્વારા સતત ચર્વણ કરવામાં આવતું હોય કે તેને કોદાળી/પાવડાથી કાપી નાખવામાં આવતું હોવા છતાં પણ ઘાસ કદાપિ નાશ પામતું નથી. અશક્તો પ્રતિ સર્જક દયાળુ છે.) આ શબ્દોનો અર્થ એ જ સમજવાનો છે કે ભારત અને ભારતીય વાઙ્મયમાં સંસ્કૃત શાશ્વત છે અને તે કદાપિ નાશ પામે નહીં.

આ બધી વાસ્તવિકતાઓ અને પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરોની અનિવાર્ય ઉપયોગિતાને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા પ્રાચ્યવિદ્યા મંદિર (વડોદરા), એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજી (અમદાવાદ), ભો. જે. અધ્યયન - સંશોધન વિદ્યાભવન (અમદાવાદ), શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (દ્વારકા) તથા શક્તિપીઠ અંબાજીમાં આદિવાસી સાહિત્ય - સંસ્કૃતિ - કળા વગેરેના સમાવેશ સાથેની એક નવી જ પ્રાચ્યવિદ્યા સંશોધન સંસ્થાની સ્થાપના કરીને આ બધી સંસ્થાઓને Institutes of State

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

Importanceનો ખાસ દરજ્જો આપવો જોઈએ અને તે પણ કેન્દ્ર સરકાર દ્વારા. એશિયાટિક સોસાયટી (કોલકતા), ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાઈબ્રેરી એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (પટના) વગેરે સંસ્થાઓને Institute of National Importanceનો દરજ્જો પાર્લામેન્ટમાં ઠરાવ પસાર કરીને આપવામાં આવ્યો છે તે ધોરણે ગુજરાત વિધાનસભામાં ઠરાવ પસાર કરીને તેની સ્વાયત્તતાની શતપ્રતિશત જાળવણી સાથે આપવામાં આવે તે આજના સમયની અનિવાર્ય આવશ્યકતા છે. આ સાથે ધ્યાને રાખવું રહ્યું કે જે તે સંસ્થા માટે નિયુક્ત કરવામાં આવનાર નિયામક માત્ર લઘુત્તમ લાયકાત ધરાવનાર નહીં, પરંતુ, ભારતીયવિદ્યા ક્ષેત્રનો ખરા અર્થમાં પ્રતિબદ્ધ વિદ્યાપુરુષ હોવો જ જોઈએ. આ સૂચિત પગલું રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહરના સંરક્ષણ અને સંવર્ધન માટે સીમાચિહ્નરૂપ બની રહેવાની સાથે સાથે ગુજરાત સરકાર અને તેના કર્ણધારોની દષ્ટિપૂત દીપસ્તંભ સમાન - milestone સમાન દૂરંદેશિતાનું દ્યોતક બની રહેશે અને **'આપણું ગુજરાત, આગવું ગુજરાત'** ના સૂત્રને યથાર્થમાં સાર્થક પણ કરશે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અમારાં આગામી પ્રકાશનો...

(૧) ચરકનો સ્વાધ્યાય, ભાગ-૧ (પુનઃ પ્રકાશન)

(૨) દેવર્ષિ નારદ- ગુજરાતી અનુવાદ

(૩) ચાંપાનેર : એક અધ્યયન (પુનઃ પ્રકાશન)

(૪) વડોદરાનો રાજકીય ઇતિહાસ (પુનઃ પ્રકાશન)

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

समीक्षित पाठ-सम्पादन के प्रचलित सिद्धान्तों का पुनरावलोकन

वसन्तकुमार म. भट्ट*

भूमिका :

आधुनिक विश्व में यान्त्रिक मुद्रणकला का आविष्कार सार्धशताब्दी-पूर्व ही हुआ था। उससे पहले तो मानवी भूतकाल में लिखे गये और विरासत में मिले ग्रन्थों का अपने हाथ से ही ताडपत्र या भूर्जपत्रादि पर पुनर्लेखन (प्रतिलिपिकरण) करता आया था। अतः प्राचीन काल में हमारे पूर्वजों के द्वारा लिखे गये ज्ञान-विज्ञान के जो ग्रन्थ आज हस्तलिखित पाण्डुलिपियों में उपलब्ध होते हैं, वह बार-बार प्रतिलिपिकरण की प्रक्रिया से गुजरते हुए हम तक पहुँचे हैं। परन्तु मानवकृत प्रतिलिपिकरण के द्वारा पीढी दर पीढी संचरित होने वाले इन ग्रन्थों का पाठ (Text) आकस्मिक कारणों से नष्ट-भ्रष्ट होता रहा है, तथा ये सभी पाठ लिपिकारों के हाथ से अनजाने में या अज्ञानवशात् और कदाचित् जानबूझ कर भी परम्परागत पाठ में परिवर्तन एवं परिवर्धन किया जाता है। जिसके कारण कवियों एवं शास्त्रकारों के द्वारा रचित ग्रन्थों के पाठ अपने मूल रूप से विचलित हुए हैं। अतः पाण्डुलिपियों में सुरक्षित रहे इन ग्रन्थों का पाठ आज कैसे विशुद्ध एवं श्रद्धेय स्वरूप में सम्पादित किया जाय - यह विचारणीय है। यह प्रश्न केवल भारतीय ग्रन्थों के लिये ही नहीं है, यह बाईबल आदि अन्य धार्मिक ग्रन्थों के लिये भी है। यूरोपीय देशों में प्राचीन काल की कृतियों का पाठसम्पादन करने के लिये बहुत चर्चायें हुई हैं। तथा उसी मार्ग पर आगे बढते हुए विदेशी विद्वानों ने संस्कृत साहित्य के ग्रन्थों की भी पाठालोचना का कार्य शुरु किया था। अब प्राचीन काल में लिखे गये ग्रन्थों की पाठालोचना का कार्य न केवल आवश्यक, बल्कि अनिवार्य है - ऐसी प्रतीति दृढ होती जा रही है। अतः

1. प्राचीन काल की ब्राह्मी लिपि से लेकर शारदा, मैथिली, नेवारी, ग्रन्थ, तेलुगु, नन्दिनागरी आदि लिपियाँ सीखने का कार्य,
2. पाण्डुलिपियों का संग्रह करने का,
3. उनकी विवरणात्मक सूचियाँ बनाने का और
4. पाण्डुलिपियों के माध्यम से हम तक पहुँचे इन ग्रन्थों का समीक्षित पाठ-सम्पादन तैयार करने का कार्य संस्कृत विद्या का नया अनुसन्धान क्षेत्र बन गया है, जो नवोदित विद्वानों को दिन-प्रतिदिन आकर्षित कर रहा है।

प्रशिष्ट साहित्य की कृतियों की पाठालोचना करके उनके समीक्षित पाठसम्पादन तैयार करने में यूरोपीय

'स्वाध्याय' पृ. ५६, पृ. ७५-८४. ISSN 2250-0391

* २, सुरभि अपार्टमेन्टस्, सुभाष सोसायटी, ईश्वरभवन के पीछे, नवरंगपुरा, अहमदाबाद - ३८० ००९,
M: 9427700064, Email: v.k.bhatt53@gmail.com

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

विद्वानों ने जो मार्ग प्रशस्त किया था, उसी मार्ग पर चल कर हमारे देश के प्रोफेसर वी. एस. सुकथंकर जी एवं गोविन्दलाल. एच. भट्ट जैसे श्रद्धेय विद्वानों ने दो आर्ष महाकाव्य (Epics) ''महाभारत'' तथा ''रामायण'' का समीक्षित पाठसम्पादन (Critical Text-editing) प्रकाशित किया है । समीक्षित पाठसम्पादन के निदर्श रूप ये दो महनीय कार्य हमारे लिये पथदर्शक बन रहे हैं । यूरोपीय विद्वानों ने बाईबल के लिए उपयुक्त वंशवृक्ष पद्धति का अनुसरण/विनियोग इन दोनों महाकाव्यों के पाठसम्पादन में किया गया था । जिससे बहुत अच्छे परिणाम हांसिल भी किये गये हैं । तथापि इसी पद्धति का सर्वत्र अनुसरण हो रहा है-ऐसा दिखता नहीं है । अन्यान्य पाठ-सम्पादकों ने कुछ भिन्न दृष्टि से भी पाठ-सम्पादन किये हैं । अतः पाठ-सम्पादन की एकाधिक प्रविधियों का फैलावा देखते हुए, उन विभिन्न सिद्धान्तों का पञ्चविध भारतीय (संस्कृत-पालि-प्राकृत) वाङ्मय के सन्दर्भ में कहाँ, कैसे विनियोग किया जाना चाहिये ? इसका पुनःपरामर्शन यहाँ प्रस्तुत किया जाता है ।

सबसे प्रथम, प्राचीन भारतीय कृतियों के पाठ (Text) कितने प्रकार के हैं ? तत्पश्चात् उसके पाठसंचरण का क्या इतिहास रहा है ? इन दोनों प्रश्नों का यथासम्भव गहराई से विचार करना चाहिए । क्योंकि हमारे यहाँ साहित्य में भेद होने से पाठ के स्वरूप का भेद होता है । पाठ-स्वरूप में भेद होने के साथ साथ पाठ-कर्तृता का भेद भी ध्यानास्पद है और उसके साथ साथ पाठसंचरण की विभिन्न विधाओं ने भी पाठविकृति की भिन्न-भिन्न समस्याओं को जन्म दिया है । इन तीन बिन्दुओं के साथ, पीढी दर पीढी संचरित हुए पाठ के अभिसाक्ष्यों यानि उपलब्ध पाण्डुलिपियों (witness) की सङ्ख्या में भेद होने से भी, उनकी पाठसम्पादन-विधा में भेद करना अनिवार्य हो जाता है ।

[१]

डॉ. एस. एम. कत्रे जी ने पाठों के तीन प्रकार बताये हैं[१]। १. मूलग्रन्थकार का स्वहस्तलेख, २. स्वहस्तलेख की तुरन्त की प्रतिलिपि, या 3. प्रतिलिपि की प्रतिलिपि की.....प्रतिलिपि की प्रतिलिपि...और उसकी भी वंशज प्रतिलिपियाँ । परन्तु इनको हम ''पाठ के प्रकार'' नहीं कहेंगे । यह तो उपलब्ध पाठों के अभिसाक्ष्यों (witness) के भेद हैं । वस्तुतः भारतीय सन्दर्भ में सोचे तो हमारे यहाँ पाँच प्रकार के संचरित-पाठ विद्यमान हैं । जैसा कि-

(१) दृष्ट-साहित्य :- भारतीय मान्यता के अनुसार वेद अपौरुषेय है...ऋषिमुनियों को वेदमन्त्रों का दर्शन हुआ था । अर्थात् भारत में एक ऐसा साहित्य है कि जिसका कोई कर्ता ही नहीं है क्योंकि वेदसाहित्य एक अकर्तृक-रचना है । वेदमन्त्रों को हमने अपौरुषेय माना है । इन ग्रन्थों में पाठान्तर, या पाठ की अशुद्धि का सवाल नहीं उठा है । (किन्तु वैदिक साहित्य में मन्त्रसंहिताओं को छोडकर, जो उपनिषद् भाग है, उसका पाठ विवादग्रस्त बना है ।)

1. Now texts may be either autographs, or immediate copies of autographs, or copies of copies, and this in any degree. - Chapter 2, Kinds of Texts., S. M. Katre, *Introduction to Indian Textual Criticism*, Pune, 1954, p. 19

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

(२) उत्कीर्ण-साहित्य :- सम्राट् अशोक (ईसा पूर्व 283) से आरम्भ करके 18वीं शती पर्यन्त के शैललेख, शिलालेख, स्तम्भलेख और ताम्रलेख पर (ब्राह्मी लिपि या देवनागरी-आदि लिपि में उत्कीर्ण) जो पाठ पढने को मिलता है, उन सभी का पाठालोचन करके उसका समुचित पाठसम्पादन करना आवश्यक है । क्योंकि ऐसे उत्कीर्ण पाठों में भी कालान्तर में पैदा हुई अनेक विकृतियाँ दिखाई पड़ रही हैं । पर्वत या चट्टानो पर उत्कीर्ण किये गये इन लेखों का पाठ स्वहस्तलेख की तुरन्त की प्रतिलिपि कहा जाता है । क्योंकि ऐसे लेखों को खुदवाने के बाद राजाओं के मन्त्रीगण उसकी पुनःपरीक्षा भी कर लेते थे । वेदों का मन्त्रपाठ और उत्कीर्ण लेखों का पाठसंचरण नियन्त्रित रूप से होता रहा है-यह सर्व-स्वीकार्य हकीकत है ।

(३) प्रोक्त-साहित्य :- रामायण, महाभारत एवं अष्टादश पुराणों का पाठ प्रोक्तसाहित्य के नाम से जानना चाहिये । क्योंकि इन कृतियों का पाठ आदिकाल से ही कथा-कीर्तन अर्थात् प्रवचन के माध्यम से प्रवाहित होता रहा है । ऐसी कृति के पारायण के दौरान कथाकारों के द्वारा उसमें बहुविध परिवर्तन एवं प्रक्षेपादि भी किये जाते हैं । परिणाम स्वरूप उसमें मूल पाठ यथावत् रहा ही नहीं है । ऐसे पुराणादि के पाठों को ''अनेक-कर्तृक-पाठ'' कहा जाता है ।

(४) कृत -साहित्य :- कालिदास, बाणभट्ट, भवभूति आदि कवियों, भामह, दण्डी, वामन, आनन्दवर्धन, मम्मट, शङ्कराचार्यादि शास्त्रकारों, तथा उनके अनेक टीकाकारों के द्वारा जो काव्य, नाटक, शास्त्रादि का प्रणयन हुआ है, उनको ''कृत-साहित्य'' कहना चाहिये । ऐसी कृतियों की पुष्पिका में लिखा होता है कि ''*इति कालिदासकृत अभिज्ञानशाकुन्तलं नाम नाटकं समाप्तम्*''। यहाँ पर एक ही निश्चित कर्ता होता है । इसलिए इस कृत-साहित्य के पाठ को हम ''एक-कर्तृक रचना'' भी कहेंगे ।

કવિવર પ્રેમાનંદ ગૌરવગ્રંથના પ્રથમ વિભાગમાં રાજેશ પંડ્યા અને અભય દોશીએ કથાત્મક સાહિત્યમાં વિશાળ વ્યાપના સંદર્ભે ઊંડી તપાસ કરી છે. જેમાં રાજેશ પંડ્યાએ જૈનેતર પટ સાથે અને અભય દોશીએ જૈન પરંપરાને સાથે રાખી આખ્યાનની વિશદ ચર્ચા કરી છે. બન્ને લેખકોના અભિગમની દિશા જુદી છે પરંતુ બન્નેથી પ્રેમાનંદના સમયની સાંસ્કૃતિક ઇતિહાસના સંદર્ભે તપાસના મુદ્દે હેમંત દવે એ બે લેખકોથી જુદા પડે છે.

બીજા વિભાગમાં ચંદ્રકાંત ટોપીવાલાનો લેખ 'રણયજ્ઞની મીમાંસા' માટે, તો ચંદ્રકાંત શેઠનો લેખ આખ્યાનનાં સુદીર્ઘ કાવ્યોની સૌંદર્યયાત્રા માટે રસપ્રદ છે. રમણ સોનીનો લેખ સૂક્ષ્મદર્શી અભ્યાસની પ્રતીતિ કરાવે છે. હરીશ મિનાશ્રુના લેખમાં ભાવકને રસ પડે એવી માહિતી છે. દલપત પઢિયાર તેમના લેખમાં નવજીવન લયહિલ્લોળ છેક નજીકથી ઝીલે છે. 'પ્રેમાનંદ એરિયલવ્યૂ'માં નરોત્તમ પલાણ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની માર્ગી તેમજ દેશી, બન્ને દૃષ્ટિએ કલા-મીમાંસકની મુદ્રા ઉપસાવે છે.

ત્રીજા વિભાગમાં જનક રાવલે, દશમસ્કંધને કેન્દ્રમાં રાખી, આખ્યાનોમાં સામાજિક અનુબંધ નિમિત્તે, તત્કાલીન પાત્રો, અસત-સતની પ્રતીતિ, મધ્યકાળના જીવનમાં અવનવાં પરિમાણો, અને ભાષા આદિ પાસાંઓની ચર્ચા કરી છે. ભરત મહેતાના લેખમાંથી, આખ્યાનના સમાજશાસ્ત્રીય અભ્યાસ નિમિત્તે, મોટી સિદ્ધિઓ મેળવવા માંગતા કોઈપણ કવિને 'ચારસો વર્ષો પહેલાનાં પ્રેમાનંદનાં આખ્યાનોનું સર્વાંગસ્પર્શી ઊંડાણપૂર્વકનું પરિશીલન કરવું પડશે' એ સૂર પકડાય છે. લેખકે એ વાતનું પણ ધ્યાન દોર્યું છે કે જ્યાં ગુજરાતી ભાષા હશે ત્યાં સુધી પ્રેમાનંદ મિથ્યા નહીં થાય. જેમ ઈંગ્લેન્ડની ઓળખ શેક્સપિયર કે ચોસર થકી છે એમ આપણા માટે પ્રેમાનંદ છે. એમાં પણ પ્રેમાનંદની પ્રસ્તુતતાનો સંકેત મળે છે. દક્ષા ભાવસારે પ્રેમાનંદની કૃતિઓના વિશાળ ફલકમાંથી દેશી દ્વારા કેટલીક ભાવી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શક્યતાઓનો પણ ખ્યાલ આપ્યો છે. આખ્યાનમાં ઉલ્લેખનીય રાગોના નિર્દેશ થકી ઉપજ્ઞા પંડ્યાએ આખ્યાનોની તપાસની નવી દિશા ચીંધી છે. હસિત મહેતાએ ચયન વિભાગનું સંપાદન કરીને, પ્રેમાનંદની વિવેચનાનો આપણા પૂર્વસૂરિઓ સાથે સેતુ રચી આપ્યો છે. એ દૃષ્ટિએ ગ્રંથની સમૃદ્ધિમાં હસિત મહેતાની ભૂમિકા મહત્ત્વની રહી છે.

પ્રેમાનંદના જીવન અને સર્જકત્વ સંદર્ભે, કૃતિઓ સંદર્ભે, ગ્રંથમાં સમાવિષ્ટ લેખોમાંથી વાચકને ઘણી માહિતી મળી રહે એમ છે. આ ગ્રંથમાં પ્રેમાનંદ વિશેનાં પ્રકાશનોની માહિતી તેમજ વિવેચનો અંગેની ગ્રંથસૂચિ મણીભાઈ પ્રજાપતિએ આપી એનું મહત્ત્વ બે રીતે છે. એક તો એના વિના 'કવિવર પ્રેમાનંદ ગૌરવગ્રંથ' અધૂરો રહેત. તેમજ પ્રેમાનંદ વિશેના હવે પછીના માર્ગ આ સૂચિ ચીંધે છે. પ્રેમાનંદની કાવ્યપ્રસાદી પણ આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. તદુપરાંત વૈવિધ્યમાં હસ્તપ્રત, આખ્યાનનાં કડવાં, કેટલાંક મૂલ્યવાન ચિત્રો પણ ગ્રંથની સમૃદ્ધિમાં વધારો કરે છે.

પ્રેમાનંદના નામ સાથે જોડાયેલી પ્રેમાનંદ સાહિત્ય સભા દ્વારા શતાબ્દી વર્ષના સંભારણારૂપે આ ગ્રંથનું પ્રકાશન થયું એ સંદર્ભે પ્રેમાનંદ સાહિત્ય સભાના પ્રમુખે સંસ્થાનો ઇતિહાસ અને કાર્યો વિશેનો લેખ, તેમજ સંસ્થાન કાર્યાધ્યક્ષ સુરેશ શાહે ભૌતિક સુવિધા અને વિકાસ સંદર્ભે માહિતી લેખ જેવા પરિચયાત્મક લેખો પણ આ ગ્રંથમાં છે. સંસ્થાના મહામંત્રી વિરંચિ ત્રિવેદીએ કરેલા વિભાગ અને પેટા વિભાગોમાં નિર્દેશ માટે પ્રસ્તાવનામાં પદ્મશ્રી સિતાંશુ મહેતાએ, તેમજ લેખમાં 'ઝીણવટભરી દૃષ્ટિનો પરિચાયક...' લેખ તરીકેનો ઉલ્લેખ કર્યો છે. વિવેચક ડૉ. કિશોર વ્યાસે ડૉ. વિરંચિ ત્રિવેદીના લેખ સંદર્ભે જણાવ્યું છે કે "પ્રેમાનંદ સાહિત્ય સભાનો પરિચય અને પ્રવૃત્તિઓનો અહેવાલ દર્શાવે છે કે સંસ્થા ધારે તો કેવાં ઉત્તમ કામો હાથ ધરીને જીવંત રાખી શકે છે." બાબુ ગોર ગ્રંથનું મૂલ્યાંકન કરતાં લખે છે કે "... પ્રેમાનંદજીના જીવન-કવન સાહિત્ય યાત્રા વિશે લખાયેલા લેખો આ ગ્રંથને દૈદીપ્યમાન બનાવે છે." "...સભાની પ્રવૃત્તિઓ કેટલી વૈવિધ્યપૂર્ણ છે તેનો ખ્યાલ આ અહેવાલ પરથી આવશે" એમ જણાવી વિવિધ આખ્યાનના પઠન અને ગાનની ધ્વનાંકિતા (સી.ડી.) સાથે ગ્રંથનું ગૌરવ દર્શાવતા વિનાયક રાવલે નોંધ લીધી છે કે ".... સમગ્ર સંપાદન પછવાડે સંપાદકની જાગૃત અને ચકોર નજર કામ કરી ગઈ છે.... ગ્રંથનું સંપાદન સૂઝ, સમજ અને સજ્જતાથી થયું છે" એ જોતાં આ અભ્યાસપૂર્ણ કવિવર પ્રેમાનંદ ગૌરવગ્રંથ એક દસ્તાવેજી ગ્રંથ તરીકેનું મૂલ્ય ધરાવે છે એમ કહેવું યથાર્થ છે.

વિરંચિ ત્રિવેદી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વડોદરાનો વૈભવ, લેખક : જગજીવનદાસ દયાળજી મોદી, પ્રકાશક-એમ. સી. કોઠારી, કાપડી પોળ, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૨૩, પૃ. ૫૮, મૂ. રૂા. ૦-૬-૦

શ્રી સયાજી બાલજ્ઞાનમાળા અંતર્ગત (પુષ્પ ૨૭) પ્રસિદ્ધ થયેલું આ પુસ્તક વડોદરાના જૂના સમયની ઝાંખી કરાવે છે. વડોદરાનાં આઝાદી પહેલાનાં સ્થળોની ઐતિહાસિક માહિતી વાચકવર્ગને ગમ્ય બની રહે એ રીતે અહીં રજૂ થઈ છે. પુસ્તકની લખાવટ વિશિષ્ટ શૈલીની છે. ભાણેજ મામાને પત્ર લખે અને મામા વડોદરે આવે પછી મામાને આખું વડોદરા બતાવવું એવી યોજનાને આકાર આપવા નાનાં નાનાં ૧૦ પ્રકરણોમાં વર્ગીકરણ કરાયું છે. પુસ્તકમાં આગળ કોઈ અનુક્રમણિકા નથી. એકાદ પાનાનું નિવેદન ને બે પૃષ્ઠની પ્રસ્તાવના પછી સીધો પુસ્તકપ્રવેશ શક્ય બને છે. પ્રસ્તાવનામાં લેખક કહે છે તેમ : ''અજાણ્યા મુસાફરને તો આ પુસ્તક ભોમિયાની ગરજ સારસે અને એ વાચતા વડોદરું નજર આગળ ખડું થઈ જશે''-એ વાત યથાર્થ પુરવાર થાય છે. જે સમયમાં લખાયું છે એ સમયે તો આ પ્રકારનાં પુસ્તકો નહિવત્ હશે એટલે એનું એ સમયમાં અદકેરું મૂલ્ય હશે જ.

પુસ્તકના પ્રથમ પ્રકરણમાં લેખક પોતાના મામાને બાપુજીના કહેવાથી કેવી રીતે કાગળ લખ્યો એની નાની એવી પૂર્વભૂમિકા રચીને બે પૃષ્ઠોમાં આખો કાગળ રજૂ કરે છે. એમાં કુશલમંગળ અને મામાને પરિવારસહિત વડોદરે આવવાનું આમંત્રણ છે. પત્રની વિગતો બહુ અગત્યની છે. એ વખત વડોદરા એક લાખ માણસની વસ્તીવાળું છે એ જાણવા મળે છે. મામાને લખાયેલી પત્રની વિગતોમાંથી જ જાણવા મળે છે કે એ વખતે વડોદરામાં રેલ્વેનું મોટું સ્ટેશન વસી ચૂક્યું છે. ઘેરઘેર પાણીના નળ આવી ચૂક્યા છે. વીજળીના દીવા પણ છે ને શહેરની વચ્ચે દરિયા જેવું મોટું તળાવ પણ બંધાઈ ચૂક્યું છે. પ્રકરણ ૧નું શીર્ષક છે ''દિગ્દર્શન''

પ્રકરણ ૨ ''પ્રથમ દર્શન''માં વળતી ટપાલે મામાનો કાગળ આવે છે. મામા ગામડામાં રહે છે એટલે વડોદરાને નાનું જાણી માત્ર રવિવારે આવશું એટલું લખે છે. પરંતુ લેખક ગાડીનાં સમય મુજબ સ્ટેશન પર જાય છે. ઘરમાં પોતે અને પિતાજી બે જ છે. માતા ચારેક વર્ષ વહેલા સ્વર્ગવાસી થયેલાં છે. ઘરમાં પાણીને માટે એક ભટ રાખેલ છે. કામકાજ માટે ચાકર પણ છે. ભટને કહી રાખ્યું છે કે ''આ ગાડીમાં મામા આવવાના છે માટે બે ત્રણ માણસની રસોઈ વધારે કરજો.'' તૈયારીપૂર્વક લેખક સ્ટેશને જાય છે. એ જ ગાડીમાં મામા આવે છે. એ વખતનું વર્ણન જુઓ : ''જોતજોતામાં તો સુસવાટા કરતી ગાડી આવી પહોંચી. મારા ધારવા પ્રમાણે એ ગાડીમાં જ મારા મામા હતા. બહાર ડોકું કાઢીને તે આમતેમ જોયા કરતા હતા. તેથી દૂરથી જ મેં તેમને ઓળખી કાઢ્યા ને તરત તેમની પાસે જઈને હું ઊભો.''

આ સમયનું મામાનું વડોદરા જોયાનું કુતૂહલ, સ્ટેશન બહાર ઘોડાગાડીઓની ઠઠ, દુકાનોની હાર અને સારાં સારાં મકાનો વડોદરાની તત્કાલીન રાજ્યની જાહોજલાલી સૂચવે છે. એ વખતે વડોદરું સ્ટેશનથી બે માઈલ દૂર છે ને ગાડીમાં બેસી મામાને ઘરે લઈ જાય છે. એ સ્થળ એટલે બાજવાડા. આજે પણ બંને સ્થળો પોતાની જગ્યાએ જ સ્થિત છે પરંતુ વચ્ચે નગર વસી ચૂક્યું છે. એ વખતે વડોદરા એટલે ચાર દરવાજાવાળો વિસ્તાર જે સ્ટેશનથી બે

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

માઈલ દૂર યથા સંદર્ભ ઉચિત ઠરે છે. રસ્તામાં કમાટીબાગ પાસેનું સ્ટેચ્યું જોઈ મામા આશ્ચર્ય વ્યક્ત કરે છે. મામા એકલા જ આવ્યા છે. એ ઘરે આવીને પૂછે છે ''ભાણાભાઈ ! આપણે આવ્યા એટલું વડોદરું કે ? બહુ મ્હોટું છે.'' લેખક કહે છે તેમ ''મામા ! એ તો વડોદરાનો એક ભાગ પણ પૂરો નથી. એવું તો ચારે દિશાએ શહેર પડેલું છે.'' લેખક મામાને આઠ દહાડા નિરાંતે રહેવાનું છે ને જીવ્યા કરતાં જોયું ભલું એમ કહે છે.'' બાપજી પણ કહે છે શહેર જોવા જેવું છે અને લેખકને કહે છે કે ''સારી રીતે ફરીને બતાવજે, ભાઈ !''

પ્રકરણ ૩ નું શીર્ષક પુરાતન કથા છે. આ પ્રકરણમાં વડોદરાનું નામ વડોદરા કેવી રીતે પડ્યું ? એવા મામાના પ્રશ્નના જવાબમાં લેખક વિગતે સમજાવે છે. વડોદરા ક્યારથી વસ્યું ને દૌલતાબાદ શા માટે કહેવાતું એની પૌરાણિક - ઐતિહાસિક હકીકતો આકર્ષક છે. દલા પટેલ, વાઘજી પટેલ અને સુરેશ્વર દેસાઈ, દાજી પટેલ પીલાજીરાવ ગાયકવાડને ગુજરાતમાં તેડી લાવે છે ને ગાયકવાડ સરકારને કેવી મદદ કરે છે એ વિગતોના મૂળમાં મુસ્લિમ સલ્તનત વિરુદ્ધની માહિતી મળે છે. દલા પટેલ એ વખતે બહુ જબરા ગણાતા હતા. ''ઉપર અલા ને નીચે દલા'' એવી કહેવત એમના માટે બોલાતી. એ સમયે વડોદરું લીધા પછી ગાયકવાડ સરકારે માંડવી પાસે હવેલી બંધાવી અને ચાર દરવાજા અને શહેરની ફરતે કોટ બંધાવ્યો. કોટની બહાર જંગલ હતું. પણ વધતી વસ્તીને પરિણામે ત્યાં પણ પરાં વસ્યાં ને મોટું શહેર આકાર પામ્યું.

પ્રકરણ ૪માં શહેરનો દેખાવ -કોટની અંદર શીર્ષક અંતર્ગત વિવિધ મંદિરો, માંડવી, શહેરનાં બજારો, ચાર દરવાજા, બાજવાડા, સુલતાનપુરા, નવલખા શેઠની હવેલી, શહેરની પોળો, શહેરનાં મેદાન, દરેક દરવાજાની આજુબાજુ આવેલાં સ્થાનો, સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા બેંક વગેરે સ્થળોનો પરિચય મળે છે. પાણીગેટને પાણીનો દરવાજો ને ગેંડી ગેટને કેમ ગેંડીગેટ કહેવાય છે એની વિગતો રસપ્રદ છે.

પ્રકરણ ૫ માં શહેરનો દેખાવ-કોટની બહાર અંતર્ગત દરવાજાની બહારનાં એ વખતે વસેલાં સ્થળો જેવાં કે ન્યાયમંદિર, સુરસાગર, લાડબાદેવીનું મંદિર, ખંડેરાવ માર્કેટ, શ્રી સયાજી વિહાર ક્લબ, કલાભવન, ઇંદુમતી મહેલ, વિશ્વાસબાગ, કાશીવિશ્વેશ્વર મહાદેવજીનું મંદિર, બગીખાનું, ચિમનબાગ, સેન્ટ્રલ જેલ, વિવિધ કચેરીઓ, રાવપુરા વગેરે સ્થળોનો પરિચય મળે છે. એ વખતે મામાને લઈ લેખકનું હોટેલમાં જવું ને એ વખતનો લેખકનો દૃષ્ટિકોણ જોવો રસપ્રદ છે : દા. ત. ''લહેરીપુરાના દરવાજાની બહાર ન્હાની બે ત્રણ ભપકાદાર હોટેલો છે. એમાંથી એક હોટેલમાં હું મામાને લઈ ગયો..... ચા, ચેવડો, ભજિયાં પૂરી વગેરે મરજી મુજબ ઉડાવીને સૌ ચાલ્યા જાય. આ બધું મામા તો ઊભા ઊભા જોયા જ કરે. ગામડાના લોકોને આ બધું નવાઈભરેલું જ લાગે, તેથી કેટલાક તો શોખ મારવા આવે જે શહેરમાં આવીને જાણે સ્વર્ગનું સુખ ભોગવતા હોય એવો આનંદ માને.......કેટલાક લોકો તો એવા હોય છે કે આખો દિવસ મજૂરી કરવા છતાં બે-ત્રણ ચાના પ્યાલા અને થોડીક બિસ્કીટથી ચલાવી લે છે. આથી તેમનું શરીર જલદીથી ઘસાઈ જાય છે ને આવરદા ટૂંકી થાય છે. નાનાં નાનાં છોકરાં પણ ભાઈબંધ દોસ્તારો સાથે હોટેલોમાં આવે છે ને જીભડીને વશ થઈ ચોરીઓ કરતાં શીખે છે.'' (પૃ. ૨૫) લેખક કહે છે કેટલાંક મૂર્ખ મા-બાપો તો પોતાનાં બાળકોને પણ હોટેલમાં લઈ આવે છે ને ચા પીવાની તથા હોટેલનું ખાવાની ટેવ પાડે છે. પોતે હોટેલમાં રંગઢંગ ને ભ્રષ્ટાચાર જોઈને કંઈ પણ લીધા વગર બહાર નીકળી ગયા.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ન્યાયમંદિર આગળથી મદનઝાંપે થઈ બેઠકની વાત કરતા લેખક ઉલ્લેખ કરે છે કે બેઠક આગળ મોરબી અને વાંકાનેર નાટકશાળાઓ છે. ખંડેરાવનું મંદિર અને એ કેવી રીતે બંધાયું એની વિગતો, બગીખાના વગેરે સ્થળો મામાને હેરત પમાડે છે તેથી જ લેખક કહે છે કે મામાને શહેર સારું લાગ્યું હોય એમ જણાયું. તે બોલ્યા ''શહેરની તો બલિહારીસ્તો ભાણાભાઈ, નગરે વસંતા દેવતા એમ કહેવાય છે તે ખરી વાત છે''. એ વખતે પોતે જોયેલ 'સતી અનસૂયા'નો ખેલ ને નાટ્યગૃહની જોયેલી ભપકાદાર વસ્તુઓનું વર્ણન પણ વાંચવું ગમે છે.

૬ઠ્ઠા પ્રકરણમાં કોટ બહારની વધુ વિગતો જોવા મળે છે. જેમાં સ્વામિનારાયણ મંદિર, બરાનપુરા, મીયાં મહંમદની વાડી, મહંમદ તળાવ, કંસારા પોળ, વાયડા પોળ, જૂનું તોપખાનું, રંગમહેલ ને રસ્તામાં ભાટવાડો, દાળિયાપોળ, ડભોઈયા પોળ, વચલી પોળ, છેલ્લી પોળોનાં નામ આશ્ચર્ય પમાડે છે. આપણા ગુજરાતના મહાકવિ પ્રેમાનંદ કવિની પોળનો પણ અહીં ઉલ્લેખ છે. રંગમહેલથી દક્ષિણે ગોપાળરાવ મૈરાળની હવેલી, તેમનું ગણપતિ મંદિર, સરદાર રાજે પાંઢરેનો વાડો ને ગોમતીતળાવની વિગતો આપેલી છે તે બધું જોઈ ઘરે આવ્યા. મામા મહેમાન હોવાથી આજે ઘરમાં બાસુંદી બનાવી છે. બપોરે જમી આરામ કરી ફરી શહેર જોવા નીકળે છે જેમાં કમાટીબાગ, જ્યુબીલીબાગ, વિવિધ પોળ, ટાવર, નાગરવાડા, સીયાપુરા, બાબાજીપુરા, ભૂતડીઝાંપા, હુજરાત પાગા, નૃસિંહાચાર્યનું મંદિર, વિવિધ અમલદારોના બંગલા, વિવિધ મંદિરો, બાગ બગીચાનો પરિચય મળે છે. રાવજી આપાજીએ રાવપરું ને બાબાજી આપાજીએ બાબાજીપરું વસાવ્યાની વિગતો અહીં છે. બાબાજી આપાજી ગાયકવાડ સરકારના દીવાન હતા ને એમની કાઠિયાવાડમાં બહુ ધાક હતી. એ સમયમાં એમની પોતાની એક બકરીને ચાંદીની ખરીઓ ને શીંગડીઓ કરાવીને છોડી મૂકેલી. પણ કોઈ એ બકરીને હાથ ન અડકાડી શકે એટલો એમનો દાબ હતો. એના ઉપરથી કહેવત પડી કે ''બાબા તારી બકરી કોઈ ન પકડે કાન''.

આગળ શિયાપરું, શાળા, ચિત્તેખાન મારુતી, નવાબ સાહેબની હવેલી, આંબેગાંવકરનો વાડો ને મોટી પોસ્ટ ઓફિસ જુવે છે. ચિત્તેખાન મારુતી આગળ પહેલા પાળેલા વાઘ બંધાતા હતા. તેથી એ સ્થળનું નામ આવું પડ્યું છે. આ ઉપરાંત હોસ્પિટલ, જેલ, જેલનું વિગતવાર વર્ણન, ખાખી બાવાનું મંદિર, કોલેજ, હાઇસ્કૂલનાં ભવ્ય મકાનો, ભીમનાથનું દેવાલય, જેવાં સ્થળોની વિગતો છે. મોટા સ્ટેશનેથી દક્ષિણે જેતલપરું છે. કમાટીબાગ, એમાંનું મ્યૂઝિયમ વગેરેની વિસ્તૃત ચર્ચા જોવા મળે છે. પ્રકરણ ૭માં જોવાલાયક જગ્યાઓ અંતર્ગત મુખ્ય મુખ્ય જગ્યાઓનાં નામ આપીને રાજમહેલ જોયાનું વર્ણન કર્યું છે. નજરબાગ અને એની વિવિધ વસ્તુઓનું વર્ણન પણ સુંદર ઢબે કર્યું છે.

આ ઉપરાંત મકરપુરા ને રસ્તામાં જુદાં જુદાં જોયેલાં મંદિરો, અખાડો, સ્મશાન, રામનાથ તળાવ, મહેલ વગેરે જોયાનું વર્ણન મળે છે. પ્રકરણ ૮માં શહેરની અન્ય જોવાલાયક જગ્યાઓ શ્રી સયાજી સરોવર અને હાથીખાનું મામાને બતાવ્યાનું વર્ણન છે. લેખક વિગતોમાં એવી રીતે લઈ જાય છે કે દરેક દશ્ય નજર સાથે તરી આવે દા. ત. આ પ્રકરણનો આરંભ જુઓ-રાત્રે જમતાં જમતાં મામાએ શંકા કરી કે, ઘરમાં આ ચકલી ફેરવીએ છીએ ને તરત ભગભગ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પાણી નીકળે છે તે ક્યાંથી આવતું હશે ? બાપાજીએ કહ્યું અહીંથી પૂર્વ દિશાએ દશ માઈલ દૂર આજવા ગામ છે. ત્યાં શ્રીમંત મહારાજા સાહેબે સયાજી સરોવર નામે એક મોટું સાગર જેવું તળાવ બંધાવેલું છે, તેમાંથી એ પાણી આવે છે. પછી બાપાજીએ મને કહ્યું, ''ભાઈ કાલે તમારા મામાને આજવાનું તળાવ બતાવી આવજો. આજવા વહેલી સવારે પહોંચ્યા ત્યારનું વર્ણન પણ આહ્લાદક છે. જેમ કે – ભોં ભોં કરતી મોટર ઝપાટાબંધ ચાલી જે સાત વાગ્યાની અંદર આજવે આવી પહોંચી. આ વખતે પૂર્વ તરફ આકાશ લાલ થઈ ગયું હતું અને ધગધગતા લોઢાના મોટા ગોળા જેવો સૂર્ય જમીનમાંથી ડોકું કાઢી બહાર આવતો હતો. ઉગતા સૂર્યનાં સોનેરી કિરણો પડવાથી આખું તળાવ જાણે વાંકાચૂંકાં તાંબાનાં પતરાથી મઢી લીધું હોય એવું દેખાતું હતું. પાણીની ઉછળતી લહેરીઓમાં જાણે સેંકડો સૂર્ય ઝોલા ખાતા હોય એમ લાગતું હતું.''

લેખક પ્રવાસવર્ણન કરે છે. એ માત્ર દસ્તાવેજી વિગતો બની ન જાય એની પૂરી કાળજી રાખી છે. વિવિધ વિસ્તારો, પરા ને ફત્તેપુરાને છેડે આવેલું હાથીખાનું, તુલસીવાડી વગેરે વિગતો અહીં રસ પડે એ રીતે નિરૂપાઈ છે.

૯મા પ્રકરણમાં દશેરાની સવારી જોઈ એની વિગતો છે. બીજે દિવસે દરબારહોલમાં જોયેલ મુજરો, તાંજેરી નાચ અને દરબાર હોલનો શણગાર જોઈને સ્વર્ગમાં હોવાની અનુભૂતિ થાય છે ત્યાર પછી મામાને અગડમાં સાઠમારી જોવા લઈ ગયા જેમાં બંદૂક ફોડવી, તીર મારવું, બવાટી ફેરવવી, પોપટના ખેલ, કૂકડાની ને ઘેટાની ટક્કરો, અંગકસરતના ખેલ, મલ્લકુસ્તી ને પાડાની ટક્કરો જોઈ. હાથીઓની ને ઘોડાની સાઠમારી પણ જોઈ. અંતે સાઠમારી જોઈને ઘરે આવ્યા. મામાને આખું વડોદરા બતાવ્યું. એની ટૂંકી વિગતો પછી ડાકોર ગયા, ત્યાં ત્રણ દિવસ રહ્યા ને ત્યાંથી મામા પોતાને ગામ ગયા ને લેખક ઘરે આવ્યા. અંતમાં લેખક લખે છે કે મામીને તથા ભાઈઓને લીધા વગર એ એકલા આવ્યા હતા તેથી મેં તથા બાપજીએ એમને ખૂબ ઠપકો આપ્યો તેથી ફરીથી બધાને લઈને આવવાનું તેમણે વચન આપ્યું છે.

અહીં પ્રવાસવર્ણનની વિગતો સાથે સાથે કુટુંબભાવના તથા સંબંધોનું ગૌરવ એ સમયમાં કેવું જળવાતું એ જોવા મળે છે. મામાની સાથે વિતાવેલો સમય ને મામાને સ્થળો બતાવવાનો ઉત્સાહ વાક્યે વાક્યે જોવા મળે છે. દા. ત. નવરાત્રીમાં સિંધવાઈ માતાનો મોટો મેળો ભરાય છે તેમાં પણ હું મામાને લઈ ગયો હતો. આવા મેળા ગામડામાં ક્યાંથી ભરાય કે તેમણે જોવામાં આવે ? (પૃ. ૫૮); આજે મંગળવાર હોવાથી મંગળભોજનને માટે બાસુંદી મંગાવી હતી. ગામડાના લોકોએ બાસુંદી બાગ્યે જ જોઈ હોય છે. મામા તો બાસુંદીમાં પૂરીઓ ચોળીને ખાવા લાગ્યા તેથી મને જરા હસવું આવ્યું. હું ક્હેવા જતો કે, મામા, એમ ન ખવાય; પણ બાપજીએ આંખ દેખાડી એટલે નીચું જોઈને ખાવા મંડી પડ્યો.(પૃ. ૩૦)

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રવાસવર્ણન છે એટલે પ્રવાસના શોખીન વાચકોને વિગતોમાં રસ પડે તે સ્વાભાવિક છે. લખાવટની શૈલી એટલી સરળ અને પ્રવાહી છે કે સામાન્ય વાચકથી માંડી નાના-મોટા સૌને પુસ્તકની વિગતો વારંવાર વાંચવી ગમશે. જૂના સમયમાં વડોદરાની કેવી રોનક હતી, હાથીઓના કેવા ખેલ થતા ને દરવાજે કેવા ગેંડા બંધાતા એની વિગતો આનંદદાયક બની રહે છે. એકી બેઠકે વાચી શકાય તેવું આ પુસ્તક શ્રી સયાજી બાલજ્ઞાનમાળામાં છપાયું હોય, બાળકોની સાથે સાથે ઇતિહાસ જેવા વિષય પર સંશોધન કરનાર અભ્યાસીઓ માટે એમાંની ઘણી વિગતો કડીરૂપ બની રહે તેમ છે. વડોદરા પ્રત્યે જાણવા માગતા પ્રત્યેક વ્યક્તિએ ''વડોદરાનો વૈભવ'' પુસ્તક જોવું રહ્યું.

જે. કે. ઉમરેઠિયા

ગુજરાતી બાળસાહિત્ય વિમર્શ, - સંપાદક : ડૉ. શ્વેતા પ્રજાપતિ, શ્રી જે. કે. ઉમરેઠિયા, પ્રકાશક : યુનિવર્સિટી પુસ્તક વેચાણ વિભાગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા, પ્રથમ આવૃત્તિ ૨૦૧૬, પૃ. ૧૪૯, મૂલ્ય : રૂા. ૨૦૦/-

સમૃદ્ધ ગુજરાતી સાહિત્યમાં આપણા બાળસાહિત્યકારોએ આપેલું મૂલ્યવાન પ્રદાન ઉલ્લેખનીય છે. પરંતુ વર્તમાનમાં એ માટે પુનર્વિચાર આવશ્યક છે. એક તરફ અન્ય સાહિત્યરૂપોમાં સતત સર્જાતું સાહિત્ય અને તેની બીજી તરફ બાળસાહિત્યના સર્જન પ્રતિ આપણી ઉદાસીનતા બાળસાહિત્યના ભાવીના હિતમાં નથી. તદ્ઉપરાંત આ ઉદાસીનતાનો વ્યાપ વધીને હવે ઉચ્ચશિક્ષણમાં પણ ઉપેક્ષા સુધી વિસ્તર્યો છે. આપણા આવા વર્તમાનમાં પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ યોજેલો ભારતીય ભાષાઓમાં બાળસાહિત્ય વિષયક રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ ગુજરાતી બાળસાહિત્યના ઉત્કર્ષ માટે સ્તુત્ય, આવકાર્ય અને અનુકરણીય રહ્યો. આ પરિસંવાદમાં વિષયતજ્જ્ઞોએ બાળસાહિત્ય વિશે જે વિચારવિમર્શ કર્યો એ વિશેનાં વક્તવ્યોના લેખસંગ્રહનું સંપાદન થયું એ બાળસાહિત્યના હિતમાં મહત્ત્વનું ઉમેરણ બની રહેશે.

'ગુજરાતી બાળસાહિત્ય વિમર્શ' પુસ્તક લેખોનું, સાહિત્યિક ગુણવત્તા ધરાવતું સંપાદન છે. ડૉ. શ્વેતા પ્રજાપતિ અને શ્રી જે. કે. ઉમરેઠિયાસંપાદિત આ દસ્તાવેજી ગ્રંથમાં ૧૫ લેખનો સમાવેશ છે. એમાં સ્વરૂપલક્ષી, કૃતિલક્ષી ચર્ચા,

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ચિંતન અને અભ્યાસપૂર્ણ બાળસાહિત્ય માટેની સમૃદ્ધ ઉપલબ્ધિઓનો નિર્દેશ છે. આ સંપાદનમાં બાળસાહિત્યનો ઐતિહાસિક વિકાસનો આલેખ, વિવિધ દષ્ટિકોણથી બાળસાહિત્યનાં મૂલ્યાંકનનો અભિગમ અને પ્રશિષ્ટ બાળસાહિત્યની પારિતોષિક વિજેતા કૃતિઓના અભ્યાસલેખનું સમૃદ્ધ વૈવિધ્ય ગુજરાતી બાળસાહિત્યવિમર્શની વિશેષતા છે.

આ ગ્રંથના ઉઘડતા પાને જ લબ્ધપ્રતિષ્ઠિત બાળસાહિત્યકાર ડૉ. શ્રદ્ધા ત્રિવેદીએ વાચનમાળાથી કેળવણીની ભૂમિકા, નવી શક્યતા/દિશામાં ઉઘાડ સાથે ગુજરાતી બાળવાર્તા વિશે ઉલ્લેખ કરી બાળવાર્તા સર્જનમાં વાર્તાશાસ્ત્ર, દક્ષિણામૂર્તિનું બાળસાહિત્યમાં પ્રદાન અને બાળભોગ્યતા માટે સૂઝ ખોલી આપવા માટે ગિજુભાઈ બધેકાનો તબક્કાવાર (Mile Stone) સીમાચિહ્ન તરીકે ઉલ્લેખ કર્યો છે. બાળસાહિત્યની તબક્કાવાર વિકાસરેખા દર્શાવતાં તેમણે જીવનવ્યવહારજ્ઞાન અને દર્શન, રસ, રમૂજ માટે બકોર પટેલની રસાળકથા, ગાંડીવ, બાળજીવન, બાળવિનોદ જેવી ચારેક સંસ્થાઓ, ઊંચા ગજાનાં બાળ સાહિત્યકારોની કલમે સત્ત્વશીલ સાહિત્ય સર્જન, બાળવાર્તામાં શેખચલ્લી જેવાં રમૂજી પાત્રો, જયભિખ્ખુનું જીવન ઘડતરલક્ષી બાળસાહિત્ય, મેઘાણીની બાળવાર્તાઓ સહિત વિવિધ દિશાઓમાં બાળસાહિત્યના વિકાસના પ્રભાવે ડૉ. શ્રદ્ધા ત્રિવેદીએ ચોથા પાંચમા દાયકાને બાળસાહિત્યનો સુવર્ણકાળ ગણાવ્યો છે. બાળસાહિત્ય બાળકોને પ્રિય બને એ હેતુથી વિજ્ઞાન આદિ વિષયનું વૈવિધ્ય, પાત્રનિર્માણ કરતી વાર્તાઓ, મૌલિક કથાઓ, વાર્તાવરણ અને બાળચિત્રકથામાં રમણલાલ સોની, જીવરામ જોશી, મૂળજીભાઈ ભટ્ટની બાળકિશોરકથાઓ માટે પણ ચોથો-પાંચમો દાયકો મહત્ત્વની ભૂમિકા સર્જે છે. ૧૯૬૦ અને તે પછી ૧૯૮૦ના ગાળામાં લખાયેલાં બાળનાટકોની લેખન, દિગ્દર્શન, અભિનય અને મંચન વિશેની સદષ્ટાંત ચર્ચા સાથે કેટલાંક બાળચરિત્રોને પણ ઉલ્લેખનીય ગણાવ્યાં છે. આ ગાળામાં અને છેક ૨૦૧૪ સુધીનાં બાળકાવ્યોમાં નવીન વિષયો, અભિવ્યક્તિની નૂતનતા, નવા લય-લહેંકા અને સર્જકતા માટે રક્ષા દવે, રમેશ ત્રિવેદી, વિરંચિ ત્રિવેદી અને કીર્તિદા બ્રહ્મભટ્ટનો ઉલેલેખ કર્યો છે.

આમ ડૉ. શ્રદ્ધા ત્રિવેદીએ વિભાગવાર બાળસાહિત્યની ગતિવિધિ અને તેમાં ધ્યાન ખેંચે તેવા વિકાસ નિમિત્તે, કૃતિ, કર્તા, સત્ત્વશીલ સર્જન, પ્રત્યેક દાયકામાં ઉપસતી બાળસાહિત્યની છબી, બાળસામયિકો, સંસ્થાઓ, પ્રવૃત્તિઓ ઉપરાંત ચિલ્ડ્રન યુનિવર્સિટી, બાળસાહિત્ય અકાદમી, બાળ વિશ્વકોશ, જેવાં બાળસાહિત્યને સ્પર્શતાં વિવિધ પાસાંઓને આવરી લઈ સમગ્ર ગુજરાતી બાળસાહિત્ય પર પ્રકાશ પાડતો, મહત્ત્વના બધા જ મુદ્દાઓને સ્પષ્ટ કરતો, મહત્ત્વપૂર્ણ દસ્તાવેજી લેખ આપ્યો છે.

સર્વાંગ બાળવિકાસ માટે રમીલાબહેન નાયકે કહ્યું છે કે નવજાત અવસ્થામાં બાલ્યાવસ્થાના પ્રત્યેક તબક્કાઓએ બાળસાહિત્યને પૂરક/પોષક સાબિત કર્યું છે. ગર્ભસ્થ શિશુના સંસ્કારસિંચનમાં ધર્મ ગ્રંથોનાં વાચન, પ્રેરક બાળગીતોનો ફાળો મહત્ત્વનો છે. ત્યાર પછી ક્રમિક વિકાસમાં લય માધુર્ય અને બાળકલ્પના જગાવતાં હાલરડાં, બાળમાનસમાં બુદ્ધિ અને ગુંજનક્ષમતા માટે જોડકણાં અને ઉખાણાં, બાળભાષા માટે રમતો અને રમકડાંનાં ગીતો, જ્ઞાન-માહિતી માટે ઋતુ, પશુ, પંખી, ઉત્સવ ગીતો, પરિવાર અને સંસ્કાર-સંસ્કૃતિનાં ગીતો ધરાવતું બાળસાહિત્ય આપણી મૂલ્યવાન સમૃદ્ધિનો

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ખજાનો છે. આધુનિક ઉપકરણોના આક્રમણની સામે પડકાર, ટક્કર, સાથે સંસ્કારબોધ આપતું આપણું બાળસાહિત્ય ઉત્તમ અસરકારક છે.

જીવન ઘડતર સંદર્ભે રેખાબહેન ભટ્ટે બાળવાર્તાને કેન્દ્રમાં રાખીને અને યાહ્યા સપાટવાલાએ બાળગીતોને આધારે સદષ્ટાંત ચર્ચા કરી છે. પંચતંત્ર, ઈસપની વાર્તાને ભવ્ય વારસો ગણાવી રેખાબહેને સંસારદર્શન અને જીવન વ્યવહારજ્ઞાન માટે બકોર પટેલની કથાઓ, પાત્રસૃષ્ટિ અને હાસ્યનિષ્પત્તિ માટે 'તારક મહેતાના ઉલ્ટા ચશ્મા'ને તપાસી બાળ-કિશોરો માટેની ઉપલબ્ધિઓ દર્શાવી છે. યાહ્યા સપાટવાલાએ કુતૂહલપ્રેરક પશુ-પંખીની ચેષ્ટાઓ, મૂલ્યશિક્ષણ, અને જ્ઞાન સાથે ગમ્મત આપતા બાળસાહિત્ય અંતર્ગત હાલરડાની શિશુકાવ્ય તરીકે મહત્ત્વની ભૂમિકા સ્પષ્ટ કરી છે.

દિલીપકુમાર ધોરિયા સર્જાતા બાળસાહિત્ય માટે કેટલીક સ્વરૂપલક્ષણની દૃષ્ટિએ, ઉત્તમ બાળઘડતરના સંદર્ભે અપેક્ષાઓ, સૂચનો અને તકેદારીઓ આપે છે. માત્ર ને માત્ર મઝા પડે, એવી આનંદની સૃષ્ટિ બાળવિશ્વની વિશેષતા હોવાથી એમાં વિષય, ભાવ, રસ, યાત્રાપ્રસંગ, ભાષા, અને દશ્યના નિરૂપણમાં બાળકની વય/રુચિને પ્રેરક/પોષક તેમજ, ઉપકારક ના હોય તેવા કેટલાક નિષેધ જણાવ્યા છે. બાળક કુદરત અને ભાષામાં રસ લેતો થાય તેવા બાળસાહિત્યની અપેક્ષા રાખી, ચિત્રવાર્તા અને ચિત્રાત્મકતાને આવકાર્ય લેખી છે.

બાળનાટકની સ્થિતિ, વ્યાપ, વિકાસને લક્ષમાં રાખી, દિગીશ વ્યાસે ગુજરાતી બાળનાટકના વિકાસ અને ચિંતા/ચિંતન સહિત ગુજરાતી બાળનાટકોના ઉજ્જવળ ભવિષ્ય વિશે ચર્ચા કરી છે. નાટ્યલેખન, દિગ્દર્શન અને અભિનય સમયે તેમણે નાટકનો હેતુ, ઉદ્દેશ, અપેક્ષા, વિષયનિરૂપણ, કથાતત્ત્વ, ગદ્ય, પદ્ય, ભાવ, રસ, પાત્ર, પ્રસંગમાં ઔચિત્ય, દશ્યનિર્માણ, આનંદતત્ત્વની માવજત અને વિવેકને ધ્યાનમાં રાખી તેમણે ગુજરાતી બાળનાટકની દિશા ચીંધી છે. લેખકે પોતાના મતના સમર્થનમાં પૂર્તતા, સ્પષ્ટતા માટે દષ્ટાંત પણ આપ્યાં છે.

ધો. ૬ થી ૮ના અભ્યાસક્રમમાં બાળસાહિત્યની કૃતિઓ વિશે વાત કરવાના જિજ્ઞા રાણાએ બાળવય, રસરુચિ, સમયાવધિ, વૈવિધ્ય, લક્ષ્યાંકો, ઉદ્દેશ્યો, ભાષાનાં કૌશલ્યો, ભાષાશિક્ષણ, કૃતિની ગુણવત્તા, પદાર્થપાઠ, ગદ્ય/પદ્ય, વ્યાકરણ. મૂલ્યસ્થાપન અને બાળઘડતર તેમજ વિકાસને ધ્યાનમાં લઈ કરેલાં સૂચનો બાળકના હિતમાં છે. તેમાં પણ પાઠ્યસામગ્રી અને પાઠ્યપુસ્તક માટેનો પરીક્ષાલક્ષી અભિગમ ઉપરાંત જીવનલક્ષી હોય એ સૂચન સર્વથા હિતકારી છે.

આ ગ્રંથમાં બાળવાર્તા વિશેના કેટલાક મુદ્દાઓની પણ રસપ્રદ ચર્ચા છે. પંચતંત્રને નજર સમક્ષ રાખી કૌશી ચાવડાએ બાળવાર્તામાં બાળભોગ્યતા, કથાનક વાર્તાની શૈલી, વાર્તાવિશ્વ અને જીવનબોધ જેવાં વિવિધ અંગોની સમજ આપી છે. જુદાં જુદાં પાંચ તંત્ર, એમાં આવતો મુખ્ય કથાતંતુ, એને રસપ્રદ બનાવતી આડકથાઓ, પશુપંખી દ્વારા માનવસ્વભાવ દર્શન અને જીવનનું ડહાપણ, સદષ્ટાંત કથાઓ, બાળકોને આજપર્યંત પ્રિય હોવાનું જણાવ્યું છે. આ કથાઓની બાળમોજ રંજકતા, બોધપ્રદ, પ્રેરક, ગુણદર્શી, પૂરક/પ્રેરક સુભાષિતો, જીવન વ્યવહાર, રાજનીતિ, પશુપંખીની બાળકોને મનગમતી સૃષ્ટિ જેવી વિશેષતાઓની નોંધ લીધી છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અર્ચના પંડ્યા બાળવાર્તા અને બાળકથાઓને અલગ અભિગમથી જુએ છે. તેમણું એ વિધાન યથાર્થ સાચું છે કે બાળસાહિત્યના સર્જકો હંમેશા કોઈને કોઈ પદ્ધતિથી ભાવી પેઢી ઘડવાનું ધ્યેય પાર પાડે છે. એ સાથે સર્જક જ્ઞાન સાથે ગમ્મત, હળવાશ, જાળવીને બાળકની સૂઝના વિકાસને પણ ધ્યાનમાં રાખે છે. એમ પણ કહેવું જોઈએ કે આ રીતે સર્જક ભાર વિનાના ભણતરનો હેતુ પણ સિદ્ધ કરે છે. વ્યક્તિત્વ વિકાસ અને જીવનઘડતર માટેના સદ્‌ગુણોનું ભાથું પણ બાળકથાઓ અને વાર્તાઓ બાંધી આપે છે. આ સત્ય તેમણે સુંદરમ્‌ની બાળકથાઓના આધારે સૂચવ્યું છે. વ્યક્તિઓનો સમૂહ જ સમાજ રચે છે. એ સિદ્ધાંતે વ્યક્તિ દ્વારા મજબૂત સમાજ ઘડવાનું, બાળસાહિત્ય પાયાનું કામ કરે છે.

કોશા આચાર્યએ સુંદરમ્‌ના 'રંગરંગ વાદળિયા'ની કાવ્યસૃષ્ટિને નવરંગી કહી છે. ૬૩ કાવ્યોનું શિશુકાવ્ય, બાળકાવ્ય અને કિશોરકાવ્યના ત્રણ વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે. લેખિકા વર્ગવાર કાવ્યોની વિશેષતાઓ દર્શાવે છે. પ્રથમ વિભાગમાં શબ્દચિત્રો, રવાનુકારી શબ્દો, લય દર્શાવતાં આવર્તનો, તેથી અનુભવાતું સંગીત, સમુચ્ચારી તેમજ ક્રિયા અને ક્રિડાસૂચક શબ્દોની સરળ પદ્ધતિનાં કાવ્યો શિશુવયને સ્પર્શે તેવાં, તેમની રસ, રુચિ, ક્ષમતા અને સમજને અનુરૂપ કહ્યાં છે. બાળકાવ્યો શિશુવયનાં કાવ્યોથી સહેજ ઉચ્ચસ્તરીય લાગશે. તેમાં બાળભોગ્ય વિષયોની અભિવ્યક્તિ, પ્રાસ, ગેયતા અને ગમ્મતની વિશેષતા, ઉપરાંત એ કાવ્યોમાં કલ્પના, પ્રકૃતિની રમણીયતા ઉલ્લાસ પ્રેરિત મનોભાવને ખીલવે છે. જ્યારે કિશોરકાવ્યો વય અનુસાર અનુભવો, દૃષ્ટાંત, કથાતત્ત્વ, ગુણપ્રેરક વિષયવસ્તુ, દૃશ્યાંકનો, સમજ કેળવાયા પછીની કાર્યશીલતા, તર્કપ્રેરક, જેવી વિશેષતાઓ સાથે નિરૂપણમાં પણ તે શિશુકાવ્યો અને બાળકાવ્યોથી અલગ અનુભવાય છે.

નિવ્યા પટેલે મેઘાણીનાં બાળકાવ્યોને નારીબોધની દૃષ્ટિએ જોયાં છે. 'શિવાજીનું હાલરડું', 'તલવારનો વારસદાર', 'ચારણકન્યા', 'માની યાદ,' અને 'કજિયાળો'ને તેમણે અનુક્રમે હાલરડાં દ્વારા બાળઉછેર અને સંસ્કાર સિંચન, શૂરવીરતાનો મહિમા, માતૃસ્મરણ અને બાળસંવેદન પ્રેરક બાળકાવ્યો ગણાવ્યાં છે. લેખિકાએ કાવ્યોને ભાવપોષક ભાષા, લોકલય,, બોલીથી અનુભવાતા પોતીકાપણાની વિશેષતા ધરાવતાં બાળકાવ્યો તરીકે પ્રમાણિત કર્યાં છે.

મૌલિકા પટેલે રમૂજપ્રેરક પાત્રો, મનોરંજક પાત્રો, વિશિષ્ટ પ્રકારનાં નામનિર્દેશ, નીતિબોધ, સદ્‌ગુણ અને જીવનમૂલ્યો, ભેરુનો ભાવ પ્રગટાવતી બાળભાષા, અને બાળવિશ્વમાં રસમય જીવન જીવતાં બાળકોની સાથે નિડરતાનો અનુભવ કરાવતી રમણલાલ સોનીની વાર્તાસૃષ્ટિની વિશેષતાઓ દર્શાવી કથાનકના ગદ્ય-પદ્યમાં ઝરણાં, 'લાડુની યાત્રામાં નિષ્પન્ન થતું હાસ્ય ધ્યાનાર્હ દર્શાવ્યું છે. લેખિકાએ ગાયનો ગોલો, ગીધ અને વાંદરા, ગલબો શિયાળ, ભગવાનના ટીંબાનો કજિયો, ગલબો વહુની જીભ ટીપાવે છે, પકડકાન, કંજૂસકાકા, જેવી મૂલ્યબોધદર્શી, રમૂજપ્રેરક કથાનક અને મનોરંજનપ્રેરક વાર્તાઓને આધારે રમણલાલ સોનીનું બાળવાર્તાક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન ગણાવ્યું છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વર્ષા પ્રજાપતિએ રમેશ પારેખનાં બાળકાવ્યોનું મૂલ્યાંકન કર્યું છે. રમેશ પારેખની બાળકાવ્યસૃષ્ટિને સાત વિભાગોમાં વિભાજિત કરી, તેમાં પશુ/પંખી જગત, ફળ પરિચય, જ્ઞાનગમ્મત અને બાળમનોવૃત્તિના વિષયો પર આધારિત તેમની બાળકવિતાને દર્શાવી છે. એમનાં કાવ્યોમાં બાળકની દલીલમાં તર્ક દૃષ્ટાંત, બાળકની વૃત્તિનું સ્પષ્ટદર્શન, બાળકના ઊર્મિલ મનને ખોલવામાં પશુ/પંખીની ચેષ્ટાનો ફાળો, રવાનુકારી શબ્દોની ગૂંથણીથી ભાવપોષક સુરેખ દૃશ્યાંકન, અનુરણન અને રવાનુકારિતા દ્વારા લય, ગેયતા, હાસ્ય, મનોરંજન, જ્ઞાન-વિજ્ઞાન ગમ્મત, બાળમનોભાવને ખીલવે છે.

હિના દેસાઈએ અરૂણિકા દરૂની પાંચ બાળવાર્તાને આધારે બાળસાહિત્યની આવશ્યકતા અને મહત્તા દર્શાવી છે. અટકચાળાનું પરિણામ, માફ કરવાની મઝા, અને ગધેડાની પૂંછમાંથી તારણ રૂપે મનોરંજન અને ઘડતરનો નિર્દેશ લેખિકાએ કર્યો છે. બિલ્લી વાઘ તણી માસી અને વરદાન વાર્તાને આધારે જિજ્ઞાસાવૃત્તિ અને તર્કશક્તિનો વિકાસ નોંધ્યો છે. તદ્દુપરાંત 'બિલ્લી વાઘ તણી માસી' બાળમનોરંજન તેમજ વાણીનું વરદાન વાર્તામાં પક્ષીની બોલી બાળવિસ્મય માટે પ્રેરક બની રહે છે. સાર્થક જોડકણાંવાળી વાર્તાની રચનારીતિ પણ ધ્યાનાર્હ છે. વાર્તાઓની રચનાશૈલી અને વિષયનું નાવીન્ય પણ ઉલ્લેખનીય છે. કથાનકમાં ક્રિયાવેગ માટે જોડકણાં પણ ઉપકારક છે. હિના દેસાઈએ તાટસ્થ્ય જાળવી લેખને અંતે કેટલાંક સૂચનો પણ કર્યાં છે. લેખિકાએ વાર્તાનાં કલાતત્ત્વોને નજર સમક્ષ રાખી વાર્તાઓનું મૂલ્યાંકન કર્યું છે.

જયંત ઉમરેઠિયાએ 'શૈશવના ઉપવનમાં' ને સર્જકની પ્રતિબદ્ધતાના સફળ પ્રયોગ રૂપે ઓળખાવ્યો છે. સંગ્રહનાં ગીતોમાં લય, વૈવિધ્ય, રજૂઆત સાથે કવિએ બાળકોની સુષુપ્ત લાગણીઓને વિકસાવવાનું કામ કર્યું છે. બાળકની અપેક્ષાએ શાળાનું વાતાવરણ, શિક્ષણપદ્ધતિ, કેળવણીક્ષેત્રે સૂચિત સુધારા એમનાં કાવ્યોમાં સહજ ગૂંથાઈને આવે છે. સર્જક વિરંચિ ત્રિવેદીએ આ સંગ્રહમાં મન ભરીને પ્રકૃતિનો મહિમા ગાયો છે. ઉત્સવગીતોમાં મોજમસ્તી છે તો સમયનું મૂલ્ય કુતૂહલ સાથે સંવાદ રચી બાળભોગ્ય બનાવે છે. કાવ્યોમાં જ્ઞાન ગમ્મત સાથે ગૂંથાઈને આવે છે. રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દો પ્રયોજવાનું કવિનું કૌશલ ઉલ્લેખનીય છે. કાવ્યમાં નવા વિષયો, પરંપરાગત કાવ્યમાં આવતા વિષયોને નવી અભિવ્યક્તિથી રજૂ કરવામાં, વિષય અને ભાવવૈવિધ્યથી ભાવકને અનુભવ કરાવવાનું, સામર્થ્ય જોતાં 'શૈશવના ઉપવનમાં' બાળસાહિત્યમાં નવી આશાઓ જગાવે છે.

આમ ભારતીય ભાષાઓમાં બાળસાહિત્ય વિશેનાં વિવિધ પાસાંઓને શક્ય તેટલા પ્રયત્ને આવરી લેતા પરિસંવાદની ઉત્તમ ફલશ્રુતિરૂપે તૈયાર થયેલ આ ગ્રંથ, બાળસાહિત્યનો દૃષ્ટિવંત લેખસંચય છે.

વિરંચિ ત્રિવેદી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सौंदर्यलहरी

(शंकराचार्यविरचिता)

(Text in Sanskrit with Translations in English, Hindi, Marathi and Gujarati with Multi-Colour Pictures)

Edited by
R. I. NANAVATI

Translation
English : HARISH ZAVERI
Hindi : RADHAVALLABH TRIPATHI
Marathi : SAROJA BHATE
Gujarati : R. I. NANAVATI

General Editor
M. L. WADEKAR

First Edition 2013

Price : Rs 1000

Copies available at :

The University Publications Unit
A. I. C. S. Building
Opp. C. C. Mehta Auditorium
Pratapgunj, Vadodara - 390002
Ph. No. 0265 2781700

The University Facilitation Centre
Below University Head Office
Fatehgunj
Vadodara - 390002
Ph. No. 0265 2795555

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

प्राच्यविद्यामन्दिर की वार्षिक गतिविधियाँ - २०१९-२०२०

वर्ष २०१९-२० के अन्तिम चरण में वैश्विक महामारी **कोरोना** अथवा **कोविड-१९** के कारण संस्था की गतिविधियाँ विशेष रूप से प्रभावित हुई । पचास दिन से भी अधिक समय तक संस्था के क्रिया कलाप ठप्प रहे । यद्यपि लॉक-डाउन के समय **वर्क फ्राम होम** के अन्तर्गत कुछ क्रियात्मकता रही तथा दि. १८ मई २०२० से नियमों मे शिथिलता के अन्तर्गत संस्था ने अंशकालिक रूप से कार्य करना आरम्भ किया । अब पिछले १ जून २०२० से यह पूर्ण रूप से कार्यरत है । फरवरी २०२० तक प्राच्यविद्यामन्दिर में शोध, प्रकाशन, व्याख्यान-आयोजन, हस्तप्रतिलिपि की प्रतिच्छाया सम्बन्धित आवेदनों की पूर्ति जैसी संस्था की स्वाभाविक व्यस्तता रही । सेमीनार/कार्यशाला आदि का आयोजन लॉक-डाउन के कारण नहीं हो सका क्योंकि उनका आयोजन फरवरी-मार्च में किया जाना था ।

अप्रेल २०१९ से २१ मार्च २०२० तक आयोजित गतिविधियाँ इस प्रकार रही -

पाण्डुलिपि-रक्षण एवं संरक्षण परियोजना

नेशनल मिशन फॉर मेन्युस्क्रिप्ट नई दिल्ली ने प्राच्य-विद्यामन्दिर, वडोदरा को **पाण्डुलिपि-रक्षण एवं संरक्षण परियोजना** के लिए गुजरात क्षेत्र का **संसाधन केन्द्र (रिसोर्स सेन्टर)** चुना है । संस्था में यह परियोजना दि. १.३.२०१९ को आरम्भ हुई । लम्बे समय तक चलने वाली इस परियोजना में अभी तक इसके अन्तर्गत ३०००० **पाण्डुलिपि**-पृष्ठों को धूल एवं अन्य क्षतियों से मुक्त कर उनका उपचार किया गया है ।

पाण्डुलिपि-विभाग (मेन्यूस्क्रिप्ट सेक्शन)

प्राच्यविद्यामन्दिर मूलतः पाण्डुलिपि-पुस्तकालय है । इसी कारण से समस्त विश्व के विद्वान यहाँ हस्तप्रत की प्रतिछाया लेने के लिए स्वयं आते है अथवा डाक (अब ई-मेल द्वारा) द्वारा उसको प्राप्त करते है । इस वर्ष हमने ९० पाण्डुलिपियों की प्रतिछाया ३० विद्वानों को उपलब्ध करायी ।

इस वर्ष संस्था को ३३ मूल पाण्डुलिपियाँ मुम्बई और बडोदरा के सुधिजनों से दान-स्वरूप में प्राप्त हुई हैं।

समीक्षित-आवृत्ति विभाग (क्रिटिकल-एडिशन विंग)

संशोधित-आवृत्ति विभाग कि स्थापना **वाल्मीकि-रामायण** की संशोधित आवृत्ति परियोजना हेतु की गयी थी । परवर्ती काल में इस विभाग ने **विष्णुपुराण** एवं **मार्कण्डेयपुराण** की भी संशोधित आवृत्तियाँ बना कर संस्था को और उज्जवल किया । इस समय यह विभाग **वायुपुराण** की संशोधित आवृत्ति तैयार करने में व्यस्त है जिसके

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

अन्तर्गत **गयामाहात्म्य** का परितुलन/कोलेशन किया जा रहा है जहाँ चार पाण्डुलिपियों के एक से लेकर आठ अध्याय कोलेट किये जा चुके है । **वायुपुराण के एक से लेकर पैतालिस अध्याय की अन्विति तैयार हो चुकी है । एक से दस अध्यायों की प्रेस कापी की जाँच हो चुकी है । बासठवें अध्याय के संशोधित पाठ का टंकण कार्य हो चुका है ।**

मुद्रित - विभाग (लाइब्रेरी)

प्राच्यविद्यामन्दिर का मुद्रित ग्रन्थागार अनेक मूल्यवान पुस्तकों की प्रथमतम आवृत्ति के अधिकारी के रूप में विख्यात है । अनेकों भाषाओं में प्राच्य-साहित्य की पुस्तकों, भारतीय-विद्या (इन्डोलॉजी) की पत्रिकाओं के आकर्षण से अनेक विद्वान यहाँ दौडे चले आते हैं । हमारी संस्था द्वारा प्रकाशित पत्रिकाओं **जर्नल ऑफ ओरियेन्टल इंस्टीटयूट** (जे ओ आई) तथा **स्वाध्याय** के एवज में हमें १०८ पत्रिकायें निःशुल्क प्राप्त होती हैं । इस वर्ष हमें २८५ पत्रिकायें प्राप्त हुई हैं । २१९ नयी पुस्तकें हमारे पुस्तक-भंडार में सम्मिलित हुई हैं । बहुधा विद्वान-गण किसी पुस्तक-विशेष की डिजिटाइज कॉपी अथवा **गायकवाड ओरियेण्टल सीरीज** की पुस्तक की डिजिटाइज कॉपी या फिर हमारी पत्रिकाओं में छपे पुराने लेखों की प्रतिकृति की मॉग करते हैं तो उन्हें हम वह भी उपलब्ध कराते हैं । इस वर्ष हमने गायकवाड सीरीज की पॉच पुस्तकों की डिजिडल कॉपी, सयाजी साहित्यमाला का तीन पुस्तकों तथा जे ओ आई के तीन आलेखों की डिजिटल कॉपी विद्वानों को उपलब्ध करवायी हैं ।

संस्था के प्रकाशन

इस वर्ष **जर्नल ऑफ ओरियेन्टल इंस्टीटयूट** का **६८वॉ अंक** तथा **स्वाध्याय** का ५५वॉ अंक प्रकाशित किया गया हैं । दोनो पत्रिकाओं के अगले अंक प्रकाशाधीन है । गुजराती भाषा में **चरकनो स्वाध्याय, वडोदरा राज्यनो इतिहास** तथा संस्कृत में **संगीतमकरन्द, शक्तिसंगमतंत्र** (भाग तीन और चार) के पुनर्मुद्रण का कार्य चल रहा है ।

परिसंवाद तथा व्याख्यान

इस वर्ष संस्था में कुछ अतिविशेष संगोष्ठियों तथा व्याख्यानों का आयोजन किया गया -

१. दिनांक २८.८.२०१९ को प्रो. भगवतशरण शुक्ल, व्याकरण विभाग, बनारस हिन्दु विश्वविद्यालय, वाराणसी, ने **संस्कृत अध्यापन की प्राचीन व आधुनिक पद्धतियों** पर एक व्याख्यान दिया । यह व्याख्यान **एकस्ट्रा म्युरल लेक्चर शृंखला** के अन्तर्गत आयोजित किया गया ।

२. दिनांक १८.११.२०१९ को संस्था में अमेरिका स्थित प्रवासी गुजराती कवि **श्री चन्द्रकान्त देसाई** के सम्मानार्थ एक संगोष्ठी का आयोजन किया गया । गुजरात साहित्य अकादेमी तथा प्राच्य-विद्यामन्दिर, वडोदरा द्वारा आयोजित इस कार्यक्रम की अध्यक्षता केन्द्रीय विश्वविद्यालय सागर (म.प्र) के कुलपति डॉ. बलवन्त जानी ने की।

३. दिनांक ३०.१२.२०१९ को महर्षि पाणिनि संस्कृत एवं वैदिक विश्वविद्यालय के पूर्व उप-कुलपति प्रो.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

मिथिला प्रसाद त्रिपाठीजी ने **कालिदास के मेघदूत** पर दो व्याख्यान एकस्ट्रा म्युरल लेक्चर शृंखला के अन्तर्गत प्रस्तुत किये।

४. दिनांक ०१.०१.२०२० को **भारत-गौरव पंडित के. एस. रामास्वामी शास्त्री पुरस्कार** का भव्य शुभारम्भ शास्त्रीजी के परिवारजनों के द्वारा प्राच्य-विद्यामन्दिर में किया गया । इसके अन्तर्गत पहला पुरस्कार दो विख्यात विद्वानों - श्री लालबहादुर शास्त्री केन्द्रीय संस्कृत विद्यापीठ, दिल्ली के प्रो. विष्णुपद महापात्र तथा श्री सोमनाथ संस्कृत विश्वविद्यालय, वैरावल के डॉ जानकीशरण आचार्य को प्रदान किया गया । कार्यक्रम के मुख्यातिथि साउथ गुजरात यूनिवर्सिटी के पूर्व उपकुलपति प्रो. आर. जी कोठारी व अध्यक्ष रूप में महर्षि पाणिनी संस्कृत एवं वैदिक विश्वविद्यालय के पूर्व उपकुलपति प्रो. मिथिला प्रसाद त्रिपाठीजी रहे । इस कार्यक्रम में पं. रामास्वामी शास्त्रीजी के परिवार के छः सदस्य भी उपस्थित रहे जो दुबई, मुम्बई और बेंगलुरु से आये थे ।

५. दिनांक २.१.२०२०को **एकस्ट्रा म्युरल लेक्चर शृंखला** के अन्तर्गत श्री लालबहादुर शास्त्री केन्द्रीय संस्कृत विद्यापीठ, दिल्ली से पधारे प्रो.विष्णुपद महापात्र ने **न्याय-दर्शन का इतिहास** विषय पर रोचक व्याख्यान दिया ।

६. दिनांक १०.१.२०२० को राष्ट्रीय पाण्डुलिपि मिशन, दिल्ली तथा इन्दिरा गांधी राष्ट्रीय कला-केन्द्र, वडोदरा क्षेत्र ने प्राच्यविद्यामन्दिर और फेमिली एण्ड कम्युनिटी साइन्स, म.स.वि.वि. के साथ मिल कर समवेत रूप से एक व्याख्यान का आयोजन किया । व्याख्यान का विषय था **भारत की पाण्डुलिपि-सम्पदा : हमारी विरासत का कोष** जिसे प्रस्तुत किया इन्दिरा गांधी राष्ट्रीय कला-केन्द्र, दिल्ली के सदस्य-सचिव डॉ सच्चिदानन्द जोशीजी ने। यह व्याख्यान राष्ट्रीय पाण्डुलिपि मिशन, दिल्ली के **तत्त्वबोध-व्याख्यानमाला** के अन्तर्गत आयोजित किया गया।

७. दिनांक १५.२.२०२० को दिल्ली विश्वविद्यालय के संस्कृत विभाग के प्रवक्ता और सम्प्रति इन्डियन इंस्टिटयूट ऑफ एडवान्स्ड स्टडीज, शिमला में विशेष परियोजना में कार्यरत संस्कृत, फारसी और प्राकृत के विद्वान डॉ बलराम शुक्ल ने **एकस्ट्रा म्युरल लेक्चर शृंखला** के अन्तर्गत **लिंग्विस्टिक फीचर्स ऑफ प्राकृत : कॉसिंग इट्स पोएटिक एक्सीलेन्स** पर व्याख्यान दिया ।

प्राच्यविद्यामन्दिर के अभ्यागत (विजिटर्स)

प्राच्यविद्यामन्दिर में प्रतिवर्ष पाण्डुलिपि और पुस्तकों की खोज में केवल विद्वान ही नहीं बल्कि स्कूल-कॉलेजों के छात्र, सरकारी संस्थाओ के कर्मचारी, समाज के हर स्तर का व्यक्ति, कभी स्थानीय तो कभी बाहर विदेशों से लोग हमारी समृद्ध विरासत के दर्शन करने आते हैं ।

समूह में आने वाले लोगो में - गुजरात रिफाइनरी, वडोदरा से १०८ छात्र; बम्बई यूनिवर्सिटी से १५ व्यक्ति नवजीवन हाईस्कूल बग्घीखाना से कक्षा १२ विज्ञान प्रवाह के ६ विद्यार्थी; म.स.वि.वि. वडोदरा के लाइब्रेरी साइन्स विभाग के १९ विद्यार्थी; संस्कृत-भवन, सौराष्ट्र वि.वि. राजकोट से २५ विद्यार्थी; नेचर वॉक ग्रुप के ७ सदस्य; अखिल भारतीय कडवा पाटीदार समाज, कच्छ के ८ सदस्य; २ जैन साधु मुख्य रहे । इन लोगो के अतिरिक्त कुछ उल्लेखनीय अभ्यागत अकेले ही संस्था की मुलाकात करने आये -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

संस्था में आये विशिष्ट अभ्यागत

क्रम सं	नाम एवं पता	दिनांक
१.	प्रो. भगवती प्रसाद, उप-कुलपति, गौतम बुद्ध वि.वि. ग्रेटर नोएडा, दिल्ली	११.८.२०१९
२.	श्री नवजीवन सिंह, आई.ए.एस., लोकसभा चुनाव पर्यवेक्षक टीम (चार सदस्य) के साथ	१२.४.२०१९
३.	प्रो. भगवतशरण शुक्ला, अध्यक्ष व्याकरण विभाग, संस्कृत-विद्या धर्म-विज्ञान संकाय, काशी हिन्दु वि.वि. वाराणसी	२९.८.२०१९
४.	डॉ सौम्या मंजुनाथ, ६/८ लेयार रोड, कोलम्बो-७ (श्रीलंका)	१८.७.२०१९
५.	डॉ डिम्पल कौर, डान्स थेरेपिस्ट, ग्रेटर कैलाश-१, दिल्ली	२५.७.२०१९
६.	सुश्री पारुल मशर, असि. मैनेजर, बैंक ऑफ बडौदा, अलकापुरी ब्रांच, वडोदरा	४.९.२०१९
७.	श्री दिनेश कामत, सचिव, अखिल भारतीय संस्कृत- भारती, २५ दीनदयाल उपाध्याय मार्ग, नई दिल्ली	१६.६.२०१९
८.	डॉ डी. के. सिंहदेव, सहा. प्राध्यापक, राष्ट्रीय संस्कृत संस्थान, भोपाल परिसर, भोपाल	१५.१०.२०१९
९.	श्रीमती रेवती डभोलकर, गृहिणी, आर. वी. देसाई रोड, वडोदरा	१३.११.२०१९
१०.	श्री चन्द्रकान्त के. पटेल, सचिव, अखिल भारतीय कड़वा पाटीदार समाज, मुम्बई	१६.११.२०१९
११.	श्री सुरेश सोनी, राष्ट्रीय स्वयं सेवक संघ, नागपुर	१०.२.२०२०
१२.	सुश्री कविता काणे, लेखिका (अंग्रेजी), पुणे	२५.२.२०२०
१३.	श्री जिग्नेश एम. पटेल, जिला शिक्षा कार्यालय, गोधरा	२.३.२०२०
१४.	डॉ दिलीप कुमार कार, असि. डायरेक्टर (रिसर्च), श्री कालकाजी वैदिक वि.वि., निम्बहेरा (राज.)	९.३.२०२०

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

Statement about the ownership and other particulars about newspapers

SVĀDHYĀYA (સ્વાધ્યાય)

(To be published in each issue)

FORM IV

(See Rule 8)

1.	*Place of the Publication :*	**Oriental Institute** The Maharaja Sayajirao University of Baroda Vadodara-390 001
2.	*Periodicity of its Publication :*	**Annual**
3.	*Printer's Name :* *Nationality :* *Address :*	**Jatin H. Somani** Indian Manager, The Maharaja Sayajirao University of Baroda Press (Sadhana Press) Vadodara - 390 001
4.	*Publisher's Name :* *Nationality :* *Address :*	**Dr. Sweta Prajapati** Indian C-62, Akshardham Society Aksharchawk, Vadodara - 390 020
5.	*Editor's Name :* *Nationality :* *Address :*	**Dr. Sweta Prajapati** Indian C-62, Akshardham Society Aksharchawk, Vadodara - 390 020
6.	*Names & Addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital*	**The Maharaja Sayajirao University of Baroda** Maharaja Fatehsinghrao Gaekwad Road Vadodara - 390 002

I, Sweta Prajapati, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Dr. Sweta Prajapati
Signature of Publisher

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

लेखको से :

१. पृष्ठ के एक तरफ ही यूनिकोड फॉन्ट (१४ प्वाइन्ट में) टाइप कर आलेख की सॉफ्ट कॉपी निम्न ईमेल पर भेजें - director-oriental@msubaroda.ac.in
अस्वीकृत लेख वापस नहीं भेजे जायेंगे।

२. लेख में यदि उद्धरण, अन्य विद्धानों के मंतव्य आदि उद्धृत किये जाये तो उनका पूरा- पूरा विवरण देना अनिवार्य है। पादटीप (फुटनोट) में संदर्भ का विवरण देते समय इस क्रम में लिखें - लेखक अथवा संपादक/संशोधक का नाम (उपनाम/सरनेम पहले), पुस्तक का नाम, प्रकाशक, प्रकाशन-वर्ष, आवृत्ति (वोल्यूम/अंक संख्या), पृष्ठ संख्या।

३. स्वाध्याय में प्रकाशित सभी लेखों का प्रकाशन अधिकार (कॉपीराइट) प्रकाशक - प्राच्यविद्यामन्दिर, महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा के अधीन हैं। लेखक अथवा अन्य कोई व्यक्ति लेख का कोई भी अंश प्रकाशक की लिखित आज्ञा के बिना पुनः प्रकाशित नहीं कर सकता।

४. ग्रन्थों अथवा लेखक के लिये प्रयुक्त संक्षेप-शब्दों (एब्रीवियेशन) का प्रयोग करने से पहले उनका पूरा-पूरा रूप पहले उल्लेख किया जाना चाहिए, साथ ही आगे प्रयोग किया जाने वाला संक्षिप्त रूप भी संकेतित किया जाये ताकि पाठक को किसी प्रकार की दुविधा न हो।

५. पादटीप (फुटनोट) का क्रम पूरे लेख में लगातार रखा जाना चाहिए (संख्या एक से आरम्भ करके) तथा लेख में उन्हे यथा - स्थान निर्देशित करना चाहिए।

स्वाध्याय

स्वाध्याय एवं संशोधन की वार्षिक पत्रिका

संपादक : श्वेता प्रजापति

एक वर्ष में पत्रिका का एक अंक प्रकाशित किया जाता है जिसकी सदस्यता शुल्क निम्न रूप से है :

भारत में - ₹ १५०.०० (डाक व्यय सहित)

विदेश में - यूनाइटेड् स्टेट्स ऑफ अमेरिका के लिये - $ ५०.०० (डाक व्यय सहित)

सदस्यता-शुल्क निम्नलिखित पते पर चेक द्वारा भेजा जाना चाहिए -

नियामकश्री

प्राच्यविद्यामंदिर

महाराजा सयाजीराव विश्वविद्यालय, राजमहल गेट के पास

राजमहल रोड, वडोदरा - ३९०००१

फोन नं. ०२६५-२४२५१२१

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

लेखक - विवरण

Regd. No. 9219/63

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

- **કીર્તિદા શ્રેણિક શાહ**
  સ્વાશ્રય ૧/એ, એ.ડી.સી. બેંક સોસાયટી, સહજાનંદ કોલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૧૫
- **રસીલા કડીઆ**
  ૮, જયમા સોસાયટી, સેટેલાઈટ માનસી ક્રોસ રોડ, પાણીની ટાંકીની બાજુમાં, સેટેલાઈટ કોમ્પ્લેક્ષની બાજુમાં, અમદાવાદ-૩૮૦ ૦૧૫, M: 07926765442
- **જે. કે. ઉમરેઠિયા**
  પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા -૩૯૦ ૦૦૧
  M: 9427849843, Email: jkumrethiya70@gmail.com
- **શ્વેતા પ્રજાપતિ**
  પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા -૩૯૦ ૦૦૧
  M: 9898472669, Email: sprajapati22@yahoo.com
- **વિપુલ પટેલ**
  પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા -૩૯૦ ૦૦૧
  M: 9898656871, Email: vipul.1063@gmail.com
- **હર્ષલ ભટ્ટ**
  સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ, કલાસંકાય, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા -૩૯૦ ૦૦૨
- **વંદના લેલે**
  ૨૦૧, કેશવ, ગુરુપ્રસાદ સોસાયટી, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૦૭, Email: vandana.lele1@gmail.com
- **મણિભાઈ પ્રજાપતિ**
  કડી સર્વ વિશ્વવિદ્યાલય, એઈ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસ, સેકટર-૧૫, ગાંધીનગર-૩૮૨ ૦૧૫, M: 9601273836
- **वसन्तकुमार म. भट्ट**
  २, सुरभि अपार्टमेन्ट्स्, सुभाष सोसायटी, ईश्वरभवन के पीछे, नवरंगपुरा, अहमदाबाद - ३८० ००९
- **मनसुख के. मोलिया**
  संस्कृत भवन, सौराष्ट्र विश्वविद्यालय, राजकोट, M: 9687692933, Email: mansukh_moliya@yahoo.com
- **रवीन्द्रकुमार पण्डा**
  संस्कृत, पालि एवं प्राकृत विभाग, कलासंकाय, महाराजासयाजीराव विश्वविद्यालय, बडौदा-३९० ००२, M: 9974262038,
  Email: panda_rabindra@rediffmail.com
- **नन्दकिशोर मिश्र**
  प्राच्यविद्यामन्दिर, महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा, M: 9998807874, Email: mishrank187@gmail.com
- **शर्मिला बागची**
  प्राच्यविद्यामन्दिर, महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा - ३९० ००१, M: 9426947941,
  Email: bagchisharmila3@gmail.com
- **संस्कृति जैन**
  अकलंक शोधसंस्थान, कोटा, राजस्थान, M: 9352458768
- **बनमाली बिश्वालः**
  सेन्ट्रल संस्कृत विश्वविद्यालय, श्री रघुनाथ कीर्ति केम्पस, देवप्रयाग, पौडी गरवाल, उत्तराखंड - २४९३०१,
  M: 9450781742, 7839908471, Email: banamali7@gmail.com
- **વિરંચિ ત્રિવેદી**
  ૨, ગણેશશિવમ્ સોસાયટી, કારેલીબાગ, વડોદરા - ૩૯૦ ૦૧૮, M: 9904234291

સંપાદક અને પ્રકાશક : ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા વતી ડૉ. શ્વેતા પ્રજાપતિ, કાર્યકારી નિયામક, પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

મુદ્રક : જતીન એચ. સોમાણી, મેનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧, નવેમ્બર ૨૦૨૦

MSUP-4806-150+10-11-20